# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 247 ■ વિક્રમ સંવત ૨૦૮૧

આશ્વિન વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 October 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧૮ ઑક્ટોબર ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



વીકએન્ડપૂર્તિ ૭ ૮ ૯ ૧૦



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## કૉંગ્રેસમાંથી આવેલા અર્જુન મોઢવાડિયાને સિરપાવ, જીતુ વાઘાણી અને રિવાબા જાડેજાને લોટરી

# ગુજરાત કૅબિનેટમાં ઓબીસી, સૌરાષ્ટ્ર-કચ્છની બોલબાલા


SCAN FOR TODAY'S GOLD RATE

ANTARA GOLD RATE

શુભ ધનતેરસ

ANTARA GOLD & DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565



**વિષય : દીપાવલી પર્વ - 'સમાધિમરણ આરાધના' - ૩૬ માળાનો ક્રમ અને 'સ્મરણમંત્રો'ની સમજ**



મંત્ર મૂલં ગુરુ વાક્યં - પ.કૃ.દેવ શ્રીમદ્ રાજચંદ્ર દ્વારા પ્રદાન કરેલ, પૂ. પ્રભુશ્રીજી-શ્રી લઘુરાજ સ્વામી દ્વારા આજ્ઞા અને પૂ. શ્રી બ્રહ્મચારીજી દ્વારા પ્રસારિત

સત્સંગ-વાંચન કાર્યક્રમ :

ધનતેરસ થી બેસતું વર્ષ, તારીખ ૧૯ થી ૨૨ ઓક્ટોબર, ૨૦૨૫

યુ-ટ્યૂબઃ- Dr. Deepak Turakhia - RajBhakti Channel

Call - 9967661515

સૌજન્યઃ શ્રી બી.ટી. શાહ પરિવાર,

Florida +1(305)6844526

KParth


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળના પ્રધાનમંડળમાં કુલ ૨૬ નેતાઓને સ્થાન આપવામાં આવ્યું હતું, જેમાં પ્રદેશિક અને જાતિગત સંતુલન જાળવવાનો પ્રયાસ સ્પષ્ટ દેખાય છે. પ્રધાનમંડળમાં ૧૯ નવા ચહેરાઓને તક મળી છે, જ્યારે છ જૂના જોગીઓને રિપીટ કરવામાં આવ્યા છે. નવા કેબિનેટમાં પાટીદાર અને ઓ.બી.સી.ને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જ્યારે બ્રાહ્મણો અને ક્ષત્રિયોને કદ પ્રમાણે વેતરી નાખવામાં આવ્યા છે. અમદાવાદની વેજલપુર વિધાનસભા બેઠકથી


(જુઓ પાનું ૨) ▶▶




અર્જુન મોઢવાડિયા



રિવાબા જાડેજા



## હર્ષ સંઘવીને પ્રમોશનઃ સૌથી યુવાન ડેપ્યુટી સીએમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પ્રધાનમંડળનું આજે વિસ્તરણ થયું હતું. જેમાં હર્ષ સંઘવીને પ્રમોશન આપવામાં આવ્યું હતું. તેમને નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા હતા. છેલ્લા ચાર વર્ષથી રાજ્યમાં કોઈ નાયબ મુખ્ય પ્રધાન નહોતા. હર્ષ સંઘવી અત્યાર સુધીમાં ભૂપેન્દ્ર પટેલ સરકારમાં ગૃહ રાજ્ય પ્રધાનની સાથે પરિવહન અને રમતગમત


(જુઓ પાનું ૨) ▶▶


## ૬ પ્રધાન કેમ ટક્યા?: ૧૦ને શું કામ પાણીચું?

- **૨૬** કુલ પ્રધાનો
- **૧૯** નવા ચહેરા
- **૬** જૂના જોગી
- **૮** ઓબીસી પ્રધાનો
- **૭** પાટીદાર પ્રધાનો
- **૯** સૌરાષ્ટ્ર-કચ્છના પ્રધાનો

### ટકેલા પ્રધાનો

(૧) **હર્ષ સંઘવીઃ** સરકારના સૌથી સક્રિય મંત્રી તરીકેની છબી કામ કરી ગઈ.

(૨) **ઋષિકેશ પટેલઃ** પ્રવક્તા પ્રધાન તરીકે સારી કામગીરી. ઉત્તર ગુજરાતનો મોટો ચહેરો.

(૩) **કનુભાઈ દેસાઈઃ** બિનવિવાદાસ્પદ ચહેરો છે. દક્ષિણ ગુજરાતમાં સારું પ્રભુત્વ ધરાવે છે.

(૪) **કુંવરજી બાવળિયાઃ** ખૂબ સારી કામગીરી કરી સતત એક્ટિવ રહી લોકો વચ્ચે રહેતા પ્રધાન તરીકે છાપ અને કોળી ચહેરો.

(૫) **પ્રફુલ પાનસેરિયાઃ** અધિકારીઓ સાથે સારું સંકલન, સ્વચ્છ છબિ

(૬) **પરસોત્તમ સોલંકીઃ** કોળી સમાજ પર દબદબો






### પડતા મુકાયેલા

(૧) **જગદીશ પંચાલઃ** ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ બન્યા હોવાથી એક વ્યક્તિ એક હોદ્દાને કારણે સમાવેશ ન કરવામાં આવ્યો.

(૨) **રાઘવજી પટેલઃ** ખેડૂતોલક્ષી નિર્ણયો લેવામાં ઢીલાશ.

(૩) **બળવંતસિંહ રાજપૂતઃ** અધિકારીઓ પર પકડ નહોતી. નરમ સ્વભાવ હતો તેમ જ ઉદ્યોગોના વિકાસલક્ષી યોજના બનાવી ન શક્યા.

(૪) **મુળૂ બેરાઃ** પ્રવાસનલક્ષી યોગ્ય પગલાં ન લઈ શક્યા.

(૫) **કુબેર ડીંડોરઃ** ભ્રષ્ટાચારની ફરિયાદો મુખ્ય પ્રધાન સુધી પહોંચી હતી, જેના કારણે તેમને પડતા મૂકવામાં આવ્યા.

(૬) **મુકેશ પટેલઃ** પુત્રના ગન લાયસન્સ વિવાદ મોંઘો પડ્યો.

(૭) **બચુ ખાબડઃ** મનરેગામાં પુત્રોએ કરેલો ગોટાળો અને નબળી કામગીરી,

(૮) **ભીખુસિંહ પરમારઃ** પુત્રોની દાદાગીરીનો વિડીયો વાયરલ થયો હતો

(૯) **કુંવરજી હળપતિઃ** આદિજાતિ વિકાસ રાજ્યપ્રધાન તરીકે ઈમેજ બનાવી શક્યા નહોતા

(૧૦) **ભાનુબેન બાબરિયાઃ** મહિલા અને બાળવિકાસ પ્રધાન તરીકે નબળી કામગીરી.

## ખાતાઓની વહેંચણીમાં મોઢવાડિયા, વાઘાણી ફાવી ગયા


જુઓ પાનું ૬ ▶▶



Trusted Since 1864

RIGHT CHOICE PRICE

**ત્રિભોવનદાસ ભીમજી ઝવેરી**

તહેવાર એટલે tbz® The original since 1864

₹2 લાખથી વધુની ડાયમંડ જ્વેલરીની ખરીદી પર ફ્રી ગોલ્ડ કૉઈન*



સોનાના ભાવ પર ફ્લેટ ₹500 પ્રતિ ગ્રામ ની છૂટ* + ગોલ્ડ જ્વેલરીની ઘડામણ પર 50% સુધી છૂટ*

ડાયમંડ જ્વેલરી પર કોઈ મેકિંગ નથી*

સોના ના સિક્કા પર મેકિંગ ચાર્જ ફક્ત ₹99 પ્રતિ ગ્રામ*

ફ્લેક્સી ગોલ્ડ એડવાન્ટેજ* આજે જ બુક કરો અને રિડેમ્પશન પર વધુ બચત કરો

કોઈપણ જુના સોના ના એક્સચેંજ પર મેળવો 100% વેલ્યુ*

*શરતો લાગુ

HDFC BANK FESTIVE TREATS Up to ₹5000 Instant Discount* with HDFC Bank Credit Cards

BORIVALI | GHATKOPAR | KALYAN (W)
MARINE DRIVE | SANTACRUZ | THANE
VASAI | VASHI | ZAVERI BAZAR

For franchise inquiry, call on 9158635000 or email at franchisee@tbzoriginal.com

Follow Us : @tbz.theoriginal | @TBZTheOriginal

tbz® The original since 1864

ઝવેરી બઝાર સ્ટોર બધા રવિવારે ખુલ્લો રહેશે

18 ઓક્ટોબર 2025 ધનતેરસ ના શુભ અવસર પર શોરૂમ્સ સવારે 9:30 વાગ્યા થી કાર્યરત રહેશે





116 YEARS ANNIVERSARY CELEBRATION

DOUBLE THE FESTIVE JOY WITH OUR GOLDEN OFFERS

SUVARNA SURAKSHA SCHEME* BOOK GOLD TODAY, LOCK THE RATE, PAY THE LOWEST PRICE!

GET A GOLD COIN FREE* ON EVERY PURCHASE OF ₹50,000

OFFER VALID ONLY TILL 26 OCTOBER 2025!

WHP WAMAN HARI PETHE JEWELLERS™ PURE TRUST SINCE 1909

*T&C Apply

MUMBAI : THAKURDWAR - 23853522/8470 | RANADE ROAD, DADAR (W) - 61304000, 24301592, 24307516 | KOHINOOR SQUARE, DADAR (W) - 40034145/46 VILE PARLE (W) - 022 69830100 | PHOENIX MARKETCITY MUMBAI - 022 69831100/99, 9594922209/10 | KANDIVALI (E) - 022 6976 5200, 9594922207/08 GOREGAON (W) - 69840800, 8108169020 | BORIVALI (W) - 022 69830200, 8108187366 | CHEMBUR - 022 69830400 | GHATKOPAR - 022 61300000 MULUND - 69830600, 8108187356 | THANE - 9594922204, 022 69067600 | BADLAPUR - 8108169022/23 | VASHI (SECTOR 10) - 02269832100 / 8108169013 VASHI (SECTOR 17) - 69020400, 8108169028 | SEAWOODS - 022 39686047/8, 8591958231 | VASAI - 0250-2384905/7, 9372843142 | VIRAR (W) - 0250 - 6914100, 9321408986 | BOISAR - 02525 - 273111 | @wamanharipethejewellers

ATHANSH

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતમાં ભાજપની નજર સવર્ણો નહીં, ઓબીસી મતબેંક પર

**ગુજરાતમાં** અંતે ભાજપે નવા પ્રધાનમંડળની રચના કરી નાખી. ભાજપ નો-રિપીટ થિયરી અપનાવીને બધા પ્રધાનોને રવાના કરી દેશે એવી હવા જામેલી પણ આ વખતે ભાજપે એવો પ્રયોગ કરવાનું ટાળ્યું છે. જૂના પ્રધાનમંડળમાંથી જગદીશ વિશ્વકર્મા પ્રદેશ પ્રમુખ બન્યા એટલે વિદાય થવાના જ હતા પણ તેમના સિવાય બીજા નવ પ્રધાનોને રવાના કરી દેવાયા છે. તેમના સ્થાને નવા ૧૬ ચહેરા અને ચાર જૂના જોગીઓને સમાવીને મુખ્યમંત્રી સાથે ૨૬ સભ્યોનું પ્રધાનમંડળ બનાવી દેવાયું છે. હર્ષ સંઘવી, કનુભાઈ દેસાઈ, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પરસોત્તમ સોલંકી, પ્રફુલ્લ પાનેસેરિયાને રિપીટ કરાયા છે પણ એ સિવાયના બાકીનાને દરવાજો બતાવી દેવાયો છે.

જૂના પ્રધાનોમાં હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રીપદ અપાયું એ વિદાય થયેલા પ્રદેશ પ્રમુખ અને હાલમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલનો પ્રભાવ દર્શાવે છે. હર્ષ સંઘવી પાટીલના ખાસ માણસ છે અને તેમને નાયબ મુખ્યમંત્રીપદ આપીને ગુજરાત સરકારમાં હજુય પાટીલનો પડ્યો બોલ ઝીલાશે એવો સ્પષ્ટ સંકેત આપી દેવાયો છે. હર્ષ સંઘવીને પહેલાં રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી ને હવે નાયબ મુખ્યમંત્રી બનાવડાવીને પાટીલે સાબિત કર્યું છે કે, ભાજપ હાઈકમાન્ડ એટલે કે નરેન્દ્ર મોદી તેમની વાત સાંભળે છે.

પાટીલે પ્રદેશ પ્રમુખ તરીકે યશસ્વી કામગીરી કરીને ભાજપને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ૧૮૨માંથી વિક્રમસર્જક ૧૫૬ બેઠકો જીતાડી હતી. તેના સિરપાવરૂપે પાટીલને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં કેબિનેટ કક્ષાના મંત્રી બનાવાયા હતા ને હમણાં બિહારમાં ભાજપ-જેડીયુને જીતાડવા માટે સહપ્રભારી પણ બનાવાયા છે. પાટીલ હવે સીધેસીધા ગુજરાતના રાજકારણમાં નથી પણ સાવ આઉટ થયા નથી તેનો સ્પષ્ટ સંકેત હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવીને આપી દેવાયો છે.

નવા મંત્રીમંડળમાં જીતુ વાઘાણીનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ કેમ કે વાઘાણી ફેંકાઈ ગયા પછી પાછા આવ્યા છે. ફિનિક્સ પંખી તેની રાખમાંથી ઊભું થાય છે એવું કહેવાય છે. જીતુ વાઘાણી ગુજરાતના રાજકારણના ફિનિક્સ છે કેમ કે વાઘાણી જેટલું ફેંકાઈને કોઈ પાછું નથી આવ્યું. આનંદીબેન પટેલને રવાના કરીને વિજય રૂપાણીને મુખ્યમંત્રી બનાવાયા ત્યારે રૂપાણીના સ્થાને જીતુ વાઘાણીને પ્રદેશ પ્રમુખ બનાવાયેલા.

પાટીદાર આંદોલન વખતે વાઘાણી પ્રદેશ પ્રમુખ હતા. એ કપરા કાળમાં વાઘાણી અને રૂપાણીની જોડીએ ગમે તે રીતે ભાજપની નૈયાને પાર પાડી છતાં ૨૦૧૯માં ત્રણ વર્ષ પૂરાં થતાં વાઘાણીને પ્રદેશ પ્રમુખપદેથી રવાના કરીને સી.આર. પાટીલને પ્રમુખ બનાવાયેલા. વાઘાણીની હાલત એ રીતે અપમાનજનક હતી કે, કોઈ હોદ્દા વિના સાવ નવરા કરી દેવાયેલા. ત્રણ વર્ષ નવરા બેસી રહ્યા પછી ૨૦૨૨માં રૂપાણીને બદલીને ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી બનાવાયા ત્યારે વાઘાણીનાં નસીબ પાછાં ચમક્યાં.

વાઘાણીને નવા મંત્રીમંડળમાં કેબિનેટ રેન્ક આપીને શિક્ષણ મંત્રી બનાવી દેવાયેલા પણ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૧૫૬ બેઠકની વિક્રમસર્જક બહુમતીથી જીત્યો પછી વાઘાણીનું પત્તું પાછું કપાઈ ગયેલું. વાઘાણીનો એ પછી કોઈ ભાવ જ નહોતો પુછાતો તેના કારણે લાગતું હતું કે, વાઘાણીનું બોર્ડ પૂરું થઈ ગયું છે ત્યાં જ વાઘાણીની કેબિનેટમાં રી-એન્ટ્રી થઈ છે. વાઘાણીને અમિત શાહ તરફની વફાદારી ફળી છે. સાથે સાથે સૌરાષ્ટ્રમાં ગોપાલ ઈટાલિયા ફરી વળ્યા છે એ પણ ફળ્યું છે. વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાએ ભવ્ય વિજય મેળવીને ભાજપને આંચકો આપી દીધેલો. ૨૦૨૨ની ચૂંટણીમાં આ બેઠક આમ આદમી પાર્ટીએ જ જીતી હતી પણ આપના ધારાસભ્ય ભૂપત લાખાણી ભાજપમાં ભળી જતાં ભાજપને આ બેઠક જીતવાનો ભરોસો હતો પણ ગોપાલ ઈટાલિયાએ ભાજપની આશા પર પાણી ફેરવી દીધેલું.

વિસાવદરમાં જીત્યા પછી ઈટાલિયાએ સૌરાષ્ટ્રમાં ઉપરાછાપરી સભાઓ કરવા માંડી છે. આમ આદમી પાર્ટીના કાર્યકરોને દોડતા કરી દીધા છે ને યુવા નેતાઓમાં વિશ્વાસ પેદા કર્યો છે કે, ઈટાલિયાની જેમ પોતે પણ જીતી શકે છે. તેના કારણે સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીએ જનઆંદોલનો કરવા માંડ્યાં છે. બોટાદમાં આપના નેતાઓએ કડદાના મામલે કરેલા બખેડાએ ભાજપને ચોંકાવી દીધો છે. ખેડૂતોમાં આ આંદોલન વ્યાપક ના બને એટલે ભાજપે ડેમેજ કંટ્રોલ કરવા માંડ્યું છે. તેના ભાગરૂપે જીતુ વાઘાણીને યાદ કરાયા છે. આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભરૂચમાં ભાજપના કેમ્પમાં ભારે ઉત્પાત મચાવ્યો છે ને તેના કારણે ભરૂચમાંથી ઈશ્વરસિંહ પટેલને ભાજપે ફરી યાદ કરવા પડ્યા છે.

ભાજપે નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રને વધારે મહત્ત્વ આપ્યું તેનું કારણ પણ આપનો ડર છે. ભૂપેન્દ્ર પટેલના જૂના મંત્રીમંડળમાં સૌરાષ્ટ્ર-કચ્છના પાંચ મંત્રી હતા. આ વખતે આ આંકડો લગભગ ડબલ કરીને નવ કરી દીધો છે. ગોપાલ ઈટાલિયા સામે સીધાં શિંગડાં ભેરવનારા મોરબીના કાંતિ અમૃતિયા અને અમરેલીના કૌશિક વેકરીયાની પસંદગી પણ સૌરાષ્ટ્રના પાટીદારોને આપ તરફ વળતા રોકવા માટે કરાઈ છે એ કહેવાની જરૂર નથી.

આપને ખાળવા માટે સૌરાષ્ટ્રમાંથી પાટીદાર આગેવાન જયેશ રાદડિયાને પણ પ્રધાન બનાવાશે એવું લાગતું હતું પણ ભાજપે રાદડિયાને કોરાણે મૂક્યા છે. રાદડિયાએ ઈફકોની ચૂંટણીમાં દિલીપ સંઘાણી સાથે મળીને ભાજપનો ખેલ પાડી દીધેલો. ભાજપે અમિત શાહના ખાસ મનાતા બિપિન પટેલ ઉર્ફે બિપિન ગોતાને ઈફકોની ચૂંટણીમાં મેદાનમાં ઉતારેલા પણ રાદડિયાએ બિપિન ગોતાનું પડીકું કરાવી દીધેલું. સી.આર. પાટીલે પ્રમુખપદેથી વિદાય થતી વખતે આ વાતનો વસવસો વ્યક્ત કરેલો. રાદડિયા વિસાવદરમાં ગોપાલ ઈટાલિયાના વિજયરથને ના રોકી શક્યા તેનું પરિણામ તેમણે ભોગવવું પડ્યું છે એવું મનાય છે.

ગુજરાતના નવા મંત્રીમંડળમાં બે-ત્રણ બાબતો ઊડીને આંખે વળગે એવી છે. પહેલી વાત એ કે, પાટીદારો સિવાયના સવર્ણોને અવગણાયા છે. કનુભાઈ દેસાઈને જાળવી રખાયા છે પણ નવા મંત્રીઓમાં કોઈ બ્રાહ્મણ કે વણિક નથી. હર્ષ સંઘવી જૈન છે પણ જૈન લઘુમતી સમુદાય છે જ્યારે કનુભાઈ દેસાઈ અનાવિલ છે એ જોતાં બ્રાહ્મણ કે વણિક કોઈ નથી. ક્ષત્રિયોમાંથી માત્ર રીવાબા જાડેજાનો સમાવેશ કરાયો છે. બીજી તરફ અન્ય પછાત વર્ગ (ઓબીસી)માંથી આઠ ધારાસભ્યોને પ્રધાન બનાવાયા છે.

મુખ્યમંત્રીને બાદ કરો તો પાટીદાર પ્રધાનોની સંખ્યા સાત થાય છે એ જોતાં એક સમયે સવર્ણોનો પક્ષ ગણાતો ભાજપ હવે સવર્ણોને બાજુ પર મૂકીને ઓબીસી મતદારોને રીઝવવા તરફ વળી રહ્યો છે એ સ્પષ્ટ છે. ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણીને બે વર્ષની વાર છે તેના પરથી સ્પષ્ટ છે કે, ભાજપ હવે પછીની ચૂંટણીમાં ઓબીસી મતબેંક પર ધ્યાન કેન્દ્રિત કરશે એ પણ સ્પષ્ટ છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌર શરદઋતુ, શનિવાર, તા. ૧૮-૧૦-૨૦૨૫, ધનતેરસ, યમદીપદાન, ધન્વંતરિ જયંતી, ગુરુ દ્વાદશી, શનિ પ્રદોષ,

- ભારતીય દિનાંક ૨૬, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ-૧૨.
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫.
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૯મો આદર, સને ૧૩૯૪.
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૬મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૫-૪૧ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૨-૧૧ સુધી, પછી કન્યામાં.
- ચંદ્ર રાશિ નામાક્ષર: સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદય: મુંબઈ ક. ૦૬ મિ. ૩૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્ત: મુંબઈ ક. ૧૮ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી: સવારે ક. ૧૦-૦૭ રાત્રે ક. ૨૨-૪૧
- ઓટ: સાંજે ક. ૧૬-૩૧, મધ્યરાત્રે ક. ૦૪-૩૯ (તા. ૧૯).
- વ્રત પર્વાદિ: વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - દ્વાદશી. ગુરુ દ્વાદશી, ધનતેરસ, યમદીપદાન, ધન્વંતરિ જયંતી, શનિ પ્રદોષ, ગુરુ કર્કમાં રાત્રે ક. ૧૯-૪૩. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિ: મુહૂર્ત શ્રેષ્ઠ દિન
- મુહૂર્ત વિશેષ: ભગવાન ધન્વંતરિનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, નૌકા બાંધવી, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર લેવડદેવડ, પશુ લેવડદેવડ, ઘર-ખેતર, જમીન લેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, નક્ષત્ર અને પર્વનો મહાલક્ષ્મી માતાના પૂજનનો વિશેષ યોગ. ખાખરાનું વૃક્ષ વાવવું, વિદ્યારંભ. માલ વેંચવો, ચોપડા લાવવા, ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન (મહાલક્ષ્મીપૂજન), યમદીપ દાન, ગુરુદ્વાદશી, શનિપ્રદોષ, પ્રદોષકાળ વ્યાપિની તેરસ હોવાથી આજ રોજ ધનપૂજન કરવું. ધન્વંતરિ પૂજન, સુવર્ણ - રજત સિક્કા, આભૂષણ - રત્નો આદિ ધનનું પૂજન કરવું. શ્રી યંત્ર - લક્ષ્મીયંત્ર, સ્વ. હરિહર પંડિત મહેસાણાવાળા સંશોધિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર આદિની સ્થાપના પૂજા, ઈષ્ટદેવના મંત્રાદિ અનુષ્ઠાનનું માહાત્મ્ય છે.
- મુહૂર્ત સમય આ પ્રમાણે છે: (૧) સવારે ક. ૦૮-૦૨ થી ક. ૦૯-૨૯ (શુભ), (૨) બપોરે ક. ૧૨-૨૩ થી ક. ૧૩-૫૦ (ચલ), (૩) બપોરે ક. ૧૩-૫૦ થી ક. ૧૫-૧૭ (લાભ), (૪) બપોરે ક. ૧૫-૧૭ થી સાંજે ક. ૧૬-૪૪ (અમૃત), (૫) સાંજે ક. ૧૮-૧૩ થી રાત્રે ક. ૧૯-૪૫ (લાભ), (૬) રાત્રે ક. ૨૧-૧૮ થી રાત્રે ક. ૨૨-૫૧ (શુભ), (૭) રાત્રે ક. ૨૨-૫૧ થી મધ્યરાત્રે ક. ૦૦-૨૪ (અમૃત), (૮) મધ્યરાત્રે ક. ૦૦-૨૪ થી મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૬ (તા. ૧૯) (ચલ), (૯) મધ્યરાત્રિપછી ક. ૦૫-૦૨ થી ક. ૦૬-૩૫ (તા.૧૯) (લાભ), ધનતેરસ પર્વના સ્થિર લગ્નો: (૧) સવારે ક. ૦૮-૪૫ થી ક. ૧૦-૫૯ (વૃશ્ચિક), (૨) બપોરે ક. ૧૪-૫૫ થી સાંજે ક. ૧૬-૩૨ (કુંભ), (૩) રાત્રે ક. ૧૯-૫૦ થી રાત્રે ક. ૨૧-૫૦ (વૃષભ), (૪) મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૬ થી ક. ૦૪-૨૪ (તા. ૧૯) (સિંહ), (૫) પ્રદોષયુક્ત ધનતેરસના યોગમાં (મુંબઈ સૂર્યાસ્ત ક. ૧૮-૧૩) સમયે પવિત્ર ગોરજ સમયમાં.
- આચમન: ચંદ્ર-રાહુ ચતુષ્કોણ માતાપિતા તરફથી લાભ.
- ખગોળ જ્યોતિષ: ચંદ્ર-રાહુ ચતુષ્કોણ.
- ગ્રહગોચર: સૂર્ય તુલા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-મિથુન/કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# મેહુલ ચોક્સી ભારતને સોંપાશે: ઍન્ટવર્પ કોર્ટની મંજૂરી

નવી દિલ્હી: ભારતની વિનંતીને પગલે બૅલ્જિયમ પોલીસ દ્વારા કરવામાં આવેલી ધરપકડ યોગ્ય હોવાનું જણાવી ઍન્ટવર્પ કોર્ટે ભાગેડુ જાહેર કરાયેલા હીરાના વેપારી મેહુલ ચોકસીના પ્રત્યર્પણને મંજૂરી આપી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. ચોકસી પાસે આ નિર્ણયને પડકારવા બૅલ્જિયમની ઉપલી અદાલતમાં જવાનો વિકલ્પ હોવા વચ્ચે ઍન્ટવર્પ કોર્ટ દ્વારા આપવામાં આવેલો આ ચુકાદો ચોકસીની સોંપણી કરવા સંબંધિત ભારતે કરેલી અરજીનો મજબૂત સમર્થન આપે છે.

કોર્ટનો ચુકાદો ભારતની તરફેણમાં આવ્યો છે. ભારતની વિનંતીને પગલે બૅલ્જીયમ પોલીસ દ્વારા કરવામાં આવેલી ધરપકડને બૅલ્જિયમ કોર્ટે યોગ્ય લેખાવી હતી. પ્રત્યાર્પણ સંબંધિત પ્રથમ કાયદાકીય પગલાંએ ચોકસીની સોંપણીને હવે વધુ સ્પષ્ટ બનાવી છે.

ચોકસીએ ભત્રીજા નિરવ મોદી સાથે મળીને પંજાબ નેશનલ બૅન્ક સાથે ૧૩,૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

સીબીઆઈ દ્વારા પ્રત્યર્પણની કરવામાં આવેલી વિનંતીને પગલે ૧૧ એપ્રિલે ચોકસીની બૅલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી હતી.

બૅલ્જિયમની વિવિધ કોર્ટે ચોકશીની જામીન અરજી નકારી કાઢી હતી. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### ગુજરાત કેબિનેટમાં

ધારાસભ્ય અમિત ઠાકરના નામની ચર્ચા હતી, જો કે તેમને પણ પ્રધાનમંડળમાં સ્થાન આપવામાં આવ્યું નથી.

સૌથી વધુ ઓ.બી.સી.માંથી ૮ નેતાઓને પ્રધાનમંડળમાં સ્થાન આપીને ઓ.બી.સી. (અન્ય પછાત વર્ગ) મતદારોને વિશેષ મહત્ત્વ અપાયું છે. જ્યારે સત્તાધારી પક્ષના મુખ્ય આધારસ્તંભ ગણાતા પાટીદાર સમાજના ૭ નેતાઓને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. તો બીજી તરફ એસ.ટી. (અનુસૂચિત જનજાતિ) ૪ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એસ.સી. (અનુસૂચિત જાતિ) સમુદાયના ત્રણ નેતાઓને કેબિનેટમાં સ્થાન મળ્યું છે.

જ્યારે પ્રાદેશિક દૃષ્ટિએ જોઈએ સૌરાષ્ટ્ર-કચ્છમાંથી સૌથી વધુ નવ નેતાઓને સ્થાન મળ્યું છે, જે પ્રધાનમંડળમાં તેમનો દબદબો સૂચવે છે. સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ત્રિકમ છાંગા (અંજાર), કાંતિ અમૃતિયા (મોરબી), કુંવરજી બાવળીયા (જસદણ), રિવાબા જાડેજા (જામનગર ઉત્તર), અર્જુન મોઢવાડિયા (પોરબંદર), ડો. પ્રદ્યુમન વાજા (કોડિનાર), કૌશિક વેકરિયા (અમરેલી), પરસોત્તમ સોલંકી (ભાવનગર ગ્રામ્ય) અને જીતુ વાઘાણી(ભાવનગર પશ્ચિમ)ને સ્થાન મળ્યું છે.

જ્યારે દક્ષિણ ગુજરાતમાંથી છ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ઈશ્વર સિંહ પટેલ, પ્રફુલ્લ પાનસેરિયા, હર્ષ સંઘવી, જયરામ ગામીત, નરેશ પટેલ અને કનુ દેસાઈનો સમાવેશ થાય છે.

મધ્ય ગુજરાતમાંથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ (ઘાટલોડિયા) સહિત સાત નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે, જે અન્ય પ્રદેશોની સરખામણીમાં વધુ છે. જેમાં દર્શનાબહેન વાઘેલા, કમલેશ પટેલ, જયસિંહ મહિડા, રમેશ કટારા, મનીષા વકીલ અને રમણ સોલંકીનો સમાવેશ થાય છે. ઉત્તર ગુજરાતમાંથી ૪ નેતાઓને સ્થાન મળ્યું છે, જેમાં સ્વરૂપજી ઠાકોર, પ્રવીણ માળી, ઋષિકેશ પટેલ અને પી.સી.બરંડાનો સમાવેશ થાય છે.

મંત્રીમંડળમાં ત્રણ મહિલાઓનો સમાવેશ કરીને મહિલા પ્રતિનિધિત્વની ગેરહાજરી નિવારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં રિવાબા જાડેજા (જામનગર ઉત્તર), મનીષા વકીલ (વડોદરા શહેર) અને દર્શનાબહેન વાઘેલા (અસારવા)નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રધાનમંડળમાં પ્રવિણ માળી (ડીસા) સૌથી યુવા નેતા છે.

### હર્ષ સંઘવીને

વિભાગનો સ્વતંત્ર હવાલો સંભાળતા હતા. ભૂપેન્દ્ર પટેલ સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન સ્થાન હજુ સુધી કોઇને આપવામાં આવ્યું ન હતું પરંતુ પ્રથમ વખત હર્ષ સંઘવીને નાયબ મુખ્ય પ્રધાન બનાવતા તેઓ ગુજરાતના સૌથી યુવા નાયબ મુખ્ય પ્રધાન બન્યા હતા. આ પહેલા રાજ્યમાં નીતિન પટેલ અંતિમ વખત મુખ્ય પ્રધાન હતા.

૪૦ વર્ષીય હર્ષ સંઘવી ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. તેઓ ૨૦૧૨માં ચૂંટણી જીતીને પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતા. જે બાદ સતત મજૂરા સીટથી જીતી રહ્યા છે. ગત વિધાનસભા ચૂંટણીમાં તેમણે આપના ઉમેદવાર અને પૂર્વ ભાજપ નેતા પીવીએસ શર્માને ૧.૧૬ લાખ કરતાં વધુ મતથી હરાવ્યા હતા. હર્ષ સંઘવી અત્યાર સુધી ગુજરાતમાં રમતગમત, યુવા સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ, પરિવહન, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સુરક્ષા, જેલ, સરહદ સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ આવાસ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્ય પ્રધાન હતા. ઉલ્લેખનીય છે કે હર્ષ સંઘવી રાજનેતા હોવાની સાથે હીરાના વેપારી પણ છે. હર્ષ સંઘવી પાસે ૧૨.૩૨ કરોડ રૂપિયાની સંપત્તિ છે. જેમાં જ્વેલરીની સાથે એક ટોયોટા ફોર્ચ્યુનર ગાડીનો સમાવેશ થાય છે. તેમની પત્નીનું ઘણી કંપનીઓમાં રોકાણ છે, જેની કુલ કિંમત છેલ્લા એફિડેવિટ મુજબ ૧૦.૫૧ કરોડ રૂપિયા છે. આ સિવાય તેમની પાસે ૫.૧૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટી છે, જેમાં તેમનું ઘર સામેલ છે.

# મોદીની રાજકીય કારકિર્દી ખતમ કરવાની ટ્રમ્પની ધમકી

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વાઇટ હાઉસમાંના પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે હું મોદીની રાજકીય કારકિર્દી બરબાદ કરવા નથી માગતો.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકાના ભારત ખાતેના નવા નિમાયેલા રાજદૂત સર્ગીઓ ગોરે નવી દિલ્હીથી વૉશિંગ્ટન પાછા ફર્યા બાદ મને ભારતના વડા પ્રધાન સાથેની દ્વિપક્ષી મંત્રણા અંગે માહિતી આપતા જાણ કરી હતી કે 'મોદી ટ્રમ્પને પ્રેમ કરે છે.' હું પ્રેમ શબ્દનું ખોટું અર્થઘટન કરવા નથી માગતો. હું મોદીની રાજકીય કારકિર્દીને ઠેસ પહોંચાડવા નથી ઇચ્છતો.

સર્ગીઓ ગોર ગયા અઠવાડિયે ભારત આવ્યા હતા અને મોદી સાથે મંત્રણા કરી હતી. તેમણે ભારતના વડા પ્રધાનને 'મોદી અને ટ્રમ્પનો એક ફોટો' આપ્યો હતો, જેના પર ટ્રમ્પે સહી કરી હતી અને લખ્યું હતું કે 'શ્રીમાન વડા પ્રધાન, તમે મહાન છો'.

ટ્રમ્પે જણાવ્યું હતું કે હું વર્ષોથી ભારતને જોઉં છું. તે અદ્ભુત દેશ છે. ભારતમાં દર વર્ષે નવા નેતા સત્તા પર આવે છે. અમુક નેતા થોડા મહિના શાસન કરે છે, જ્યારે અન્ય કેટલાક નેતા એકાદ વર્ષ સુધી સત્તા પર રહે છે. આમ છતાં, મારો મિત્ર (મોદી) ઘણાં વર્ષોથી શાસન કરે છે. તેણે રશિયા પાસેથી ખનિજ તેલ નહિ ખરીદવાની મને ખાતરી આપી હતી. ભારત હવે રશિયા પાસેથી ખનિજ તેલ નહિ ખરીદે. ભારત રશિયા પાસેથી ખનિજ તેલની ખરીદી તાત્કાલિક સાવ બંધ કરી નહિ શકે, પરંતુ તે ધીરે ધીરે બંધ કરશે.

# એચ-વનબી માટે જંગી ફી: અમેરિકી કૉર્પોરેટ્સે કોર્ટમાં નિર્ણયને પડકાર્યો

વૉશિંગ્ટન : યુએસ ચેમ્બર ઓફ કોમર્સે અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રના તમામ નવા એચ-વનબી વીઝા અરજીઓ પર ૧૦૦,૦૦૦ અમેરિકન ડોલર ફી લાદવાના નિર્ણયને પડકારતો દાવો દાખલ કર્યો છે. તે આ પગલાને ગેરમાર્ગે દોરનારી નીતિ અને સ્પષ્ટપણે ગેરકાયદે ગણાવે છે જે અમેરિકન ઈનોવેશન અને સ્પર્ધાત્મકતાને નબળી પાડી શકે છે.

કોલંબિયાની એક જિલ્લા કોર્ટમાં ગુરુવારે દાખલ કરાયેલ આ ફરિયાદમાં વહીવટીતંત્રની ૧૯ સપ્ટેમ્બરની જાહેરાત હેઠળ કેટલાક નોન-ઇમિગ્રન્ટ કામદારોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાતને પડકારે છે. તેમાં તર્ક આપવામાં આવ્યો છે કે આ એચ-વનબી વીઝા કાર્યક્રમનું નિયમન કરવાના કોંગ્રેસના અધિકારોને અવગણીને ઇમિગ્રેશન અને રાષ્ટ્રીયતા કાયદાનું ઉલ્લંઘન કરે છે.

હોમલેન્ડ સિક્યોરિટી અને વિદેશ વિભાગ, તેમના સચિવો, ક્રિસ્ટી એલ. નોએમ અને માર્કો રુબિયોને પ્રતિવાદી બનાવવામાં આવી છે. યુએસ ચેમ્બર ઓફ કોમર્સના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડન્ટ અને ચીફ પોલિસી ઓફિસર નીલ બ્રેડલીએ જણાવ્યું હતું કે લગભગ ૩૬૦૦ અમેરિકન ડોલરના વર્તમાન સ્તરથી ઉપર આ વધુ ચાર્જ, અમેરિકન નોકરીદાતાઓ, ખાસ કરીને સ્ટાર્ટ-અપ્સ અને નાના અને મધ્યમ કદના વ્યવસાયો માટે એચ-વનબી પ્રોગ્રામનો ઉપયોગ કરવાનું વધુ મોંઘું બનાવશે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસે તેને સ્પષ્ટ રીતે એ સુનિશ્ચિત કરવા માટે બનાવ્યો હતો કે તમામ પ્રકારના અમેરિકન વ્યવસાયોને અહીં તેમના કાર્યોને વિસ્તૃત કરવા માટે જરૂરી વૈશ્વિક કુશળતાની ઍક્સેસ મળે. તેની ફરિયાદમાં ચેમ્બરે જણાવ્યું હતું કે આ જાહેરાત માત્ર ભ્રામક નીતિ જ નથી પણ સ્પષ્ટપણે ગેરકાયદે પણ છે. તેમાં જણાવાયું છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વીઝા ફી વધારવાની જાહેરાત બરાબર તે જ કરે છે. તે એચ-વન બી પ્રોગ્રામ માટે કોંગ્રેસ દ્વારા નિર્ધારિત ફીનું સ્પષ્ટપણે ઉલ્લંઘન કરે છે અને આ કોંગ્રેસના આદેશને પણ ખતમ કરે છે. ચેમ્બરની ફરિયાદમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે આ જાહેરાત રાષ્ટ્રપતિની કાયદેસર સત્તા કરતાં વધી જાય છે.

# ચીન પર ઊંચા ટૅરિફનો નિર્ણય લાંબો સમય ટકી ન શકે: ટ્રમ્પનો આક્રોશ

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ચીન પર લાદવામાં આવેલા ટૅરિફ લાંબો સમય ટકી શકે એમ નથી કારણ કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની અપેક્ષિત મુલાકાત પહેલા ચીન અને અમેરિકા વચ્ચે તણાવ વધી રહ્યો છે. ફોક્સ બિઝનેસ નેટવર્કને આપેલા એક ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે તે સ્થાયી નથી. આ ખાસ વાતચીતની ક્લિપ શુક્રવારે પ્રસારિત થઈ હતી, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું આ વર્ષની શરૂઆતમાં બંને દેશોએ એકબીજા પર લાદેલા ટૅરિફ યથાવત રહેશે.

જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે પરંતુ સંખ્યા આ છે, કદાચ આ નથી, તમે જાણો છો, તે યથાવત્ રહી શકે છે પરંતુ તેમણે મને આમ કરવા માટે મજબૂર કર્યો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે બે અઠવાડિયામાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરશે અને તેમને લાગે છે કે ચીન સાથે બધું સારું રહેશે. ટ્રમ્પે ફૉક્સ બિઝનેસ નેટવર્કને આપેલા ઇન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે ચીન હંમેશા આગળ વધવાનો પ્રયાસ કરે છે.

# ટ્રમ્પનો ઓર એક ફટકો: ગ્રીન કાર્ડ લૉટરીમાં ભારતીયો ભાગ નહીં લઇ શકે

વૉશિંગ્ટન : ડોનલ્ડ ટ્રમ્પ બીજીવાર અમેરિકાના પ્રમુખ બન્યા બાદ યુએસ ઈમિગ્રેશન પોલિસીમાં ધરખમ ફેરફાર કરવામાં આવી રહ્યા છે, જેની અસર ભારતીયો પર થઇ રહી છે. તાજેતરમાં યુએસના એચ-વનબી વિઝા પર ભારે ફી લાદવામાં આવી હતી. એવામાં ટ્રમ્પ વહીવટીતંત્રે વધુ એક નિર્ણય લીધો છે. ભારતીય નાગરિકોને ૨૦૨૮ સુધી યુએસના ડાયવર્સિટી વિઝા, ડીવી લોટરીમાંથી બાકાત રાખવામાં આવ્યા, જેને ગ્રીન કાર્ડ લોટરી તરીકે પણ ઓળખવામાં આવે છે.

અહેવાલ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં ઇમિગ્રેશનનો દર ઓછો હોય તેવા દેશોમાંથી અરજદારોને પ્રાથમિકતા આપવામાં માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જે દેશોમાંથી છેલ્લા પાંચ વર્ષમાં ૫૦,૦૦૦ થી ઓછા ઇમિગ્રન્ટ્સ યુએસ આવ્યા હોય, ફક્ત એવા દેશોના નાગરિકોને આ લોટરીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે,

# યુક્રેન મુદ્દે સમાધાન માટે તૈયાર: પુતિને ટ્રમ્પને જણાવ્યું

મૉસ્કો: ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટના ધરપકડ વૉરંટનો સામનો કરી રહ્યા હોવા છતાં રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન યુક્રેન યુદ્ધનો અંત આણવા અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સાથે બેઠક કરવા જલદી જ હંગેરીના પ્રવાસે જાય તેવી શક્યતા છે.

રશિયાએ કહ્યું હતું કે તાજેતરમાં જ ટ્રમ્પ સાથે ફોન પર થયેલી વાતચીતની વિગતો પ્રસારમાધ્યમમાં જાહેર ન થવી જોઈએ.

ગુરુવારે ટ્રમ્પ સાથેની વાતચીત દરમિયાન પુતિને ટ્રમ્પને કહ્યું હતું કે યુક્રેન મુદ્દે સમાધાન કરવા રશિયા તૈયાર છે.

પુતિન સાથે ફોન પર કરેલી લાંબી વાતચીત અંગે ટ્રમ્પે ટ્રૂથ સોશ્યલ પર ચર્ચા કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે અખાતના દેશોમાં મળેલી સફળતા રશિયા-યુક્રેન યુદ્ધનો અંત આણવાને લગતી અમારી વાટાઘાટમાં અમને મદદ કરશે.

બેઠકનું સ્થળ નક્કી કરવામાં આવશે અને પુતિન સાથેની સહમતી બાદ એ સ્થળે મુલાકાત કરવામાં આવશે. (એજન્સી)

# ડિજિટલ અરેસ્ટની વધતી ઘટના અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસે જવાબ માગ્યો

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે દેશમાં વધી રહેલી ઓનલાઇન છેતરપિંડી, ખાસ કરીને ડિજિટલ અરેસ્ટની ઘટના અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને તેના સંબંધમાં કેન્દ્ર અને સીબીઆઇ પાસે જવાબ માગ્યો હતો.

તેણે જણાવ્યું હતું કે બનાવટી અદાલતી આદેશ તૈયાર કરીને નાગરિકોને છેતરવામાં આવે છે અને તેથી સરકારી સિસ્ટમમાંના જનતાના વિશ્વાસને માઠી અસર થઇ રહી છે.

હરિયાણાના અંબાલામાં અદાલત અને તપાસ કરતી સરકારી સંસ્થાઓના બનાવટી આદેશ દ્વારા એક વરિષ્ઠ નાગરિક દંપતીની ડિજિટલ અરેસ્ટ કરીને તેમની પાસેથી રૂપિયા ૧.૦૫ કરોડ પડાવવાની ઘટનાને ધ્યાનમાં લઇને સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને સીબીઆઇ પાસે જવાબ માગ્યો હતો.ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બૅન્ચે જણાવ્યું હતું કે સામાન્ય ગુનામાં અમે પોલીસને કેસની તપાસ ઝડપી કરવા આદેશ આપી શકીએ છીએ, પરંતુ ડિજિટલ અરેસ્ટના કિસ્સાની તપાસમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સંકલનની જરૂર છે.૭૩ વર્ષીય મહિલાએ દેશના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇને ૨૧ સપ્ટેમ્બરે લખેલા પત્રમાં 'અદાલતના બનાવટી આદેશને આધારે છેતરપિંડી કરવાની ઘટના વર્ણવી હતી.' તેને ધ્યાનમાં લઇને સર્વોચ્ચ અદાલતે આપમેળે કાર્યવાહી હાથ ધરી હતી. બૅન્ચે જણાવ્યું હતું કે વરિષ્ઠ નાગરિકો સહિતના નિર્દોષ લોકોની ડિજિટલ અરેસ્ટ કરવા સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના 'બનાવટી આદેશો'માં અદાલતોના ખોટા સીલ (સિક્કા) મારી અને સહીનો દુરુપયોગ કરાય છે. દેશભરમાં આવા સાયબર ગુના વધી રહ્યા છે, જે ચિંતાજનક ગણાય.

# સાત કરોડ કૅશ, અઢી કિલો સોનું પંજાબ ડીઆઈજીના ઠેકાણાં પરથી મળ્યાં

ચંડીગઢ: લાંચ લેવાના આરોપસર ધરપકડ કરાયેલા પંજાબ પોલીસના ડીઆઈજી હરચરણસિંહ ભુલ્લરના પંજાબ અને ચંડીગઢસ્થિત સ્થાનો પર સીબીઆઈ દ્વારા પાડવામાં આવેલા દરોડા દરમિયાન સાત કરોડ રૂપિયા રોકડા, અઢી કિલો સોનું, અનેક લક્ઝરી ઘડિયાળ સહિતની વસ્તુઓ કબજે કરવામાં આવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

હરચરણસિંહને સહયોગી મારફતે લાંચ માગતા અને સ્વીકારતા પકડવામાં આવ્યા હતા.

સીબીઆઈની કાર્યવાહી દરમિયાન હરચરણસિંહના છત્તીસગઢસ્થિત નિવાસસ્થાનેથી સાડાસાત કરોડ રૂપિયા રોકડા, અઢી કિલો સોનું, રાડો અને રોલેક્સ સહિત લક્ઝરી બ્રાન્ડની ૨૬ ઘડિયાળ જપ્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત હરચરણસિંહનાં સંબંધીઓના નામની પચાસ કરતાં વધુ અચલ સંપત્તિ, શંકાસ્પદ બેનામી દસ્તાવેજો, લોકરની ચાવીઓ અને અનેક બૅંક ખાતાની વિગતો મળી આવી હતી. સમરાલાસ્થિત તેમના નિવાસસ્થાનેથી ૧૦૦ કારતૂસ, બંદૂકો, દારૂની ૧૦૮ બાટલી, ૫.૭ લાખ લાખ રૂપિયાની રોકડ રકમ પણ મળી આવ્યા હતા.

દરોડા દરમિયાન વચેટિયાના નિવાસસ્થાનેથી પણ ૨૧ લાખ રૂપિયાની રોકડરકમ જપ્ત કરવામાં આવી હતી. (એજન્સી)




# દીવા રેલવે ફાટક પર ટ્રાફિક જૅમથી લોકલ ટ્રેનોને અસર

કલ્યાણ : મધ્ય રેલવેના દિવામાં દિવાળીની ખરીદી માટે શુક્રવારે મોટી સંખ્યામાં નાગરિકો વાહનો લઈને બહાર નીકળ્યા હતા. આ વાહનો દીવા રેલવે ફાટક પર ટ્રાફિક જામમાં ફસાઈ ગયા હતા. રેલવે ક્રોસિંગ પર ટ્રાફિકના કારણે, શુક્રવારે બપોરે કલ્યાણથી સીએસએમટી અને સીએસએમટીથી કલ્યાણ આવતી લોકલ ટ્રેનો વીસથી પચીસ મિનિટ મોડી પડી હતી. આના કારણે દીવા રેલવે સ્ટેશનની બંને બાજુ લોકલ ટ્રેનોની કતારો લાગી ગઈ હતી.

દિવાળીના તહેવાર દરમિયાન, દીવા રેલવે સ્ટેશનની પૂર્વ બાજુએ રસ્તા પર ફટાકડાની દુકાનો, દિવાળી નાસ્તા અને અન્ય વસ્તુઓની દુકાનો ઉભી કરવામાં આવે છે. આ ઉપરાંત, આ રેલવે સ્ટેશનની બાજુમાં એક માછલી બજાર પણ છે. મુમ્બ્રા અને થાણેથી ડોંબિવલી તરફ આવતા મોટાભાગના વાહનો આ વિસ્તારમાંથી પસાર થાય છે. દિવાળી દરમિયાન અહીં ભીડવાળી બજારોને કારણે રસ્તાઓ પર ટ્રાફિક જૅમ થાય છે, જેની અસર દિવા રેલ્વે ફાટક પરથી પસાર થતા વાહનોને થાય છે. દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન આવું દ્રશ્ય જોવા મળે છે.

શુક્રવારે બપોરે ૧૨:૧૫ થી ૧:૦૦ વાગ્યાની વચ્ચે, પણ આવું જ દ્રશ્ય જોવા મળ્યું હતું. આ જામમાં કેટલાક ભારે વાહનો અટવાઈ ગયા હતા જેમની પાસે ફરી વળવાનો કોઈ રસ્તો નહોતો. આ વિસ્તારમાં કોઈ ટ્રાફિક પોલીસ ન હોવાથી, ટુ-વ્હીલર અને મોટર કાર ચાલકો પોતાની રીતે આગળ વધવાનો પ્રયાસ કરતા જામમાં ફસાઈ ગયા હતા.

બપોરે રેલ્વે ફાટક ખુલતા જ વાહનો એક સાથે ફાટક પરથી પસાર થવા લાગ્યા. દરમિયાન રેલવે ક્રોસિંગ પર ભારે ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. ક્રોસિંગ પરથી વાહનો ધીમે ધીમે આગળ વધવા લાગ્યા. ફાટક બંધ કરવાનો સમય થઈ ગયો હોવા છતાં, ઘણા વાહનો હજુ પણ રેલવે ફાટકની વચ્ચે જ હતા. તેથી, રેલવે ફાટક નિયંત્રકે રેલવે ફાટક પર ટ્રાફિક ઓછો ન થાય ત્યાં સુધી રેલવે ફાટક ખુલ્લો રાખવાની ફરજ પડી હતી. ફાટક બંધ ન થતાં દિવા રેલવે સ્ટેશનની બંને બાજુ લોકલ ટ્રેનોની કતારો લાગી ગઈ. ■

# હાઈવે પર લૂંટ ચલાવવા આવેલી ટોળકી શસ્ત્રો સાથે પકડાઈ


થાણેઃ મુંબઈ-નાશિક હાઈવે પર વાહનોને રોકી લૂંટ ચલાવવાને ઇરાદે આવેલા ઝારખંડના શંકાસ્પદ નક્સલવાદીઓ સહિત છ જણની પોલીસે ધરપકડ કરી હતી.

થાણે ક્રાઈમ બ્રાન્ચની પ્રોપર્ટી સેલના અધિકારીઓએ ખારેગાંવ ટોલ નાકા ખાતે મંગળવારની સાંજે છટકું ગોઠવ્યું હતું. શંકાને આધારે ઝારખંડના રજિસ્ટ્રેશનવાળા વાહનને રોકવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન પોલીસને વાહનમાંથી ત્રણ પિસ્તોલ, ચાર કારતૂસ અને કુહાડી, મરચાંની ભૂકી, દોરડું તેમ જ હાઈવે લૂંટ માટે વપરાતાં સાધનો મળી આવ્યાં હતાં. આરોપીઓએ વાહનને રોકી લૂંટ ચલાવવાની યોજના બનાવી હતી. કીમતી વસ્તુઓ લઈને જતી ટ્રકને ટાર્ગેટ કરવાના હતા. ■










# જાલના મહાપાલિકાના કમિશનર ૧૦ લાખની લાંચ લેતાં પકડાયા

જાલનાઃ કોન્ટ્રાક્ટર પાસેથી ૧૦ લાખ રૂપિયાની કથિત લાંચ માગીને સ્વીકારવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ જાલના મહાનગરપાલિકાના કમિશનર સંતોષ ખાંડેકરની ધરપકડ કરી હતી. એસીબીનાં સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ માધુરી કાંગણેએ જણાવ્યું હતું કે ખાંડેકરને મંગળવારની રાતે તાબામાં લેવાયા હતા. કોન્ટ્રાક્ટર પાસેથી લાંચ લેતાં તેમને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા.

ધરપકડ બાદ એસીબીની ટીમે ખાંડેકરના સરકારી બંગલોમાં સર્ચ હાથ ધરી હતી. મોડી રાત સુધી ચાલેલી સર્ચ અંગે અધિકારીઓએ કોઈ માહિતી આપી નહોતી. ઑપરેશન હજુ ચાલી રહ્યું હોવાનું અધિકારીનું કહેવું છે.

ખાંડેકર અગાઉની જાલના નગરપાલિકાના ચીફ ઑફિસર હતા. ૨૦૨૩માં નગરપાલિકાની મહાનગરપાલિકા બનાવવામાં આવ્યા પછી ખાંડેકરને કમિશનર બનાવવામાં આવ્યા હતા.(પીટીઆઈ)■


## "શ્રી ઘંટાકર્ણ મહાવીરનો હવન (હોમ)"

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
"શ્રીમદ્ બુદ્ધિસાગર સદ્ગુરુભ્યો નમઃ"



શ્રી વિલેપારલા (વેસ્ટ) મુકામે શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટોરીયમ મધ્યે સમ્યગ્ દ્રષ્ટિ - જૈન શાસન રક્ષક શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનો હવન (હોમ) આસો વદ - ૧૪ ને સોમવાર, તા. ૨૦-૧૦-૨૦૨૫ના રોજ બપોરે - ૧૨:૩૯ કલાકે (વિજય મુહૂર્તે) શરૂ થશે. હવન દરમિયાન શ્રી ઘંટાકર્ણ મહાવીરનો સોનાનું છત્ર ચઢાવવાનું, સોનાનો દોરો પહેરાવવાનું, નૈવેધ સુખડીનો થાળ ધરાવવાનું, વિધિકાર પાસે અભિમંત્રિત દોરો ઘેર લઈ જવાનું અને આરતીનો ચઢાવો (રૂપિયામાં) બોલાવવામાં આવશે. ભક્તજનોને સમયસર પધારી લાભ લેવા વિનંતી છે.

લીઃ- શેઠ ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટોરીયમના ટ્રસ્ટીગણ.

ટે. નં.022 - 26123662/63 Contact No.: શ્રી ભદ્રેશભાઈ -9607780239 શ્રી રામકિશનભાઈ - 9867360145 | શ્રી રીતેષભાઈ -9969389463.




# સંસ્થા સમાચાર

## બ્રહ્મોત્સવનો ભવ્ય કાર્યક્રમ

ફણસવાડીસ્થિત શ્રી વેંકટેશ દેવસ્થાનમાં વિવિધ ઉત્સવોનું આયોજન થાય છે. એમાં પણ બ્રહ્મોત્સવ ભગવાનનો મુખ્ય વાર્ષિક ઉત્સવ હોય છે. આ વર્ષે પણ વીસ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબરસુધી ૯૮મો બ્રહ્મોત્સવ આયોજિત થવાનો છે. એ દરમિયાન સવાર-સાંજ ભગવાન વિવિધ વાહનોમાં ભક્તોને દર્શન આપશે. સાથે જ વેદપાઠ, સ્તુતિ, હવન-પૂજા, ગોષ્ઠિ, વિનિયોગ વગેરે કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવશે.

## હવેલીમાં દર્શનનો સમય

ફોર્ટમાં આવેલી શ્રી ચંદાબેટીજી મહારાજ મદનમોહનજીની હવેલીમાં દિવાળીના દિવસોમાં દર્શનનો સમય અને મનોરથ વિશેની માહિતી આ પ્રમાણે છે.

શનિવારે-શયનમાં 'ફૂલના બંગલા' સાંજે ૬ કલાકે

રવિવારે- શયનમાં 'ચાંદીના બંગલા' સાંજે ૬ કલાકે

સોમવારે- સવારે ૦૬.૩૦ થી ૬.૪૫ શ્રી મંગળા દર્શન

મંગળવારે- શ્રી મંગળા દર્શન ૭ કલાકે, શૃંગાર, ગ્વાલ, શ્રી રાજભોગ ભીતર,

શ્રી ગોવર્ધન પૂજા સવારે ૦૯.૩૦ કલાકે.

શ્રી અન્નકૂટનાં દર્શન બપોરે ૦૩.૦૦ કલાકે.

બુધવારે- શ્રી મંગળા દર્શન સવારે ૦૬.૩૦ કલાકે

શ્રી રાજભોગ દર્શન સવારે ૧૧.૦૦થી ૧૧.૩૦

સાંજે ભોગ આરતીના દર્શન ૦૫.૦૦થી ૦૫.૩૦

શયનના દર્શન સાંજે ૦૬.૦૦થી ૦૬.૩૦

## શરદોત્સવની ઉજવણી

પ્રગતિ મિત્ર મંડળ શક્તિ મહિલા વિભાગ દ્વારા ૭ ઓક્ટોબરે શરદોત્સવ ખૂબ ધૂમધામથી ઉજવવામાં આવ્યો હતો. સંગીતના સથવારે બહેનો ઉત્સાહ અને ઉમંગથી ગરબે ઝૂમી હતી. એ દરમિયાન સારી રીતે ગરબા રમનાર અને સુંદર પરિધાન પહેરનાર બહેનોને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવી હતી.

## મહામાંગલિક- ગુરુમેલા સંપન્ન

ગચ્છાધિપતિ દાદગુરુદેવ આ. શ્રી દર્શનસાગરસૂરિશ્વરજી મહારાજના પટ્ટધર સંગઠનપ્રેમી આ. શ્રી નિત્યોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના પટ્ટપ્રભાવક રાષ્ટ્રસંત, ૧૫૪ જૈન મંદિરોના પ્રતિષ્ઠાકારક પૂ.આ.શ્રી ચન્દ્રાનનસાગરસૂરિશ્વરજી મ.સા. પૂ.પન્યાસપ્રવર્તક મુનિરાજ શ્રી હરિશચન્દ્રસાગરજી મ.સા. પૂ. કાર્યદક્ષ મુનિવર શ્રી મનનચન્દ્રસાગરજી મ.સા. આદિ ઠાણા પૂ. વિદુષી સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ. અને શ્રી ચારૂતાશ્રીજી મ. (બેન મ.) આદિ ઠાણાનો આત્મોત્થાનકારી વર્ષાવાસ કરીરોડના અવિઘ્ન એસ્ટેટ પાર્કમાં સુખશાંતામાં ચાલી રહ્યો છે. દાદાગુરુદેવ શ્રી દર્શનસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૨મી પૂણ્યતિથિ (ગુરુમેલા) ઢેકાલે ગામમાં શ્રી નાકોડા ભૈરવ દર્શન ધામ મહાતિર્થના શ્રી નાકોડા પાર્શ્વનાથ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી નાકોડા ભૈરવ દેવ આદિની અખંડ જ્યોત અને અષ્ટપ્રકારી પૂજાના ચઢાવા અને મહામાંગલિક આ. ચન્દ્રાનનસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંપન્ન થયા.

## કેઆરસી દ્વારા શરદોત્સવની ઉજવણી

કાંદિવલી પશ્ચિમમાં આવેલી કાંદિવલી રિક્રિએશન ક્લબ દ્વારા શરદોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કેઆરસીની એન્ટરટેઈનમેન્ટ કમિટી દ્વારા આયોજિત જી ફોર ગરબામાં લોકો ઝૂમી ઉઠ્યા હતા.

# બીકેસીમાં શિંદે સેનાના બેનરનું નિશાન કોણ?

## મુંબઈમાં શિંદે સેનાનો મેયર બેસાડવાની વાતઃ ઉદ્ધવ સેના કે ભાજપને પડકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના વ્યાપારિક કેન્દ્ર બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)માં એક વિશાળ બેનર બધાનું ધ્યાન ખેંચી રહ્યું છે. આગામી મેયર શિવસેના (શિંદે સેના)નો હશે એવું લખાણ ધરાવતા આ બેનરથી મોટા ભાઈ ભાજપમાં ખળભળાટ મચી ગયો છે, જે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ના મેયર પદને તેના રાજકીય હરીફ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સેના (યુબીટી) પાસેથી છીનવી લેવા માટે કટિબદ્ધ થઈને મેદાનમાં ઉતરવાની તૈયારી કરી રહ્યું છે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસતા ચહેરા સાથેનું બેનર, જેમાં દિવાળીની શુભેચ્છાઓ આપવા માટે લગાવવામાં આવ્યું છે, તે સ્થાનિક પાલિકા વોર્ડ નેતાએ લગાવ્યું છે.

મહાયુતિમાં પદ માટેનો સંઘર્ષ નવો નથી, એટલે અન્ય સમયે અપ્રસ્તુત માનવામાં આવ્યું હોત, પરંતુ સામી ચૂંટણીએ લગાવવામાં આવેલા આ બેનર પરથી હવે આગામી દિવસોનો સંકેત માનવામાં આવી રહ્યો છે.

એકનાથ શિંદે આ બેનરના માધ્યમથી ભારતીય જનતા પાર્ટીને મુંબઈ કે થાણેમાં તેમને ન ઘેરવાનો સંકેત આપવાનો પ્રયાસ કરી રહ્યા છે? શું આ એક આકરી સોદાબાજી કરવાની રણનીતિનો ભાગ છે કે જો તમે મુંબઈ મેળવવા માંગતા હો, તો થાણે શિવસેનાને સોંપી દો? એવો સંકેત આમાંથી આપવામાં આવ્યો છે એવી ચર્ચા રાજકીય નિરીક્ષકોમાં થઈ રહી છે.

### ભૂતકાળ અને ભવિષ્યની ચૂંટણીઓ

આ બાબતે જ્યારે શિવસેનાના સૂત્રો સાથે વાત કરવામાં આવી ત્યારે તેમણે એમ કહીને વાતને ટાળવાનો પ્રયાસ કર્યો હતો કે તે બેનર શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને પડકાર ફેંકવા માટે લગાવવામાં આવ્યું હતું, જોકે તેમણે એવી પણ કબૂલાત કરી હતી કે તે ભાજપને પણ શિંદે સેનાને હળવાશથી ન લેવાનો સૂક્ષ્મ સંદેશ આપે છે.

તેમણે યાદ અપાવ્યું હતું કે કેવી રીતે, ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પછી, શિંદેને મુખ્ય પ્રધાન પદેથી હટાવીને નાયબ મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમને તેમના પક્ષના સાથીદારો માટે પોર્ટફોલિયો અને કેબિનેટ પદ માટે સખત સોદાબાજી કરવી પડી હતી.

વિધાનસભાની ચૂંટણીમાં જંગી વિજય પછી હવે ભાજપ એવું માને છે કે તેને સ્થાનિક સંસ્થાઓમાં તેની સંપૂર્ણ પકડ મજબૂત કરવી છે. જિલ્લા પરિષદો, મ્યુનિસિપલ કોર્પોરેશનો અને નગર પરિષદો સહિત સ્થાનિક સંસ્થાઓ પર નિયંત્રણ મેળવ્યા વિના, તે ૨૦૨૯ની વિધાનસભા અને લોકસભા ચૂંટણીમાં તેનું અગ્રણી સ્થાન જાળવી શકશે નહીં.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પછી ભાજપ સંમેલનમાં, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કાર્યકરોને નશતપ્રતિશત ભાજપથ અથવા ૨૦૨૯ની મહારાષ્ટ્ર ચૂંટણીમાં ૧૦૦ ટકા ભાજપ તરફ કામ કરવા વિનંતી કરી હતી.

મતભેદોને ઓછું મહત્વ આપતા, શિવસેનાના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે કહ્યું, દરેક પક્ષના કાર્યકરને લાગશે કે મેયર તેમના પક્ષનો હોવો જોઈએ. મુદ્દો એ છે કે આવા નિર્ણયો સ્થાનિક નેતાઓ દ્વારા લેવામાં આવતા નથી. આખરે, તેમણે દલીલ કરી, બધા મોટા નિર્ણયો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના સ્તરે લેવામાં આવશે. તેમના ખુલાસા છતાં, હકીકત એ છે કે ભાજપ પણ ઔદ્યોગિક શહેર થાણેમાં શિવસેનાના ઉદ્ધત વલણથી ખુશ નથી, જે શિંદેનો રાજકીય ગઢ છે.

ભાજપના વરિષ્ઠ ધારાસભ્ય સંજય કેલકર થાણેમાં કથિત ભ્રષ્ટાચાર સંસ્કૃતિને કારણે વહીવટમાં થયેલા બગાડ અને ભ્રષ્ટાચાર અંગે ખુલ્લેઆમ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લા ભાજપે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ૧૩૧ વોર્ડ માટે ઉમેદવારોનું મૂલ્યાંકન શરૂ કરી દીધું છે.

# આદિવાસી સગીરાના બળજબરીથી લગ્ન કરાવ્યા બાદ બળાત્કાર ગુજારાયોઃ પાંચ સામે ગુનો દાખલ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં ૧૩ વર્ષની આદિવાસી સગીરાનાં બળજબરીથી લગ્ન કરાવ્યા બાદ તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

સગીરાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે વરરાજા અને તેના પરિવારના પાંચ સભ્ય વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, જેઓ અહિલ્યાનગરના રહેવાસી છે.

પોલીસના જણાવ્યા અનુસાર સગીરાના દાદાએ તેનાં લગ્ન સપ્ટેમ્બરમાં અહિલ્યાનગરના રહેવાસી સાથે કરાવ્યાં હતાં અને બાદમાં તેનું વારંવાર જાતીય શોષણ કરવામાં આવતું હતું. પરિવારજનો પણ તેને માનસિક ત્રાસ આપી રહ્યા હતા. સગીરાના બળજબરીથી લગ્ન, વારંવાર તેનું જાતીય શોષણ કરવા બદલ પરિવારના પાંચ સભ્યો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં અનેક અધિકારક્ષેત્રનો સમાવેશ થાય છે અને અમે આ ગંભીર ગુનામાં સામેલ આરોપીઓ સામે તાત્કાલિક પગલાં લેવા માટે તપાસને યોગ્ય રીતે કોર્ડિનેટ કરી રહ્યા છીએ, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ, પ્રોહિબિશન ઓફ ચાઇલ્ડ મેરેજ એક્ટ અને એસસી-એસટી એક્ટ (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીસ)ની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# પારસી મરણ

પરવીન હોમી કાંગા તે મરહુમો બેપસી હોમી કાંગાના દીકરી. તે તનાઝના કઝીન માસી. તે મેહરુ, માનેક, હોમી કોટવાલ, પરવીન ઇરાની, નાઝર કોતવાલ, તથા મરહુમો હોમાય તાતા, દારાયસ કોતવાલ, શેરનાઝ કાપડીયાના કઝીન. (ઉં. વ. ૭૫) રે. ઠે. ૨૦૧, આશીયાના બિલ્ડિંગ, ઓફ જે. પી. રોડ, પ્રતાપ સોસાયટી સામે, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં.૨માં ડુંગરવાડી પર છેજી.

આલુ ફિરોઝ મહેતા તે મરહુમ ફિરોઝના ધનીયાની. તે મરહુમો મીથામાય તથા શાવકશા અરદેશીર મહેતાના દીકરી. તે બેહરામના માતાજી. તે દેલનાઝના સાસુજી. તે અરનાવાઝ, પેરીન, હોમાય ને મરહુમ રતામાયના બહેન. તે પીરુઝ ના બપઇજી. (ઉં.વ. ૯૫) રે. ઠે. ૬ જામાસપ, તાતા બ્લોક્સ, ૩૮ રોડ, બાંદ્રા, મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૫ વાગે બાંદ્રા તાતા અગિયારીમાં.

દોરાબ રુસ્તમજી બારડોલીવાલા તે જરૂ દોરાબ બારડોલીવાળાના ખાવીંદ. તે મરહુમો ગુલબાઇ તથા રૂસ્તમજીના દીકરા. તે કેશ્મીરા દિન્યાર આગાના પપ્પા. તે દિન્યાર હોમી આગાના સસરા. તે ટીના, રોશની, ઝીલનાઝ ને નેવીલના મમાવા. (ઉં. વ. ૯૩) રે. ઠે. ડો. એન્જિનિયર હાઉસ, ભોંયતળિયે, રૂમ. નં-૨, કાશીનાથ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૧૦-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે કામાબાગ અગિયારીમાં છેજી.

# હિન્દુ મરણ

**કપોળ**

ઉમરાળાવાળા હાલ વિલેપાર્લે સ્વ. ઉર્મિલાબેન તથા સ્વ. મનસુખલાલ સુંદરજી ભુતાના પુત્ર જીતેન્દ્રભાઇ (ઉ.વ.૭૬) તે પારુલબેનના પતિ. મેહુલભાઇ તથા પ્રણવભાઇના પિતાશ્રી. ભાવનાબેનના સસરા. દક્ષાબેન રજનીભાઇ મહેતા, મીનાબેન ભરતભાઇ વળિયા, રાજલબહેન મેહુલભાઇ સંઘવીના ભાઇ. સ્વ. પ્રતાપભાઇ લલ્લુભાઇ દેસાઇના જમાઇ. ગુરુવાર, તા. ૧૬-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન રામજી (પ્રાગજી) નરમ ધારેશીવાળાની પુત્રી કુ. અરુણા (ઉં. વ. ૭૧) તા. ૧૬-૧૦-૨૫ના ગુરુવારના શ્રીરામશરણ પામેલ છે. તે પ્રવીણ, જયંતી, સ્વ. મહેન્દ્ર, ચંદ્રકાંત (ચંદુ) ઇન્દીરા મુકેશકુમાર અરોરાના બહેન. જયશ્રી, વાસંતી, ભાવના, હર્ષાના નણંદ. સ્વ. આણંદબાઇ દેવજી રાયકંગોર લખપતવાળાની દોહિત્રી ધીરેન, ભાવીન, તરંગ, પૂનમ દેવલકુમાર, જીજ્ઞા સંજયકુમાર, કાજલ જયેશકુમાર, પૂર્વી કૌશીકકુમાર, તૃપ્તિ વૈભવકુમાર, રીચા મેહુલ કુમારના ફઇબા. દિમી ભાવિનના ફઇસાસુ. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી લોહાણા**

ડોમ્બિવલી નિવાસી ગં. સ્વ. ઉષાબેન ઠક્કર (ઉં. વ. ૮૪) તા. ૧૪/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભુપેન્દ્રભાઈ મણિલાલ ઠક્કરના ધર્મપત્ની. ઉમેશભાઈ, મનીષભાઈ તથા સૌ. સંગીતા સતીશભાઈ વસાણીના માતુશ્રી. ટીમસી રોહનકુમાર રવેશિયાના દાદી. અનિતાના સાસુ. હસમુખભાઈ, સ્વ. તનસુખભાઈ, નીલમબેન કિરીટકુમાર પુજારા, નલિનીબેન દિલીપકુમાર રાજાનીના ભાભી. જયાબેન પુરષોત્તમભાઇ મોનજી કોટેચાના દીકરી. લૌકિક વહેવાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

રાજુલાવાળા હાલ વિલેપાર્લે સ્વ. વસંતરાય ભાઇદાસભાઇ ભુતાના સુપુત્ર દિનેશભાઇ તે ઇલાબેનના પતિ. હિરલ અને ચિંતનના પિતા. અતિક અને ઝારાના સસરા. સ્વ. જયશ્રીબેન પ્રણવ દલાલ અને પારુલબેનના મોટાભાઇ. જશના મામા. મહુવાવાળા નરેન્દ્રભાઇ મોહનલાલ મહેતાના બનેવી. તા. ૧૬-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. પુષ્પાબેન જમનાદાસ દાવડા (ઉં. વ. ૮૭) તે સ્વ. જમનાદાસ વાલજી દાવડાના ધર્મપત્ની. કચ્છ ગામ લખપત હાલ ઘાટકોપર. તે સ્વ. દેવીદાસ તથા ચિ. દીપકના માતુશ્રી. તે સ્વ. લક્ષ્મીબેન વિશનજી રાયકુંડલિયા ગામ ગુઇરના સુપુત્રી. તે સ્વ. કેસરબેન વાલજી દાવડાના પુત્રવધૂ. તા. ૧૬-૧૦-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

# જૈન મરણ

ઉમરાળા નિવાસી હાલ પુના, કિરીટભાઈ જુગલકિશોર મેહતા (ઉં. વ. ૭૬) તા. ૧૬.૧૦.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેઓ શ્રીમતિ મધુબેનના પતિ. જીતુભાઈ તથા સ્વ. અરુણાબેન કિશોરભાઈ કપાસી, શ્રીમતી નૈનાબેન મહેશભાઈ રૂપાણીના ભાઈ. કૃપા રશ્મિન શાહ, ભક્તિ સાગર મોદી, શ્રદ્ધા અને સંતોષના પિતાશ્રી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

લીમડી નિવાસી હાલ મુંબઇ વિક્રમભાઇ વોરા (ઉં. વ. ૬૮) તે સ્વ. છોટાલાલ ભૂરાભાઇ વોરાના સુપુત્ર. કોકિલાબેનના પતિ. સ્વ. અનોપચંદ લાલચંદ કોઠારીના જમાઇ. તે સ્વ. ભાવિક અને દિપાલીના પિતા. દિશા અને સમકિતકુમારના સસરા. મનીષભાઇ, અનિલાબેન, રીટાબેન તથા સેજલબેનના ભાઇ. તા. ૧૬-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ટંકારા નિવાસી હાલ ભાંડુપ સ્વ. વનેચંદ રૂપચંદ દોશીના સુપુત્ર ગુણવંતભાઇ (ઉં. વ. ૭૮) ગ. સંધ્યાબેનના પતિ. ચિંતન, નિપુણના પિતા. જીનલ, નિશાના સસરા. તે સ્વ. રમણીકભાઇ, સ્વ. રસિકભાઇ, સ્વ. હિંમતભાઇ, સ્વ.નવીનભાઇ, સ્વ. મહેન્દ્રભાઇના ભાઇ. તે સ્વ. જયંતીલાલ મણિલાલ મહેતાના જમાઇ. તા. ૧૬-૧૦-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તલ્લી નિવાસી હાલ મુલુંડ સ્વ. દલીચંદ કુંવરજી દોશીના ધર્મપત્ની વિમળાબેન (ઉં.વ. ૮૬) તા. ૧૬-૧૦-૨૫ને ગુરુવારના રોજ અરિહંતશરણ પામેલ છે. સુરેશભાઇ, કુંદનબેન, નીતાબેન અને કેતનભાઇના માતુશ્રી. પ્રતિભાબેન, પ્રિતીબેન, કિરીટકુમાર દોશી અને વિજયકુમાર શાહના સાસુ. પ્રિયાંક, પૂજા, પ્રક્ષાલ, અને રિશિતના દાદી. કલ્પ, લબ્ધિના મોટા દાદી. પિયરપક્ષે જેરાજભાઇ ભીમજીભાઇ શાહ (વરલવાળા)ના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૪૦૧, ફ્લોરા એપાર્ટમેન્ટ, એસ. એન. રોડ, શુભમ હોટેલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ગોધરા નિવાસી, હાલ મુંબઈ, અનિલકુમાર શાહ (ઉં. વ. ૮૦) તે વિજયાબેન અને ત્રંબકલાલ શાહના પુત્ર. અલકા ચંદ્રેશ શાહના પિતા. દેવાંગીના નાના. ચંદ્રેશ શાહના સસરા. હસુમતીબેન, જશવંતભાઈ, મધુવનભાઈ, નિરંજનભાઇ, કિર્તીભાઈ, મુકુલભાઈ, જ્યોતિબેનના ભાઈ. અમૃતલાલ લાખાણીના જમાઈ તા. ૧૫/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ મલાડ, કાંતિલાલ કેશવલાલ દોશી (ઉં. વ. ૯૪) તા. ૧૬.૧૦.૨૫ના અરીહંતશરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. રાજેશભાઈ, અતુલભાઇ, સોનલબેનના પિતાશ્રી. પ્રીતિ, સ્વ. મીતાબેન, આરતી, દર્શનભાઈના સસરા. શ્રુતિ વિરલ શાહ, શ્રેણિક, ખ્યાતિ, ધ્રુવીન, મોનીલ, તનિલ, સલોની, વિધિના દાદા. પ. પૂ. જીનેન્દ્ર વલ્લભ મ. સા., સ્વ. મનહરલાલ સ્વ. સુમતિભાઈના મોટાભાઈ. વાંકાનેર નિવાસી સ્વ. હાકેમ ચંદ જુઠાલાલ શાહના જમાઈ. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ચોક (મોરચૂપણા) નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચંદ્રાબેન બાવચંદ વિઠ્ઠલદાસ દોશીના પુત્રવધૂ અ. સૌ. ભારતી હરેશભાઇ દોશી (ઉં. વ. ૬૪) તા. ૧૬/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. અંકિત તથા જીનલના માતુશ્રી. કિંજલ તથા વીરાગ કિર્તીભાઇ ગાંધીના સાસુ. દક્ષાબેનના ભાભી. પિયરપક્ષે મહુવાવાળા સ્વ. મંગળાબેન તથા સ્વ. ગીરધરલાલ પ્રભુદાસ શાહના દીકરી. માતૃવંદના તા. ૧૮/૧૦/૨૫ શનિવારના ૧૦ થી ૧૨. જાસ્મીન હોલ, રઘુલીલા મોલ, ચોથે માળે. પોયસર ડેપો પાછળ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાખાપર હાલે નાગપુરના નાગજી ધારશી શેઠિયા (ઉં. વ. ૭૯) તા. ૧૫-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. મમ્મીબાઈ ધારશી ચાંપશીના પુત્ર. પ્રેમિલા (પ્રભા)ના પતિ. નીતા, કેતનના પિતા. રામજી, ઝવેર, રાઘવજી, પ્રભાના ભાઈ. છસરા ઉમરબેન રવજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન શેઠિયા, ૨૦૧, જલારામ સોસાયટી, લકડગંજ, નાગપુર-૪૪૦૦૦૮.

નાંગલપુરના ચંદ્રકાંત ખેતશી વીરા (ઉં. વ. ૮૩) તા. ૧૬-૧૦ના અવસાન પામેલ છે. પરમાબેન ખેતશી મુરજીના સુપુત્ર. ચંદ્રીકા (પ્રભા)ના પતિ. ચેતન, બીના, જસ્મીનના પિતા. પ્રવિણ, સુશીલા, કાંતી, વસંત, પ્રફુલના ભાઇ. બિદડાના લાછબાઇ દેવજી દેશરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચેતન વીરા, ૨૨૨, માણેક સો., એસ.જે.રોડ, લોઅર પરેલ, મું. ૧૩.

વડાલાના કિશોર ઇસરાણી (ઉં. વ. ૬૯) તા. ૧૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. કેસરબેન જાદવજીના પુત્ર. હંસાબેનના પતિ. ચેતનના પિતા. ગુંદાલાના મણીબેન તલકશી સતરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચેતન કે. શાહ, ડી-૧૦૨, પારસ નિકેતન, છેડાનગર, ચેંબુર, મુંબઇ-૪૦૦૦૮૯.

બિદડાના ધીરજલાલ દેવશી વીરા (ઉં. વ. ૮૯) તા. ૧૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. મકાંબાઈ દેવશી દેવજી વીરાના સુપુત્ર. મણીબેનના પતિ. ભારતીના પિતાશ્રી. કાંડાગરાના જવેરબેન કુંવરજી, મણીલાલ, લક્ષ્મીચંદ, હેમચંદના ભાઈ. કોડાયના સુંદરબેન નાનજી કચુના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. દેહદાન કરેલ છે. ઠે. ભારતી રમેશ ગોગરી, બી-૬૦૩, સની સ્ટેટ, આઈ.ડી.બી.આઈ. બેંકની ઉપર, એસ. ટી. રોડ, ચેમ્બુર-૭૧.

દેશલપુર (કંઠી)ના કેસરબેન પ્રેમજી સોની (ઉં. વ. ૯૩) તા. ૧૨-૧૦-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. માંકબાઈ વેલજી હધુના પુત્રવધૂ. પ્રેમજીના પત્ની. વિમળા, ચંદ્રીકા, કલ્પના, શાંતીલાલના માતુશ્રી. ડેપાના ઉમરબાઈ વીરજી ખેરાજના પુત્રી. ખીમજી, રતનબેન ચના, લક્ષ્મીબેન લાલજી, દેવકાબેન લાલજીનાબેન. વેલબાઈના નણંદ. પ્રાર્થના રાખેલ નથી. નિ. શાંતીલાલ પ્રેમજી સોની, વીરા ફરીયો, દેશલપુર (કંઠી), ૩૭૦૭૦૫.

# ભવિષ્યમાં પોલીસ પાસે લાકડીઓ નહીં, ટેબલેટ હશેઃ મુંબઈ પોલીસ કમિશનર

મુંબઈઃ ૨૦૪૭ સુધીમાં મુંબઈની વસ્તી બમણી થઈ જશે. પોલીસ અધિકારીઓની સંખ્યા પણ તે મુજબ વધશે. પરંતુ ગુનાના બદલાતા સ્વરૂપને જોતાં, ભવિષ્યમાં પોલીસને લાકડીઓ નહીં, પણ ટેબલેટ આપવા પડશે, એમ મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતીએ ભારપૂર્વક જણાવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા રજૂ કરાયેલા વિઝન પેપરમાં ફરજ પરના પોલીસ અધિકારી ટેબ્લેટ પર ગુનો નોંધશે તેવી વિભાવના પણ રજૂ કરવામાં આવી હોવાનું જણાવતા ભારતીએ કહ્યું કે અત્યાર સુધી આપણે સામાન્ય ગુનાઓ જોયા છે. પરંતુ સમય એવો છે કે ડ્રોન આવશે અને સોનાની ચેઈનની ચોરી રેકોર્ડ કરશે. એઆઇના અનૈતિક ઉપયોગની શક્યતાને પણ નકારી શકાય નહીં. આ ઉપરાંત સોશિયલ મીડિયા હાલમાં એટલું સક્રિય છે કે ભવિષ્યમાં તે કેટલી હદ સુધી પહોંચશે તે આપણે કહી શકતા નથી. તેમણે ધ્યાન દોર્યું કે પોલીસે અત્યાર સુધી ઉપયોગમાં લેવાતી પરંપરાગત પદ્ધતિઓ ચોક્કસપણે બદલવી પડશે. પરિવહન વ્યવસ્થામાં વધારાને કારણે, પોલીસ પર સુરક્ષા દબાણ આવશે. આપણે કૃત્રિમ બુદ્ધિમત્તાનો સહારો લેવો પડશે, એમ તેમણે ઉમેર્યું. સાયબર ક્રાઇમ વધી રહ્યા હોવા છતાં, આ ગુનાઓના મોટા નાણાકીય પ્રભાવને કેવી રીતે ઘટાડી શકાય તે તરફ વિચારો શરૂ થયા છે. જો ૧૯૩૦ નંબર પર ગુનો થયાના પ્રથમ પાંચ મિનિટમાં માહિતી આપવામાં આવે, તો ખોવાયેલી સંપૂર્ણ રકમ પાછી મેળવી શકાય છે.

# મીટિંગને બહાને બોલાવી વેપારીનું અપહરણ કરી રૂપિયા વસૂલ્યા

થાણેઃ મીટિંગને બહાને ઉલ્હાસનગરના વેપારીને બોલાવ્યા બાદ કથિત અપહરણ કરી ૨.૯૮ લાખ રૂપિયાની ખંડણી વસૂલવા બદલ પોલીસે ચાર આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. વ્યાવસાયિક અદાવતને પગલે આ ગુનો આચરાયો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

ઉલ્હાસનગરમાં રહેતા વેપારીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે એક આરોપીએ ૧૩ ઑક્ટોબરે મીટિંગને બહાને બોલાવ્યો હતો. પછી પિસ્તોલની ધાકે વેપારીને મારલ ગામમાં ખાણ નજીકની નિર્જન રૂમમાં લઈ જવાયો હતો.

રૂમમાં ચાર જણે ફરિયાદીના જીપેનો પિન નંબર મેળવી તેના બૅન્ક ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરી લીધાં હતાં. વેપારીને તેની પત્નીના એકાઉન્ટમાંથી પણ રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું હતું. આરોપીઓએ ૨.૯૮ લાખ રૂપિયા વસૂલ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ફરિયાદને આધારે ઉલ્હાસનગર પોલીસે આરોપીઓ વિરુદ્ધ અપહરણ અને ખંડણીનો ગુનો નોંધ્યો હતા.

છેલ્લા પાનાનું ચાલુ

## 'ડિજિટલ અરેસ્ટ'

અધિકારીએ જણાવ્યું હતું. આરએકે માર્ગ પોલીસે અમદાવાદ અને મહેસાણાથી ઝડપી પાડેલા આરોપીની ઓળખ સુરેશકુમાર મગનલાલ પટેલ (૬૯), મુસરાન ઇકબાલભાઇ કુંભાર (૩૦), ચિરાગ મહેશભાઇ ચૌધરી (૨૯), અંકિતકુમાર મહેશભાઇ શાહ (૪૦), વાસુદેવ ઉર્ફે વિવાન વાલજીભાઇ બારોટ (૨૭) અને યુવરાજ ઉર્ફે માર્કો લક્ષ્મણસિંહ સિકરવાર (૩૪) તરીકે થઇ હતી. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર યુવરાજ ઉર્ફે માર્કો મુખ્ય આરોપી હોઇ તે કમ્બોડિયા અને ચીન સ્થિત સૂત્રધારોના સતત સંપર્કમાં હતો અને બૅન્ક ખાતાંઓ તથા ઉચાપત કરેલાં નાણાં ટ્રાન્સફર કરવા બાબતે સૂચનાનું પાલન કરતો હતો. માર્કો છેલ્લાં ત્રણ વર્ષથી છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલો હતો. બાકીના પાંચ આરોપી એક વર્ષથી સાયબર ફ્રોડ માટે બૅન્ક ખાતાં અને સીમકાર્ડ પૂરાં પાડવાનું કામ કરતા હતા. આરોપી માર્કોએ બૅન્કમાં ખાતાં ધરાવતા સ્થાનિક વેપારીઓ તેમ જ ટ્રેડરોને રોકી રાખ્યા હતા. જેમનાં ખાતાંમાં ઠગાઇની રકમ ટ્રાન્સફર થતી હતી તેને ત્રણ ટકા કમિશન આપવામાં આવતું હતું.

ફરિયાદી વેપારીને પચીસથી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન કૉલ કરનારી વ્યક્તિઓએ પોતાની ઓળખ વિનીતા શર્મા, પ્રેમકુમાર ગૌતમ અને સદાનંદ દાતે તરીકે આપી હતી. પીએમએલએ કેસમાં નામ સંડોવાયેલું હોવાથી બૅન્ક ખાતું ફ્રીઝ થશે, એવી ધમકી આપીને વેપારીને આરોપીઓએ ડરાવ્યો હતો અને બાદમાં ડિજિટલ અરેસ્ટમાં રાખીને વેપારી પાસેથી ૭૦ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હતા, જેને પગલે પોલીસ ફરિયાદ નોંધાવાઇ હતી. આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓ વિરુદ્ધ મુંબઈ સહિત મહારાષ્ટ્ર, બેંગલુરુ, ભોપાલ, આગ્રા, ઉત્તર પ્રદેશ, તમિળનાડુ, ઝારખંડ, ગુજરાત, દિલ્હી, હરિયાણા, કેરળ અને પશ્ચિમ બંગાળમાં ૩૧ ગુના દાખલ છે. અત્યાર સુધી પોલીસ દ્વારા પંદર બૅન્ક ખાતાં સીઝ કરાયાં છે, જ્યારે ૧૦.૫ લાખ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા છે.

## હિન્દુ છોકરીઓએ

છે. હિન્દુ યુવતીઓને કહો કે તેઓએ ઘરે યોગ અથવા કસરત કરવી જોઈએ. તેમને તાલીમ માટે જિમમાં જવાની જરૂર નથી,' એમ પડળકરે કહ્યું હતું.

ઓળખની વિગતો વિના કોલેજોમાં જતા યુવાનોને શોધી કાઢવા જોઈએ અને પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું. 'આપણે એક મજબૂત પ્રતિબંધક વ્યવસ્થા બનાવવાની જરૂર છે,' એમ સાંગલી જિલ્લાના જતના ભાજપના વિધાનસભ્યે જણાવ્યું હતું.

## સમગ્ર રાજ્યમાં

ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૩.૩ ડિગ્રી વધારે હતું. હવામાન વિભાગ દ્વારા ઓક્ટોબર મહિનામાં નોંધાયેલું આ બીજા નંબરનું હાઈએસ્ટ તાપમાન હતું. મુંબઈમાં જોકે ઓક્ટોબર મહિનાનું ઓલટાઈમ હાઈએસ્ટ તાપમાન ૩૮.૬ ડિગ્રી છે, જે ૧૭ ઑક્ટોબર, ૨૦૧૫ના નોંધાયું હતું. શુક્રવારે કોલાબામાં દિવસનું તાપમાન ૩૫.૬ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૨.૪ ડિગ્રી વધારે હતું અને લગભગ એક દિવસ પહેલા નોંધાયેલા ૩૫.૮ ડિગ્રીની આસપાસ રહ્યું હતું. કોલાબા વેધશાળા દ્વારા દિવસનું નોંધાયેલું ૩૫.૮ ડિગ્રી તાપમાન પાંચ વર્ષમાં સૌથી વધુ હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મુંબઈ શુક્રવારે સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. મુંબઈ ત્રણે તરફથી દરિયાથી ઘેરાયેલું છે અને મુંબઈના વાતાવરણને તે અસર કરે છે.

શુક્રવારે દરિયાઈ પરથી પવનો મોડેથી ફૂંકાતા તાપમાન વધ્યું હતું. હવામાન વિભાગે પોતાની ૧૮થી ૨૧ ઑક્ટોબર માટે તેની આગાહીમાં જણાવ્યું હતું કે મુંબઈમાં વાતાવરણ શુષ્ક રહેશે. તો ૧૯ ઑક્ટોબરના ગાજવીજ સાથે હળવો વરસાદ પડી શકે છે. આ દરમ્યાન રાયગડ માટે ૧૯ ઑક્ટોબર માટે યલો અલર્ટ રહેશે, જેમાં વાવાઝોડા સાથે વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડી શકે છે.

## ૫૮ કરોડનો કેસ

કેસમાં મલાડના અબ્દુલ નાસીર અબ્દુલ કરીમ ખુલ્લી, મુંબઈ સેન્ટ્રલના અર્જુન કડવાસરા તથા તેના ભાઇ જેઠારામ કડવાસરાની ધરપકડ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં વિવિધ બૅન્ક ખાતાંમાં ૩.૫ કરોડ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા છે અને ગુનામાં સામેલ ટોળકીના મુખ્ય સૂત્રધારની શોધ ચલાવવામાં આવી રહી છે. બૅન્કના મેનેજર તેમ જ અન્ય અધિકારીની સંડોવણી છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. ફરિયાદી મુંબઈના વેપારીને ૪૦ દિવસ સુધી 'ડિજિટલ અરેસ્ટ' હેઠળ રાખીને ૫૮.૧૩ કરોડ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. વેપારીને પ્રથમ એક વ્યક્તિએ કૉલ કર્યો હતો અને પોતાની ઓળખ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયાના અધિકારી તરીકે આપી હતી. તેણે વેપારીને કહ્યું હતું કે ગેરકાયદે મેસેજ મોકલવા માટે તમારા મોબાઇલ નંબરનો ઉપયોગ કરાઇ રહ્યો છે. બાદમાં પોલીસ અધિકારી તરીકે પોતાની ઓળખ આપનારી વ્યક્તિએ વેપારીને જણાવ્યું હતું કે તમારું બૅન્ક ખાતું મની લોન્ડરિંગ માટે વાપરવામાં આવી રહ્યું છે. આરોપીઓએ ત્યાર બાદ બોગસ પોલીસ સ્ટેશન, કોર્ટની કાર્યવાહી અને પોલીસની પૂછપરછના નામે વેપારીની જીવનભરની બચત પડાવી લીધી હતી.

## મ્હાડાનો માસ્ટરપ્લાન

હાઇવે સાથે કનેક્ટેડ છે. મુંબઈના વેલ કનેક્ટેડ અને પોશ વિસ્તાર તરીકે બાન્દ્રા જાણીતું છે.

ક્લસ્ટર ડેવલપમેન્ટ હેઠળ બાન્દ્રા બે ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. અહીં માત્ર રેસિડેન્શિયલ નહીં, પરંતુ ઓલઓવર ફેસિલિટી સાથેની ટાઉનશિપ ઊભી કરવામાં આવશે.

જોકે આ પ્રકારની સુવિધાઓ બાન્દ્રા જેવા વિસ્તારમાં ઊભી થશે ત્યારે તે માત્ર ગરીબ કે મધ્યમવર્ગ નહીં, પણ ઉચ્ચ મધ્યમવર્ગની પણ પહોંચની બહારની આ યોજના રહેશે, જે સસ્તા ઘર માટે જાણીતી મ્હાડા અમલમાં મૂકી રહી છે. આ વિસ્તારમાં બોલીવૂડના મોટા સ્ટાર્સ પણ રહે છે અને તે ઉપરાંત બિઝનેસ જાયન્ટ્સ અને પોલિટિશિયન્સ પણ રહે છે. હવે જે બાન્દ્રા બે બનશે તેમાં કોઈ ઈન્વેસ્ટ કરી શકશે અને સામાન્ય મુંબઈકરને કેટલો ફાયદો થશે, તે સમય જ બતાવશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મુંબઈ મહાનગરમાં ૧૧૭ નવા હાઉસિંગ પ્રોજેક્ટ મંજૂર

થાણેઃ મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (મહારેરા)એ રાજ્યભરમાં કુલ ૮૦૯ હાઉસિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. તેમાંથી સૌથી વધુ (૧૧૭) પ્રોજેક્ટ મુંબઈ મહાનગર પ્રદેશ - મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં મંજૂર થયા છે. એમાં તળ મુંબઈ ને ઉપનગરમાં ૬૩, થાણેમાં ૫૮, રાયગડ ૪૧, પાલઘર ૨૨, રત્નાગીરી ૯ અને સિંધુદુર્ગના ચાર પ્રોજેક્ટનો સમાવેશ છે. આ મંજૂરીને પગલે મુંબઈ મહાનગર વિસ્તારમાં ગૃહ નિર્માણમાં નવો સંચાર આવ્યો છે અને આગામી કેટલાક મહિનાઓમાં મોટા શહેરોમાં હાઉસિંગ કોમ્પ્લેક્સ બાંધવામાં આવશે.

મુંબઈ અને તેની આસપાસ પ્રોપર્ટી માર્કેટમાં છેલ્લાં કેટલાક મહિનાઓથી વૃદ્ધિ જોવા મળી રહી છે. થાણે, કલ્યાણ, ડોમ્બિવલી વિસ્તારો, નવી મુંબઈ, ઉલ્હાસનગર, અંબરનાથ, પાલઘર, બોઇસરમાં મોટી સંખ્યામાં નવા હાઉસિંગ કોમ્પ્લેક્સનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. મોટાભાગની મહારેરાની મંજૂરીઓ આ વિસ્તારોમાં મળી છે. કોરોના કાળ પછી અટકી ગયેલા કે વિલંબિત અનેક પ્રોજેક્ટ્સ ફરીથી ગતિ પકડી રહ્યા છે. આ મંજૂરીઓ મળવાથી ઘર ખરીદનારાઓમાં નવા પ્રોજેક્ટ્સ માટે આત્મવિશ્વાસ નિર્માણ થશે.

દશેરા અને દિવાળી રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે પરંપરાગત રીતે શુભ તહેવારો છે. આ સમયગાળા દરમિયાન નવા પ્રોજેક્ટ્સની જાહેરાત અને વેચાણ શરૂ કરવાનો રિવાજ છે. આ વર્ષે મહારેરાએ દશેરા દરમિયાન રેકોર્ડ મંજૂરી આપીને બાંધકામ ક્ષેત્રમાં ઉત્સાહનું વાતાવરણ ઊભું કર્યું છે. દશેરાના અવસર પર મંજૂર કરવામાં આવેલા આ ૮૦૯ પ્રોજેક્ટ્સમાંથી ૪૦૫ પ્રોજેક્ટને નવા રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવ્યા છે, ૨૦૯ પ્રોજેક્ટ્સને મુદત વધારી આપવામાં આવી છે અને સૂચિત સુધારા માટે ૧૯૫ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. ■

# મઢ-વર્સોવા પ્રોજેક્ટને આખરે પર્યાવરણીય મંજૂરીઃ ૯૦ મિનિટનો પ્રવાસ માત્ર પાંચ મિનિટમાં

મુંબઈ : રાજ્ય સરકારની ભલામણને પગલે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે મઢ-વર્સોવા પુલ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક પર્યાવરણીય મંજૂરી આપી દીધી છે. લગભગ રૂ. ૨,૪૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર આ પ્રોજેક્ટ માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે. જેનાથી લાંબા સમયથી અટકેલા આ પ્રોજેક્ટને વેગ મળશે, જે સૌપ્રથમ ૧૯૬૭ ના વિકાસ યોજનામાં પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો.

મુંબઈના પશ્ચિમી ઉપનગરોમાં ભારે ટ્રાફિક જૅમના ઉકેલ માટે બે દરિયાકાંઠાના વિસ્તારો મઢ અને વર્સોવાને પુલ દ્વારા જોડવામાં આવશે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને આ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ પ્રોજેક્ટનો ખર્ચ આશરે રૂ. ૨,૪૦૦ કરોડ થવાની ધારણા છે અને તેને કોસ્ટલ મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા પહેલાથી જ મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલયની મંજૂરીની રાહ જોવાતી હતી. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટને લીલીઝંડી આપી દીધી હોવાથી પર્યાવરણીય મંજૂરી માટે કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવી હતી. તે મુજબ આ પ્રોજેક્ટને આખરે પર્યાવરણીય મંજૂરી આપવામાં આવી છે. વિવિધ પરવાનગીઓના અભાવે આ પ્રોજેક્ટનું કામ ઘણા લાંબા સમયથી અટકી પડ્યું હોવાથી, કેન્દ્રીય પ્રધાન અને ઉત્તર મુંબઈના સાંસદ પિયૂષ ગોયલે આ પ્રોજેક્ટ માટે જરૂરી પરવાનગીઓ માટે ફોલો-અપ કર્યું હતું. તેમણે અધિકારીઓને આ મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટના અમલીકરણને ઝડપી બનાવવા સૂચના આપી હતી અને તમામ જરૂરી પર્યાવરણીય સંરક્ષણ પગલાં સુનિશ્ચિત કર્યા હતા.

રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી મઢ -વર્સોવા બ્રિજ આધુનિક એન્જિનિયરિંગનું પ્રતીક બનશે. પીયૂષ ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પુલ મુંબઈવાસીઓને ઝડપી, સુરક્ષિત અને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરશે અને મુંબઈમાં મુસાફરીનો ચહેરો બદલી નાખશે. આ બ્રિજને કારણે મઢ ટાપુથી વર્સોવા સુધીનો મુસાફરીનો સમય ૯૦ મિનિટથી ઘટીને માત્ર ૫ મિનિટ થશે. આનાથી ટ્રાફિક ઓછો થશે અને સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે. ■

# નવી મુંબઈના રબાલેમાં ફાર્માસ્યુટિકલ કંપનીમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી મુંબઈના રબાલેમાં એમઆઈડીસી એરિયામાં વહેલી સવારના દવાનું ઉત્પાદન કરનારી ફેક્ટરીમાં આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબે આગની દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું પણ ફેક્ટરીમાં મોટા પ્રમાણમાં કેમિકલનો જથ્થો હોવાને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આઠેક કલાકની જહેમત બાદ આગ નિયંત્રણમાં લાવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું.



નવી મુંબઈના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ વહેલી સવારના ૨.૧૫ વાગે રબાલેમાં એમઆઈડીસીમાં આર-૧૫૨ પ્લોટ પર જેલ ફાર્માસ્યુટિકલ નામની કંપીનીમાં આગ લાગી હતી. આગની જાણ થતા નવી મુંબઈના છ ફાયર એન્જિને ઘટના સ્થળે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આ ફેક્ટરીમાં મોટા પ્રમાણમાં કેમિકલનો સ્ટોક હોવાને કારણે આગ ઝડપથી આખી ફેક્ટરીમાં ફેલાઈ ગઈ હતી અને ભીષણ સ્વરૂપ ધારણ કર્યું હતું. દૂર દૂર સુધી તેના ધુમાડા નીકળતા દેખાઈ રહ્યા હતા.

આગના જાણ થતા એમઆઈડીસી ફાયરબ્રિગેડ સહિત નવી મુંબઈ ફાયરબ્રિગેડની વાશી, કોપરખૈરાણે, ઐરોલીથી ફાયરબ્રિગેડની ગાડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફેક્ટરીમાં મોટા પ્રમાણમાં કેમિકલ હોવાથી નિયંત્રણમાં લાવવામાં ભારે જહેમત થઈ હતી.

શુક્રવારે વહેલી સવારના કંપનીના મેનુફેક્ચરિંગ યુનિટમાં અચાનક ધુમાડો નીકળી રહ્યો હોવાનું કર્મચારીને જણાઈ આવ્યું હતું. તેથી સમયસૂચકતા વાપરીને કર્મચારીઓ બહાર નીકળી ગયા હતા. ક્ષણભરમા આગ આખી ઈમારતમાં ફેલાઈ ગઈ હતી.

સવારના લગભગ ૧૦ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. ફેક્ટરીમાં ફાયર સેફ્ટીના સાધનો હતા કે નહીં? તેમ જ સાધનો બરાબર કામ કરતા હતા કે નહીં તે બાબતે તપાસમાં કરવામાં આવી રહી હોવાનું નવ મુંબઈ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

# ભાઈબીજ માટે 'બેસ્ટ' દોડાવશે વધારાની બસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બેસ્ટ ઉપક્રમ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ દિવાળીના તહેવાર દરમ્યાન ભાઈબીજના દિવસે મુંબઈગરાની સુવિધા માટે વધારાની બસ દોડાવવામાં આવવાની છે. બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ મુંબઈ શહેર, પૂર્વ-પશ્ચિમ ઉપનગર, મીરારોડ, ભાઈંદર, થાણે શહેરના મેરેથોન ચોક, કોપરી, કેડબરી જંક્શન, દાદલાની પાર્ક (થાણે) સહિત નવી મુંબઈના કોપરખૈરાણે, નેરુલ, ઐરોલી, ઘણસોલી વિલેજ, સીબીડી-બેલાપૂર જેવા ઠેકાણે દોડનારી બસરૂ પર કુલ ૧૩૪ વધારાની બસ દોડાવવામાં આવશે.

પ્રવાસીઓની મદદ માટે ભીડના સમયે બસ સ્ટોપ પર તેમ જ રેલવે સ્ટેશન બહાર ટિકિટ ચેકર અને ટ્રાફિક ઓફિસરને નિમવામાં આવશે. તેથી વધુને વધુ નાગરિકોને બેસ્ટની બસની સેવાનો લાભ લેવાની અપીલ બેસ્ટ ઉપક્રમ દ્વારા કરવામાં આવી છે. ■

ભૂપતિનું આત્મસમર્પણ

# નકસલીઓના જૂથમાં ભંગાણઃ એક સમર્થનમાં, બીજું વિરોધમાં

મુંબઈઃ ૬૦ કાર્યકર્તાઓ સાથે આત્મસમર્પણ કરનાર વરિષ્ઠ નક્સલી નેતા મલ્લોજુલા વેણુગોપાલ રાવ ઉર્ફે ભૂપતિએ ખુલાસો કર્યો છે કે તેમના આંદોલનમાં તિરાડો પડી ગઈ છે અને ઘણા લોકો આત્મસમર્પણ કરવા માગે છે એમ અધિકારીએ શુક્રવારે જણાવી ઉમેર્યું હતું કે સોનુ તરીકે પણ ઓળખાતા ૭૦ વર્ષના સીપીઆઈ (માઓવાદી) નેતાએ જ નક્સલી આંદોલનમાં ગંભીર વૈચારિક મતભેદ હોવાનું જણાવ્યું છે.

સોનુએ બુધવારે ગઢચિરોલીમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અન્ય ૬૦ નક્સલીઓ સમક્ષ આત્મસમર્પણ કરતા નક્સલવાદી ચળવળને ગંભીર ફટકો પડ્યો છે. અધિકારીએ જણાવ્યું હતું કે બે જૂથ ઊભરી આવ્યા છે. એક જૂથ શાંતિ મંત્રણાની તરફેણમાં છે જ્યારે બીજું જૂથ એનો વિરોધ કરે છે. સીપીઆઈ (માઓવાદી) પક્ષમાં નોંધપાત્ર આંતરિક અણબનાવ છે. સોનુએ જન સમર્થન આધાર બનાવવાની રજૂઆત કરી સશસ્ત્ર સંઘર્ષ અને વ્યૂહાત્મક પ્રક્રિયા અસ્થાયી રીતે બંધ કરવાની હિમાયત કરી હતી.

જોકે તેલંગાણા સ્થિત સંગઠનના અન્ય તેલુગુ નેતાઓ સશસ્ત્ર કાર્યવાહી ચાલુ રાખવાનો આગ્રહ રાખે છે. સંગઠન ૨૦૧૧થી મુશ્કેલ સમયનો સામનો કરી રહ્યું છે અને છેલ્લા પાંચ વર્ષમાં પરિસ્થિતિ વધુ બગડી છે. અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ઉપલબ્ધ માહિતી મુજબ તેલંગાણામાં ૭૦થી વધુ કેડર હજી પણ સીપીઆઈ (માઓવાદ) સાથે જોડાયેલી છે. (પીટીઆઈ)■

# અંધેરીમાં કમર્શિયલ કૉમ્પ્લેક્સમાં લાગેલી આગમાં કાર અને 3 બાઈક બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી (પૂર્વ)માં ગ્રાઉન્ડ પ્લસ બે માળના કમર્શિયલ કૉમ્પ્લેક્સમાં વહેલી સવારે લાગેલી આગમાં એક ઈલેક્ટ્રિક કાર અને ત્રણ મોટરસાઈકલ બળીને ખાખ થઈ ગઈ હતી. આગની દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. લગભગ છ કલાકની જહેમત બાદ આગ નિયંત્રણમાં આવી હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ અંધેરી પૂર્વ, મરોલમાં મિલિટ્રી રોડ પર અશોક નગરમાં આવેલા કેડીએન કમ્પાઉન્ડમાં બે માળનું કમર્શિયલ કૉમ્પલેક્સ આવેલું છે. શુક્રવારે સવારના ૮.૧૦ વાગે કૉમ્પ્લેક્સમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

ફાયરબ્રિગ્રેડના અધિકારીના જણાવ્યા મુજબ લગભગ ૧,૦૦૦થી ૧,૫૦૦ સ્કવેર ફૂટના ગ્રાઉન્ડ ફ્લોર અને તેમાં બાંધવામાં આવેલા પોટિયા માળા સહિત પહેલા માળા પરના બાંધકામમાં આગ લાગી હતી. આગમાં મોટો પ્રમાણમાં વાહનોના હિસ્સા, ટાયરનો સ્ટોક, ફાઈલ, ઓફિસ રેકોર્ડ, એસી યુનિટ, સીસીટીવી કેમેરા સહિત એક ઈલેક્ટ્રિક કાર અને ત્રણ ટુ વ્હીલર બળીને ખાખ થઈ ગયા હતા. આગને કારણે ઈમારતની દીવાલનો અમુક હિસ્સો તૂટી પણ ગયો હતો. આગ લગભગ છ કલાકની જહેમત બાદ ૨.૨૪ વાગે નિયંત્રણમાં આવી હતી.

આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું માનવામાં આવે છે. ■

# જમીનમાં તિરાડો પડતા મહારાષ્ટ્રના બીડ જિલ્લાનું ગામ ખાલી કરાવ્યું



છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના બીડ જિલ્લાના આશરે ૪૦૦ લોકોની વસ્તીવાળા ગામમાં જમીનમાં તિરાડો પડ્યા બાદ ખાલી કરાવવામાં આવ્યું હતું. જાણકારી મળતા જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (જીએસઆઈ)ની એક ટીમએ સ્થળની મુલાકાત લીધી હતી. કપિલધરવાડી ગામ છત્રપતિ સંભાજી નગરથી અંદાજે ૧૫૦ કિલોમીટર દૂર છે અને પ્રખ્યાત કપિલધર ધોધથી લગભગ બે કિમી દૂર આવેલું છે.

જિલ્લા કલેક્ટર વિવેક જોન્સને પીટીઆઈને જણાવ્યું હતું કે પહેલી ઓક્ટોબરે કપિલધરવાડીમાં તિરાડો પડી હતી અને તે વધતી જતી હતી. એક તિરાડ પાંચ - છ ફૂટ જેટલી થઈ ગઈ છે. જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાની ટીમએ તિરાડોની ચકાસણી કરી છે.

ગામમાં ૮૫ પરિવારોના આશરે ૪૦૦ લોકો રહેતા હતા. તેમને આ વિસ્તારના મનમથ સ્વામી મંદિરના રેસ્ટ હાઉસમાં ખસેડવામાં આવ્યા છે એવી જાણકારી આપી કલેક્ટરે ઉમેર્યું હતું કે 'અમે આ ગ્રામજનોને સ્થળાંતર કરવા માટે એક સ્થળ નક્કી કરી પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાની ટીમ વિગતવાર અહેવાલ હજી સુધી નથી આવ્યો. (પીટીઆઈ)

# વસઈ-વિરાર પાલિકાના ભૂતપૂર્વ કમિશનરને સુપ્રીમ કોર્ટમાં પણ રાહત

## અનિલકુમાર પવારના છુટકારાના આદેશ સામે સ્ટે આપવાનો કોર્ટનો ઈનકાર

મુંબઈઃ બૉમ્બે હાઈ કોર્ટ પછી હવે સુપ્રીમ કોર્ટે પણ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)ને ફટકાર લગાવી વસઈ-વિરાર મહાપાલિકાના ભૂતપૂર્વ કમિશનરને રાહત આપી હતી. પવારના છુટકારાના આદેશ સામે સ્ટે આપવાનો સર્વોચ્ચ ન્યાયાલયે ઇનકાર કર્યો હતો. આ મામલે આગામી સુનાવણી નવેમ્બરમાં થશે.

વસઈ-વિરાર પરિસરમાંના બાંધકામ કૌભાંડને લગતા મની લોન્ડરિંગ મામલે ઈડીએ ૧૩ ઑગસ્ટે પવારની ધરપકડ કરી હતી. આ ધરપકડ 'ગેરકાયદે' હોવાનું જણાવી પવારે હાઈ કોર્ટેમાં અરજી કરી હતી. બૉમ્બે હાઈ કોર્ટે બુધવારે ધરપકડને ગેરકાયદે ગણાવી પવારને છોડવાના નિર્દેશ આપ્યા હતા.

હાઈ કોર્ટના આદેશ બાદ છેક ૬૪ દિવસે અનિલકુમાર પવારનો ગુરુવારની રાતે મુંબઈની આર્થર રોડ જેલમાંથી છુટકારો થયો હતો.

હાઈ કોર્ટના આ નિર્ણયને ઈડીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. શુક્રવારે ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની ખંડપીઠ સમક્ષ આ મામલે સુનાવણી થઈ હતી. ધરપકડ માટે આટલી ઉતાવળ શા માટે કરાઈ? એવો પ્રશ્ન કરી કોર્ટે ઈડીને ફટકારી હતી. બાદમાં કોર્ટે હાઈ કોર્ટના આદેશ સામે સ્ટે આપવાનો ખંડપીઠે ઇનકાર કર્યો હતો. ■

# દિવાળીમાં કાંદા બજાર ૧૧ દિવસ બંધઃ ખેડૂતોને પડતા પર પાટું

નાશિકઃ દિવાળી દરમિયાન ડુંગળીના બજાર ૧૧ દિવસ સુધી બંધ રાખવાના નિર્ણયથી મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોને ભારે આર્થિક નુકસાન થયું હોવાની વ્યથા મહારાષ્ટ્ર સ્ટેટ ઓનિયન ગ્રોઅર્સ એસોસિએશનના સ્થાપક પ્રમુખ ભરત દિઘોલે શુક્રવારે વ્યક્ત કરી હતી. એક નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે આ નિર્ણયની કોઈ અસર નહીં પડે એવું વલણ સરકારે ન રાખવું જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ડુંગળીના ઉત્પાદન માટે દિવસ-રાત મહેનત કરતા ખેડૂતોનો પાક બજારમાં આવતા તેમને 'બજાર બંધ' બોર્ડથી આવકારવામાં આવે છે. આ અન્યાય વર્ષોથી ચાલતો આવ્યો છે. દિવાળી જેવા શુભ અવસરે પણ ખેડૂતોને હેરાનગતિનો સામનો કરવો પડે છે. માર્કેટ યાર્ડ પ્રાઈવેટ સંસ્થાઓ નથી. ખેડૂતોની મહેનત અને પાકને કારણે તેમનું અસ્તિત્વ છે. આટલા લાંબા સમય સુધી હરાજી સ્થગિત રાખવી અયોગ્ય છે. બજાર બંધ કરવાના અધિકારો ફક્ત તહેવારોના મુખ્ય દિવસો સુધી મર્યાદિત હોવા જોઈએ અને ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડવા માટે જવાબદાર અધિકારીઓ અથવા વેપારીઓ સામે કાર્યવાહી કરવી જોઈએ. સરકારે આ મુદ્દાની તાત્કાલિક નોંધ લેવી જોઈએ અને ખેડૂતોના નુકસાનની ભરપાઈ કરવા માટે નક્કર પગલાં લેવા જોઈએ એમ પણ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# દિવાળી સમયે આઇઆરસીટીસીનું ટિકિટિંગ પ્લેટફોર્મ ઠપ્પઃ મુસાફરોને હાલાકી

મુંબઈઃ દિવાળી સમયે વતન જવા કે ફરવા જવા રેલવેની ટિકિટની માગમાં ભારે વધારો થતો હોય છે. દિવાળીને આડે માત્ર બે દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે શુક્રવારે સવારે આઇઆરસીટીસીની વેબસાઈટ અને મોબાઈલ એપ ડાઉન થઇ જતાં લાખો મુસાફરો હેરાન થયા હતાં.

આઇઆરસીટીસી પર તત્કાલ ટિકિટ બુકિંગ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થતું હોય છે, જ્યારે સ્લીપર ક્લાસ માટે તત્કાલ ટિકિટ બુકિંગ સવારે ૧૧:૦૦ વાગ્યા શરુ થતું હોય છે. જોકે, આજે આઇઆરસીટીસીનું ટિકિટિંગ પ્લેટફોર્મ સવારે ૧૦:૪૦ વાગ્યાની આસપાસ ડાઉન થઈ ગયું હતું, જેના કારણે મુસાફરોને હાલાકીનો વેઠવી પડી હતી.

ટિકિટ બુકિંગ પૂર્વવત શરૂ થઇ ગયું છે, પણ ઘણા લોકો ટીકીટ બૂક કરવાથી ચુકી ગયા હતા. આઇઆરસીટીસી ટિકિટિંગ પ્લેટફોર્મ ઠપ્પ થઇ જતાં, શુક્રવારે સવારે આઇઆરસીટીસીનો સ્ટોકમાં ઘટાડો નોંધાયો હતો. સવારે ૧૧:૧૦ વાગ્યે બીએસઇ પર આઇઆરસીટીસીનો સ્ટોકનો સ્ટોક ૦.૨૮ટકા ઘટીને ₹૭૧૭.૦૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. ■

# આરે-કફ પરેડ મેટ્રો-થ્રીને બહોળો આવકારઃ દરરોજ દોઢ લાખ, અઠવાડિયામાં ૧૦ લાખ પ્રવાસી

મુંબઈઃ કોલાબા-બાન્દ્રા-સીપ્ઝ - આરે સબવે સબવે મેટ્રો-થ્રી ૯ ઓક્ટોબરથી આરે-કફ પરેડ દરમિયાન દોડવા લાગી છે. આ લાઇન પર આરે-આચાર્ય અત્રે ચોક તબક્કાને સારો પ્રતિસાદ નહોતો મળ્યો, પરંતુ મેટ્રો-થ્રી સંપૂર્ણ ક્ષમતાથી દોડવાનું શરૂ થયા પછી દૈનિક મુસાફરોની સંખ્યા સતત વધી રહી છે. 'મેટ્રો-થ્રી'માં દરરોજ દોઢ લાખથી વધુ મુસાફરો પ્રવાસ કરી રહ્યા છે. માત્ર એક અઠવાડિયામાં આ માર્ગ પર દસ લાખ ઉતારુઓએ મુસાફરી કરી છે.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશનએ ૩૩.૫ કિલોમીટર અંડરગ્રાઉન્ડ મેટ્રો લાઇનનું કામ પૂર્ણ કરી લીધું છે. આ લાઇન ત્રણ તબક્કામાં રજૂ કરવામાં આવી છે. આરે-બીકેસી તબક્કો ઓક્ટોબર ૨૦૨૪માં, બીકેસી-આચાર્ય આત્રે ચોક તબક્કો મે ૨૦૨૫માં અને આચાર્ય અત્રે ચોક તબક્કો ૯ ઓક્ટોબર, ૨૦૨૫માં શરૂ કરવામાં આવ્યો હતો. આ લાઇન દેશની પ્રથમ સૌથી લાંબી ભૂગર્ભ મેટ્રો લાઇન છે. જોકે આરે અને આચાર્ય આત્રે ચોક વચ્ચેના તબક્કા માટે સારો પ્રતિસાદ નથી મળ્યો, જ્યારે આરે-બીકેસી તબક્કો કાર્યરત હતો ત્યારે દરરોજ લગભગ ૨૦ હજાર લોકો આ રૂટ પર મુસાફરી કરતા હતા.

મેટ્રો-થ્રી આરે-કફ પરેડ દરમિયાન સંપૂર્ણ ક્ષમતાથી ચાલે છે અને તેને કફ પરેડ, વિધાન ભવન, સીએસએમટી, ચર્ચગેટ, ગિરગામ અને કાલબાદેવી સાથે જોડવામાં આવી છે. ઉપનગરોથી થોડી મિનિટોમાં દક્ષિણ મુંબઈ પહોંચવું શક્ય બન્યું હોવાથી 'મેટ્રો-થ્રી' લોકો પસંદ કરી રહ્યા છે. પરિણામે દૈનિક મુસાફરોની સંખ્યા ૭૦ હજારથી વધીને દોઢ લાખ થઈ ગઈ છે. એમએમઆરસીને વિશ્વાસ છે કે આગામી દિવસોમાં પ્રતિસાદ વધુ વધશે અને દૈનિક મુસાફરોની સંખ્યા બે લાખથી વધી જશે. ■

# થાણેમાં રખડતા કૂતરા અને બિલાડીઓને પકડવા માટે પાલિકા પાસે માણસો નથી

થાણેઃ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં રખડતા કૂતરા અને બિલાડીઓને પકડવા માટે નાગરિકોએ વારંવાર ફરિયાદ કરી હોવા છતાં, નગરપાલિકા પાસે કૂતરા અને બિલાડીઓને પકડવા માટે કોઈ ટીમ ન હોવાનું બહાર આવ્યું છે. આથી થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને હવે એનિમલ ફ્રેન્ડ્સ સંસ્થાની નિમણૂક કરીને તેના દ્વારા આ કાર્ય કરાવવાનો નિર્ણય લીધો છે અને આ માટે ૨ કરોડ ૩૩ લાખ રૂપિયાનો વાર્ષિક ખર્ચ અપેક્ષિત છે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની વસ્તી લગભગ ૨૬ લાખ ૨૮ હજાર છે, અને વિશ્વ આરોગ્ય સંગઠનના ધોરણો અનુસાર આ વસ્તીના લગભગ બે ટકા, એટલે કે લગભગ ૫૨,૫૭૩ રખડતા કૂતરા અને બિલાડીઓ છે. શહેરમાં રખડતા કૂતરા અને બિલાડીઓની વધતી જતી સંખ્યાને નિયંત્રિત કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના પશુચિકિત્સા વિભાગ દ્વારા આ પ્રાણીઓના ન્યુટરીંગ, હડકવા રસીકરણ અને સારવાર માટે રસ ધરાવતી વ્યક્તિઓની અરજીઓ માંગવામાં આવી હતી, પરંતુ અપેક્ષિત પ્રતિસાદ મળ્યો ન હતો. તેથી, નગરપાલિકાના આરોગ્ય વિભાગે આ કામ માટે કરારના આધારે નવું ટેન્ડર મંગાવવાનો નિર્ણય લીધો. આ દરખાસ્તને મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટી મંડળ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ■

# વરલીમાં મદ્રાસવાડીમાં ૧૩૯ ગેરકાયદે બાંધકામનો સફાયો


(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોસ્ટલ રોડને અડીને આવેલા અને વરલીના ખાન અબ્દુલ ખાન ગફાર માર્ગ પાસે આવેલી મદ્રાસવાડીમાં કુલ ૧૬૯ ગેરકાયદે બાંધકામને મુંબઈ મહાનગરપાલિકાના જી-દક્ષિણ વોર્ડ દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. ગેરકાયદે બાંધકામ તોડી પાડવા અને નાગરી નિયમોનું પાલન કરવાના ઉદ્દેશ્યની પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીના નિર્દેશ મુજબ જી-દક્ષિણ વોર્ડ દ્વારા ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત વરસાદનું પાણી ભરાઈ રહેવા માટે જવાબદાર રહેલા મદ્રાસવાડીના કુલ ૧૬૯ ગેરકાયદે બાંધકામને તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે માટે ૩૫ લેબર, કર્મચારી સહિત અધિકારીઓએ જુદા જુદા મશીનની મદદથી આ કાર્યવાહી કરી હતી. આ દરમ્યાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

# પ્રતિષ્ઠિત કંપનીનાં ડુપ્લિકેટ બૂટ વેચનારી દુકાન પર રેઈડ

મુંબઈઃ બ્રાન્ડેડ કંપનીનાં ડુપ્લિકેટ બૂટ વેચનારી કુર્લાની દુકાન પર ક્રાઈમ બ્રાન્ચે રેઇડ કરી અંદાજે સાડાપાંચ લાખ રૂપિયાનાં બૂટ જપ્ત કર્યા હતા. પોલીસે દુકાનદારની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. કુર્લા પશ્ચિમમાં આવેલી દુકાનમાં ડુપ્લિકેટ બૂટો વેચવામાં આવતાં હોવાની માહિતી એક પ્રતિષ્ઠિત કંપનીના અધિકારીને મળી હતી. માહિતીની ખાતરી કર્યા પછી અધિકારીએ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ કરી હતી. ફરિયાદને આધારે મંગળવારે સંબંધિત દુકાનમાં રેઇડ કરવામાં આવી હતી. દુકાનમાંથી બૂટની ૩૦૦થી વધુ જોડી જપ્ત કરવામાં આવી હતી. પ્રતિષ્ઠિત બ્રાન્ડનો લોગો વાપરીને આ ડુપ્લિકેટ બૂટ વેચવામાં આવતાં હતાં, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



સ્વ. નિર્મળાબેન બાલકૃષ્ણ શેઠ

શ્રીજીચરણ : ૧૮/૧૦/૨૦૧૯

પ્રભુ પરમ તેજો આત્માને શાશ્વત શાંતી આપજો.

ચેતનાબેન અને દિલીપભાઈ શેઠ તથા પરિવારના જય શ્રી કૃષ્ણ

# ખાતાઓની વહેંચણીમાં મોઢવાડિયા, વાઘાણી ફાવી ગયા



**મુલાકાતઃ** ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ શુક્રવારે ગાંધીનગરમાં રાજભવન ખાતે ગુજરાતના ગવર્નર આચાર્ય દેવવ્રતને મળ્યા હતા. (એજન્સી)



**મહાનુભવોનું મિલનઃ** ગુજરાતના ગાંધીનગરમાં શુક્રવારે ગુજરાતના નવા પ્રધાનમંડળના શપથગ્રહણ સમારોહ દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા, કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયા અને સી. આર. પટેલ, ભાજપ રાજ્ય એકમના પ્રમુખ જગદીશ વિશ્વકર્મા. (એજન્સી)

## મોઢવાડિયાને વન અને પર્યાવરણ, વાઘાણીને કૃષિ અને સહકાર વિભાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે શુક્રવારે તમામ પ્રધાનોને હોદ્દાના શપથ લેવડાવ્યા હતા. નવા પ્રધાનમંડળની શપથવિધિ સંપન્ન થયા બાદ સાંજના સમયે સ્વર્ણિમ સંકુલ ૧માં નવા પ્રધાનો સાથેની પ્રથમ કૅબિનેટ સવા કલાક સુધી ચાલી હતી, જેમાં નવા પ્રધાનોને ખાતાંની ફાળવણી કરવામાં આવી હતી. કૅબિનેટની બેઠક બાદ નવા પ્રધાનોના ખાતા અંગેની જાહેરાત કરવામાં આવી હતી.

### ભૂપેન્દ્ર પટેલ- મુખ્ય પ્રધાન

હર્ષ સંઘવી- નાયબ મુખ્ય પ્રધાન (ગૃહ, કાયદો અને ન્યાય, રમત-ગમત અને યુવા)

### કેબિનેટ પ્રધાનો

ઋષિકેશ પટેલ- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, જીતુ વાઘાણી- કૃષિ અને સહકાર

કુંવરજી બાવળિયા-શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામીણ વિકાસ

કનુ દેસાઈ- નાણાં અને શહેરી વિકાસ

નરેશ પટેલ- આદિજાતિ વિકાસ

અર્જુન મોઢવાડિયા- વન અને પર્યાવરણ, સાયન્સ અને ટૅકનોલૉજી)

ડૉ. પ્રદ્યુમ્ન વાજા-સામાજિક ન્યાય અને સશક્તીકરણ, પ્રાથમિક, માધ્યમિક અને પુખ્ત શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)

રમણ સોલંકી- (ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો)

### રાજ્ય કક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો)

ઈશ્વર પટેલ - પાણી પુરવઠા, જળ સંપત્તિ વિભાગ

પ્રફુલ પાનસેરિયા (આરોગ્ય ખાતું) મનિષા વકીલ- મહિલા અને બાળ વિકાસ (સ્વતંત્ર હવાલો), સામાજિક ન્યાય અને સશક્તીકરણ)

### રાજ્ય કક્ષાના પ્રધાનો

પરસોત્તમ સોલંકી- (મત્સ્યોદ્યોગ) કાંતિલાલ અમૃતિયા- (શ્રમ અને રોજગાર)

રમેશ કટારા-કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન અને ગાય સંવર્ધન)

દર્શના વાઘેલા - શહેરી વિકાસ અને આવાસ મંત્રાલય) કૌશિક વેકરિયા-કાયદો અને ન્યાય, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદાકીય અને સંસદીય બાબતો)

પ્રવીણ માળી- વન અને પર્યાવરણ, ક્લાઈમેન્ટ ચેન્જ, વાહન-વ્યવહાર)

જયરામ ગામિત- રમતગમત, યુવા અને સાંસ્કૃતિક તથા નાગરિક ઉડ્ડયન)

ત્રિકમ છાંગા (ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ)

કમલેશ પટેલ- નાણાં, પોલીસ આવાસ, જેલ, સરહદ સુરક્ષા, ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, દારૂબંધી અને આબકારી વિભાગ)

સંજય મહિડા - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત અને ગ્રામીણ ગૃહનિર્માણ, ગ્રામીણ વિકાસ)

પી.સી. બરંડા-આદિજાતિ વિકાસ, ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો)

સ્વરૂપજી ઠાકોર (ગ્રામ વિકાસ અને ખાદી ઉદ્યોગ)

રિવાબા જાડેજા-પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ)

નવા પ્રધાનમંડળમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિત ૨૬ પ્રધાન બનાવાયા છે. નવા મંત્રીમંડળમાં મુખ્ય પ્રધાન સહિત સાત પાટીદાર, આઠ ઓબીસી, ત્રણ એસસી (અનુસુચિત જાતિ) અને ચાર એસટી (અનુસુચિત જનજાતિ) નો સમાવેશ થાય છે, જેમાં ત્રણ મહિલા છે.

## પ્રથમ ટર્મમાં જ ૧૨ ધારાસભ્યને પ્રધાનપદનો જૅકપૉટ

અમદાવાદઃ ગુજરાતમાં પ્રધાનમંડળ વિસ્તરણ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી અને ટૂંક સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યું હતું. નવી ટીમમાં ૨૫ પ્રધાનને સામેલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૧૨-૧૨ ધારાસભ્યને પ્રથમ ટર્મમાં જ લોટરી લાગી હતી. તેમાં સૌથી વધુ ચોંકાવનારું નામ અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાનું હતું. તેમનું નામ ચાલુ વર્ષે પાયલ ગોટી વિવાદમાં આવ્યું હતું.

ઉપરાંત, થોડા દિવસ પહેલા સીઆર પાટીલ સાથેની ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી. જામનગર (ઉત્તર)ના રીવાબા જાડેજા, અમરેલીના કૌશિક વેકરિયા, કોડીનારના ડો. પ્રદ્યુમન વાઝા, વાવના સ્વરૂપજી ઠાકોર, અસારવાના દર્શના વાઘેલા, ભીલોડાના પી સી બરંડા, બોરસદના રમણ સોલંકી, નિઝરના જયરામ ગામિત, ડીસાના પ્રવીણ માળી, મહુધા (ખેડા)ના સંજયસિંહ મહીડા, અંજારના ત્રિકમ છાંગા અને પેટલાદના કમલેશ પટેલ પ્રથમ વખત જ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને પ્રથમ ટર્મમાં જ લોટરી લાગી હતી.નવા પ્રધાનમંડળમાં પ્રધાનોની ઉંમરમાં પણ સરેરાશ પાંચ વર્ષનો ઘટાડો થયો હતો.

## ગુજરાતમાં કેબિનેટના નવ અને રાજયકક્ષાના ૧૬ પ્રધાનોએ શપથ લીધા

અમદાવાદઃ ગુજરાતના નવા પ્રધાનમંડળનું સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિસ્તરણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં નવ પ્રધાનોએ કેબિનેટ અને ૧૬ પ્રધાનોએ રાજ્યકક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા હતા. ૬ પ્રધાનને રિપીટ કરાયા છે અને ૧૦ને પડતા મૂકવામાં આવ્યા હતા.

જેમાં ત્રણ પ્રધાનોને રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવ્યો હતો. હર્ષ સંઘવીને પ્રમોશન આપવામાં આવ્યું હતું. તેમણે રાજ્યના ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા હતા. જ્યારે ઋષિકેશ પટેલ, જીતુ વાઘાણી,કનુભાઈ દેસાઈ,કુંવરજી બાવળીયા,નરેશ પટેલ, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજા અને રમણ સોલંકીએ કેબિનેટ પ્રધાન તરીકે શપથ લીધા હતા. જ્યારે પ્રધાનમંડળમાં ૧૩ પ્રધાનોએ રાજ્યકક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા હતાં. પરસોતમ સોલંકી, કાંતિ અમૃતિયા, રમેશ કટારા,દર્શના વાઘેલા, પ્રવીણ માલી, સ્વરૂપ ઠાકોર ,જયરામ ગામીત, રીવાબા જાડેજા , પી સી બરંડા, સંજય મહિડા, કમલેશ પટેલ, ત્રિકમ છાંગા અને કૌશિક વેકરિયાને રાજ્યકક્ષાના પ્રધાનો તરીકે શપથ લીધા હતા. આ સિવાય ત્રણ પ્રધાનોએ રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલા સાથે પ્રધાન તરીકે શપથ લીધા હતા. જેમાં મનિષા વકીલ,પ્રફુલ પાનસેરિયા અને ઇશ્વરસિંહ પટેલના નામનો સમાવેશ થયો હતો. ગુજરાતમાં નવા પ્રધાનમંડળમાં ભાજપે જ્ઞાતિ અને ઝોનનું બેલેન્સ કરવાનો પ્રયાસ કર્યો છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ૯ પ્રધાન, મધ્ય ગુજરાતમાંથી ૬ પ્રધાન, ઉત્તર ગુજરાતમાંથી ૫ પ્રધાન અને દક્ષિણ ગુજરાતમાંથી ૪ પ્રધાન બન્યા હતા. જ્યારે અમદાવાદમાંથી દર્શના વાઘેલાને પ્રધાન બનાવવામાં આવ્યા હતા.પ્રધાનમંડળમાંથી મૂળ કૉંગ્રેસી પ્રધાનોનું સ્થાન ઘટ્યું છે. મૂળ કૉંગ્રેસના હોય અને જે પ્રધાનો કપાયા તેમાં બળવંતસિંહ રાજપૂત, ભીખુસિંહ પરમાર, કુંવરજી હળપતિ અને રાઘવજી પટેલનો સમાવેશ થાય છે, જ્યારે કુંવરજી બાવળિયાને યથાવત્ રખાયા હતા. આ ઉપરાંત મૂળ કૉંગ્રેસના અર્જુન મોઢવાડિયાને પ્રધાન મંડળમાં લેવાયા હતા, એટલે કે હાલના પ્રધામંડળમાં મૂળ કોંગ્રેસના પાંચ પ્રધાન હતા, જે હવે ઘટીને માત્ર બે જ રહ્યા છે.

## નાયબ મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાનઃ ૪૦ વર્ષના હર્ષ સંઘવીની બે ઘોડે સવારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નવનિયુક્ત નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીને રાજ્યના સૌથી અગત્યના ગણાતા ગૃહ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો હતો. પ્રધાનમંડળના પુનર્ગઠન બાદ સંઘવીને આ મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપાઈ હતી, જેના કારણે હવે તેઓ રાજ્યના કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલા તમામ મુદ્દાઓ પર ફૂલ ફોર્મમાં કામ કરશે. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીને ગૃહ વિભાગ ઉપરાંત પ્રવાસન, નાગરિક ઉડ્ડયન, લઘુ ઉદ્યોગ વિભાગની ફાળવણી કરવામાં આવી હતી.

હર્ષ સંઘવી સૌથી નાની વયના નાયબ મુખ્યપ્રધાન અને ગૃહપ્રધાન બન્યા છે. તેમના માટે બીજી રસપ્રદ બાબત એ છે કે તેમને ઘણા વર્ષો બાદ ગૃહ પ્રધાન તરીકેની જવાબદારી મળી છે. નરેન્દ્ર મોદી મુખ્ય પ્રધાન હતા ત્યારે ગૃહ વિભાગ તેમની પાસે જ રાખ્યો હતો આ પ્રણાલી આનંદીબેન અને વિજય રૂપાણીના સમયમાં પણ યથાવત્ રહી હતી. તેમના કાર્યકાળમાં મોટે ભાગે ગૃહ રાજ્ય પ્રધાન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. અગાઉ હરેન પંડ્યા, અમિત શાહ, પ્રદિપ સિંહ જાડેજા સહિતના નેતાઓ આ જવાબદારી સંભાળી ચૂક્યા છે.

છબિલ દાસ મહેતા ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૪થી ૧૪ માર્ચ, ૧૯૯૫ સુધી મુખ્ય પ્રધાન રહ્યા તે દરમિયાન તેમની કૅબિનેટમાં જલાલપોરના ધારાસભ્ય અને પીઢ કૉંગ્રેસી નેતા સી.ડી.પટેલ ગૃહપ્રધાન બન્યા હતા. તે પછી છેક ૧૭ ઓક્ટેબર ૨૦૨૫માં હર્ષ સંઘવીને ગૃહ પ્રધાન બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. હર્ષ સંઘવીને આ પદ પર નિયુક્તિ ભાજપના યુવા નેતૃત્વ પરના વિશ્વાસને દર્શાવે છે. ગૃહ વિભાગની જવાબદારી મળતા હવે હર્ષ સંઘવી પોલીસ તંત્ર, કાયદો-વ્યવસ્થા, જેલ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવા મહત્ત્વના વિભાગો પર સીધી જ દેખરેખ રાખશે. યુવા અને ઊર્જાવાન નેતા તરીકે તેઓ રાજ્યમાં ગુનાખોરી નિયંત્રણ, સાયબર ક્રાઇમ સામે પગલાં અને પોલીસ આધુનિકીકરણના ક્ષેત્રે તેમની કામગીરીને વધુ વેગ આપશે તેવી અપેક્ષા છે.

હર્ષ સંઘવી ગૃહ રાજ્ય પ્રધાન તરીકે અગાઉ પણ ઉત્કૃષ્ટ કામગીરી કરી ચૂક્યા છે, ત્યારે હવે નાયબ મુખ્ય પ્રધાન તરીકેની તેમની ભૂમિકામાં તેઓ સરકારની નીતિઓને વધુ અસરકારક રીતે જમીની સ્તર સુધી પહોંચાડશે.

## નવા પ્રધાનમંડળમાં રાજકોટની બાદબાકીઃ ગુજરાત સરકારમાં એકેય પ્રધાન નહીં

અમદાવાદઃ ગુજરાતના પ્રધાનમંડળનું શુક્રવારે વિસ્તરણ થયું હતું. નવા પ્રધાનમંડળમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિત ૨૬ પ્રધાનો બનાવાયા હતા. નવા પ્રધાનમંડળમાં મુખ્ય પ્રધાન સહિત સાત પાટીદાર,આઠ ઓબીસી, ત્રણ એસસી અને ચાર એસટીનો સમાવેશ થાય છે. જેમાં ત્રણ મહિલા છે. જોકે પ્રધાનમંડળમાં રાજકોટની બાદબાકી કરી નાંખવામાં આવી હતી. રાજકોટમાંથી કોઈને પણ પ્રધાનપદ મળ્યું નહોતું. રાજકોટનું પ્રતિનિધિત્વ હાલ પૂરતું શૂન્ય જેવું થઇ ગયું છે. રાજકોટમાંથી ઉદય કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઇ ટીલાળાના નામ પ્રધાન પદ માટે સવાર સુધી ચર્ચામાં હતા.

રાજ્ય સરકારની ટર્મ શરૂ થઇ ત્યારે એસ.સી/એસ.ટી. દલિત સમાજમાંથી રાજકોટના ધારાસભ્ય ભાનુબેન બાબરિયાને કેબિનેટ પ્રધાન બનાવવામાં આવ્યાં હતાં. બિનવિવાદાસ્પદ મંત્રી તરીકે તેમણે કામ કર્યું હતું. પરંતુ હવે કેબિનેટ વિસ્તરણ વખતે તેમને પડતા મૂકવામાં આવ્યા હતા.

સ્વ. વિજય રૂપાણી મુખ્ય પ્રધાન તરીકે રાજકોટ પશ્ચિમ બેઠકનું પ્રતિનિધિત્વ કરતા હતા. જયેશ રાદડિયા (કેબિનેટ પ્રધાન) રાજકોટ જિલ્લામાં આવતા જેતપુર બેઠક પરથી અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતો, કુટીર ઉદ્યોગ, મુદ્રણ અને લેખનસામગ્રી મંત્રાલય સંભાળતા હતા. રૂપાણી સરકારની વિદાય બાદ રાજકોટનું ધીમે ધીમે પ્રતિનિધિત્વ જ ખતમ થઈ ગયું હતું.

## ભૂપેન્દ્ર પટેલની નવી ટીમમાં ત્રણ મહિલા ધારાસભ્યને સ્થાન

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના પ્રધાન મંડળમાં મહિલા સશક્તિકરણના ઉદ્દેશ્યને મજબૂત કરવા માટે ત્રણ મહિલા ધારાસભ્યોને સ્થાન આપ્યું હતું. આ નિર્ણય દ્વારા રાજ્યની રાજનીતિમાં મહિલાઓના પ્રતિનિધિત્વને વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ નવનિયુક્ત મહિલા પ્રધાનોમાં વડોદરાના અનુભવી નેતા મનીષા વકીલ, જામનગર ઉત્તરના રીવાબા જાડેજા અને અમદાવાદના દર્શના વાઘેલાનો સમાવેશ થાય છે. આ ત્રણેય નેતાઓને પ્રધાનમંડળમાં સ્થાન આપીને અનુભવ અને યુવા ઊર્જા વચ્ચે સંતુલન જાળવવામાં આવ્યું હતું.

આ ત્રણેય મહિલા નેતાઓ રાજ્યના વિવિધ પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે, જે પ્રાદેશિક સંતુલન જાળવવામાં અને વિવિધ સમાજની મહિલાઓના મુદ્દાઓને સરકાર સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી બાદ સત્તામાં આવેલા ભૂપેન્દ્ર પટેલના અગાઉના પ્રધાનમંડળમાં મહિલા પ્રતિનિધિત્વ ઓછું હતું. તે સમયે એકમાત્ર મહિલા પ્રધાન તરીકે ભાનુબેન બાબરિયાનો સમાવેશ થતો હતો, જેમને કેબિનેટ પ્રધાન તરીકે સામાજિક ન્યાય અને મહિલા-બાળ વિકાસ જેવા અગત્યના ખાતાઓ સોંપવામાં આવ્યા હતા. જોકે તેમની નબળી કામગીરીના કારણે પ્રધાનમંડળ વિસ્તરણમાંથી પડતા મૂકવામાં આવ્યા હતા.

## તત્કાલીન મુખ્ય પ્રધાન મોદીની સુરક્ષામાં રહેલા પૂર્વ આઈપીએસ પી. સી. બરંડાને પ્રધાનમંડળમાં સ્થાન મળ્યું

અમદાવાદઃ ગુજરાતમાં થયેલા પ્રધાનમંડળ વિસ્તરણમાં પૂર્વ આઈપીએસ પી સી બરંડાને પણ લોટરી લાગી હતી. અરવલ્લીના ભિલોડાથી ધારાસભ્ય પી. સી. બરંડાનો પ્રધાનમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. છોટાઉદેપુરના પૂર્વ એસપી પી સી બરંડા ૨૦૧૭માં રાજીનામું આપી ભાજપમાં જોડાયા હતા. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં અનિલ જોશીયારા સામે તેમની હાર થઈ હતી. ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપની સીટ પરથી પી સી બરંડા ૨૮,૭૬૮ મતથી વિજેતા બન્યા હતા. ભાજપના ઉમેદવારને કુલ ૯૦,૩૯૬ મત મળ્યા હતા. બરંડા ૨૦૦૭ની બૅચના આઈપીએસ અધિકારી છે.

## પ્રધાનમંડળમાં ચહેરા બદલવાથી પાપ નહીં ધોવાયઃ કૉંગ્રેસના નેતા અમિત ચાવડા

અમદાવાદઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ રાજ્યમાં થયેલા નવા પ્રધાનમંડળની રચના અને મુખ્ય પ્રધાન બદલવાના નિર્ણય પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ ભલે ચહેરા બદલ્યા હોય, પરંતુ તેમની નીતિ અને નિયત જનતા હવે સારી રીતે ઓળખી ગઈ છે. માત્ર ચહેરા બદલવાથી સરકારના પાપ ધોવાઈ જતા નથી અને આ પ્રધાનમંડળના ફેરફારથી સામાન્ય જનતાને કોઈ સીધો ફાયદો થવાનો નથી. ચાવડાએ એવી ચર્ચા પર પણ ભાર મૂક્યો કે નાયબ મુખ્ય પ્રધાનની જાહેરાત થઈ છે ત્યારે હવે બિહારની ચૂંટણી બાદ કપ્તાન પણ બદલાશે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે આખી ભાજપ સરકાર પૉલિસી પેરાલીસીસથી પીડિત છે. કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પ્રધાનમંડળના ફેરબદલની કાર્યવાહીને મુખ્ય પ્રધાનની નિષ્ફળતા ગણાવી હતી. તેમણે કહ્યું કે જો ભાજપે ૫૦ ટકા જેટલા પ્રધાનઓને પડતા મૂક્યા હોય તો તેનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે તે મુખ્યમંત્રીની 'ફેઇલ ટીમ' હતી. ચાવડાએ પૂર્વ મંત્રીઓ પર ગંભીર આક્ષેપો મૂકતા જણાવ્યું કે અનેક મંત્રીઓ ભ્રષ્ટાચાર અને ગેરવહીવટમાં સંડોવાયેલા હતા. તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે બચુ ખાબડ પર મનરેગા કૌભાંડ, બળવંતસિંહ રાજપૂત પર જીઆઈડીસી કૌભાંડ, ભીખુસિંહ પર બીઝેડ કૌભાંડ અને મુકેશ પટેલના પરિવારના લોકો હથિયારના લાઈસન્સના કૌભાંડમાં સંડોવાયેલા હોવાની ફરિયાદો હતી, તેમ છતાં ભાજપ સરકારે અઢી વર્ષ સુધી તેમની સામે કોઈ કાર્યવાહી કરી નહોતી. તેમણે સવાલ ઉઠાવ્યો કે 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કર્યા પછી જ સરકારને કેમ ખબર પડી કે તેમનો વહીવટ ખાડે ગયો છે?

## અમદાવાદમાં રિડેવલપમેન્ટ થશે હાઉસિંગ બોર્ડનાં ૧૦૦૦ નવાં મકાન બનશે

અમદાવાદઃ શહેર સહિત રાજ્યભરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ (જીએચબી)ની જૂની અને જર્જરિત સોસાયટીઓના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સમાં નોંધપાત્ર વેગ જોવા મળી રહ્યો છે, જેનાથી એફોર્ડેબલ હાઉસિંગની સંખ્યામાં મોટો વધારો થઈ રહ્યો છે. ગુજરાત હાઉસિંગ બોર્ડની રિડેવલપમેન્ટ પૉલિસી-૨૦૧૯ અને તેના સુધારાઓના અસરકારક અમલને કારણે વિકાસકર્તાઓ આ પ્રોજેક્ટ્સમાં વધુ રસ લઈ રહ્યા છે. અમદાવાદમાં હાલમાં ૭૫ ટકાથી વધુ લાભાર્થીઓની સંમતિ ધરાવતા ૨૦ ફ્લેટ પ્રકારની વસાહતોમાં રિડેવલપમેન્ટ બાદ અંદાજે ૧૦૦૦ નવા મકાનોનું નિર્માણ આગામી બે વર્ષમાં થશે. આ ૨૦ ફ્લેટમાં હાલમાં ૩,૨૦૪ મકાનો આવેલા છે, જેમાંથી ૭ ફ્લેટના ૨,૦૪૪ યુનિટમાં તો રિડેવલપમેન્ટની કામગીરી ચાલુ પણ થઈ ગઈ છે. અમદાવાદની કુલ ૨૫૭ ફ્લેટ પ્રકારની કોલોનીમાંથી ૯૭ કોલોનીના ૧૭,૦૦૦ મકાનો હાલ રિડેવલપમેન્ટની પ્રક્રિયા હેઠળ છે. આ ૧૭,૦૦૦ મકાનોના રિડેવલપમેન્ટ બાદ ૧૦,૦૦૦થી વધુ નવા મકાનો બનશે. આ પ્રક્રિયાથી માત્ર શહેરી વિસ્તારોની સ્કાઈલાઇનમાં સુધારો થશે એટલું જ નહીં, પણ રહીશોના જીવનધોરણમાં પણ નોંધપાત્ર સુધારો આવશે. સમગ્ર રાજ્યમાં ગુજરાત હાઉસિંગ બોર્ડે ૨૦૯ વસાહતોમાં રિડેવલપમેન્ટ હાથ ધર્યું છે.

## સુરત મહાનગરપાલિકામાં સામાન્ય સભામાં તું તૂં-તૂ-મૈં મૈં, મહિલા કોર્પોરેટરોએ ગરિમા લજવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભામાં મહિલા કોર્પોરેટરના બોલ બચ્ચન અને તું તું મેં મેં સામાન્ય સભાની ગરિમા લજવાઈ હતી. ભાજપના એક મહિલા કોર્પોરેટરો તો વિપક્ષી કોર્પોરેટરોને માપમાં રહેજો તેવું કહીને સભામાં જ ખુલ્લી ધમકી આપી દીધી હતી. આ ઉપરાંત ફાંકા ફોજદારી સાથે તું તું મે મે અને પૂર્વ શાસક પક્ષ નેતાને ફરી દવા પીવાનો વખત ન આવે તેવી ટિપ્પણી સાથે ભારે હોબાળો થયો હતો. જોકે, મહિલા કોર્પોરેટરની આવી બબાલ વચ્ચે સભામાં અનેક વખત હોબાળો થઈ ગઈ હતી.

સુરત પાલિકાની દિવાળી પહેલાની સામાન્ય સભામાં મહિલા કોર્પોરેટરોએ શબ્દોની કરેલી આતાશબાજી કારણે વિવાદમાં આવી હતી. વિપક્ષી નેતા પાયલ સાકરીયાએ શાસકોની દુખતી રગ પર હાથ મુકી કહ્યું હતું, હાલ વિકાસ સપ્તાહની ઉજવણી ચાલી રહી છે તેની વાત કરતા કહ્યું હતું કે, સુરતમાં ખાડાનાં કારણે લોકોના મોત થઈ રહ્યાં છે તે ઘણી જ દુઃખની વાત છે. સામાન્ય સભામાં ફાંકા ફોજદારીની અહીં વાત થાય છે બણગાં ફુંકવામાં આવે છે તેવી વાત કરતા ભાજપના મહિલા કોર્પોરટેરો ઉગ્ર થઈ ગયા હતા. એક મહિલા કોર્પોરટેરે તો તું તારીથી વાત શરૂ કરી દીધી હતી.

તો શાસક પક્ષના અન્ય કોર્પોરેટર ઉર્વશી પટેલે તો મોટા બરાડા પાડીને અનેક વાત કરી હતી અને ત્યાર બાદ સીધું વિપક્ષને કહી દીધું હતું કે માપમાં રહેજો. તો અનેક મુદ્દે માજી શાસક પક્ષ નેતા અમિત રાજપૂત ટિપ્પણી કરતા હતા.

# વીક એન્ડ

## સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@bombaysamachar.com

# રોહિત-કોહલીના વિરાટ યુગનો અંત આવી રહ્યો છે!

## ઑસ્ટ્રેલિયામાં રવિવારે શરૂ થઈ રહી છે વન-ડે શ્રેણીઃ ભારતને 'રન મશીન' અને 'ચેઝ માસ્ટર' બનાવનાર બન્ને મહારથીઓ પર રહેશે સૌની નજર

**ઑસ્ટ્રેલિયા** વિરુદ્ધ રવિવાર, ૧૯મી ઑક્ટોબરે શરૂ થનારી ત્રણ મૅચની સિરીઝ બાદ આપણે વન-ડે મૅચોમાં પણ રોહિત શર્મા અને વિરાટ કોહલીની જોડી કદાચ ક્યારેય નહીં જોઈ શકીએ. હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત નથી થઈ અને આ બે દિગ્ગજોમાંથી કોઈના પણ સ્પષ્ટ સંકેત પણ નથી આવ્યા એમ છતાં આગામી શ્રેણી પહેલાં જે ભાવનાત્મક માહોલ બની રહ્યો છે એના પરથી સ્પષ્ટ લાગી રહ્યું છે કે આ બન્ને જિનિયસ ખેલાડીઓ માટે આ વિશેષ સિરીઝ બનવા જઈ રહી છે.

જો આવું જ હશે તો ઑસ્ટ્રેલિયા સામેની આ વન-ડે શ્રેણી માત્ર એક સામાન્ય શ્રેણી નહીં, પણ એવી શ્રેણી બનશે જેમાં એકસાથે બે મહાન ક્રિકેટરના યુગનું સમાપન થશે.

રોહિત અને વિરાટની જોડીએ લગભગ દોઢ દાયકાની કરીઅરમાં એક દાયકા સુધી ભારતીય ક્રિકેટની વન-ડે દુનિયામાં એકચક્રી શાસન કર્યું છે. રોહિત-વિરાટ યુગે ભારતીય ક્રિકેટને ગૌરવ, અનુશાસન તથા આત્મવિશ્વાસની નવી પરિભાષા અપાવી છે. હવે આ બન્ને મહારથીઓ પોતાની કારકિર્દીના સંધ્યાકાળે છે અને ટીમ ઇન્ડિયા નવી ઊર્જાની સાથે શુભમન ગિલ યુગને આકાર આપી રહી છે. એટલે જ જો એમ કહેવામાં આવે કે આવનારા દિવસોમાં રોહિત-વિરાટ યુગના કિસ્સા ભૂતકાળ બની જશે તો એ અતિશ્યોક્તિ નહીં કહેવાય.



શુભમન ગિલના સુકાનમાં ભારતના નવા યુગનો આરંભ થયો છે.



રોહિત-વિરાટ ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ માટેના પ્લાનિંગમાં રહે એવી કરોડો ચાહકો પ્રાર્થના કરશે.

ભારતીય ક્રિકેટમાં ૨૦૧૦થી ૨૦૨૩-'૨૪ સુધીનો સમયકાળ સૌથી પ્રભાવશાળી અને ભાવનાત્મક રહ્યો. વિરાટ કોહલીના બૅટમાંથી હંમેશાં ઝનૂનની ઝલક જોવા મળી અને તેની આંખોમાંથી આત્મવિશ્વાસ છલકતો જોવા મળ્યો. વન-ડે ક્રિકેટમાં વિક્રમજનક ત્રણ-ત્રણ ડબલ સેન્ચુરી ફટકારનાર રોહિત શર્માના ટાઇમિંગ અને કલાત્મક શૉટ્સની તો વાત જ શું કરવી! આ બન્નેએ મળીને ભારતીય ટીમને 'ચેઝ માસ્ટર' અને 'રન મશીન'ના યુગમાં બદલી નાખી.

એક તરફ વિરાટ જીતવાની ભૂખ સાથે મેદાન પર ઊતરે છે અને તેની ફિટનેસ વિશે તો પ્રશંસા કરીએ એટલી ઓછી છે. તેની ફિટનેસે ક્રિકેટરોને એક નવો રાહ બતાવ્યો છે. વન-ડેમાં ૨૬૪ રનનો વિશ્વવિક્રમ ધરાવતા રોહિતે ફટકાબાજીને સહજતા, લહેજતપણું અને વિસ્ફોટકતા પ્રદાન કરી છે.

ઑસ્ટ્રેલિયા સામેની આગામી વન-ડે શ્રેણી પહેલાં વિરાટ કોહલીએ ૩૦૨ વન-ડે મૅચોમાં કુલ ૧૪,૧૮૧ રન કર્યા જેમાં ૧૮૩ રનની ઇનિંગ્સ સર્વોત્તમ છે. ૫૭.૮૮ તેની બૅટિંગ-ઍવરેજ છે અને ૯૩.૩૪ તેનો સ્ટ્રાઇક-રેટ છે. તેની ૫૧ વન-ડે સેન્ચુરી વિશ્વવિક્રમ છે અને તે ૭૪ હાફ સેન્ચુરી પણ ફટકારી ચૂક્યો છે. વન-ડે ક્રિકેટમાં ભારતે મેળવેલી જીતમાં કોહલીનું વિરાટ યોગદાન રહ્યું છે. કારણ એ છે કે વિરાટની હાજરીવાળી ૧૮૭ વન-ડેમાં ભારતે વિજય હાંસલ કર્યો છે. એ વિજયી વન-ડે મૅચોમાં તેની સેન્ચુરીની સંખ્યા ૪૩ અને હાફ સેન્ચુરીની સંખ્યા ૪૫ રહી છે. ખાસ વાત એ છે કે આ ૧૮૭માંથી ૧૦૭ ઇનિંગ્સ એવી છે જેમાં ભારતે લક્ષ્યાંક ચેઝ કરીને વિજય મેળવ્યો છે. આ ઇનિંગ્સમાં વિરાટે કુલ ૫,૯૯૮ રન કર્યા છે અને એ રન ૮૮.૨૦ની સરેરાશે તથા ૯૬.૫૫ના સ્ટ્રાઇક-રેટ સાથે બન્યા છે. તેનો હાઇએસ્ટ ૧૮૩ રનનો સ્કોર પણ ટાર્ગેટ ચેઝ કરતી વખતે જ નોંધાયો હતો.

હવે ફરી રોહિત શર્માની વાત કરીએ તો તેણે ૨૭૩ વન-ડેમાં ૧૧,૧૬૮ રન કર્યા છે. તેણે ૨૬૪ રનનો વિશ્વવિક્રમ ૨૦૧૪માં શ્રીલંકા સામે નોંધાવ્યો હતો અને ૧૧ વર્ષ થઈ ગયાં છતાં એ રેકૉર્ડ કોઈ તોડી નથી શક્યું. તે ૪૮.૭૬ની બૅટિંગ-સરેરાશ અને ૯૨.૮૦ના સ્ટ્રાઇક-રેટ સાથે ઑસ્ટ્રેલિયા સામે રવિવારે શરૂ થનારી સિરીઝમાં ઝુકાવશે. ૩૨ સેન્ચુરી અને ૫૮ હાફ સેન્ચુરી તેની શાનદાર વન-ડે કરીઅરના ચમકતા આંકડા છે. તેની ૨૭૩માંથી ૧૭૨ ઇનિંગ્સ એવી રહી છે જેમાં તેણે ભારતની જીતનો પાયો નાખ્યો હતો. એ દરમ્યાન તેની બૅટિંગ-સરેરાશ ૫૮.૧૭ હતી અને સ્ટ્રાઇક-રેટ ૯૫.૩૩ હતો. આ ૧૭૨ વિજયી ઇનિંગ્સમાં તેની પચીસ સેન્ચુરી અને ૩૯ હાફ સેન્ચુરી સામેલ હતી. તેણે ૨૦૧૪માં શ્રીલંકા સામે વિક્રમજનક ૨૬૪ રન ૨૨૫ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૧૭૩ બૉલમાં નવ સિક્સર અને ૩૩ ફોરની મદદથી બનાવ્યા હતા અને એ મૅરથન ઇનિંગ્સ પણ વિજયી બની હતી.

આ યુગને 'રોહિત-વિરાટનો યુગ' એ કારણસર કહેવામાં આવે છે કે આ બન્ને મહારથીની માત્ર હાજરી જ ભારતની જીતની ગૅરન્ટી આપતી હતી. એવો પ્રભાવ આ મહારથીઓનો રહ્યો છે. રોહિત-વિરાટ એકસાથે રમ્યા હોય એવી ૨૨૨ વન-ડેમાંથી ૧૪૧ મૅચમાં તેમણે સાથે બૅટિંગ કરી હતી અને એમાં ૭૨.૭૬ની સરેરાશે વિરાટે ૭,૭૮૬ રન અને ૫૮.૬૬ની સરેરાશે રોહિતે ૭,૦૪૦ રન કર્યા હતા. એ દરમ્યાન વિરાટ ૧૮૩ રનની અને રોહિત ૨૬૪ રનની પોતાની સર્વોત્તમ ઇનિંગ્સ રમ્યો હતો. જોડીમાં જે વન-ડે રમાઈ હોય એમાં વિરાટની ૩૨ અને રોહિતની ૨૩ સેન્ચુરી સામેલ છે. બન્ને મહારથીઓની હાજરીવાળી ૮૨ વન-ડેમાં ભારતે લક્ષ્યાંક ચેઝ કરતી વખતે વિજય મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે વિરાટની હાજરીમાં જ રોહિતે ત્રણ-ત્રણ વિક્રમજનક ડબલ સેન્ચુરી (૨૦૯, ૨૬૪, ૨૦૮) ફટકારી હતી.

ટૂંકમાં કહેવાનું એ છે કે બન્ને બૅટિંગ-લેજન્ડે પોતપોતાની રીતે તો ભારતને જિતાડ્યું જ હતું, જોડીમાં પણ તેમણે ટીમ માટે જીતના અનેક અવસર બનાવી આપ્યા હતા. રોહિત અને વિરાટે ગયા વર્ષે લગભગ એક સાથે ટી-૨૦માંથી અને આ વર્ષે ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધી હતી અને હવે જ્યારે તેઓ વન-ડેમાં પણ જોડીમાં નહીં જોવા મળે તો તેમની ગેરહાજરી ટીમ ઇન્ડિયાને ખૂબ વર્તાશે અને કરોડો ક્રિકેટપ્રેમીઓ વિચારશે કે તેઓ વ્યક્તિગત રીતે તેમ જ જોડીમાં કેટલા બધા મહાન છે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# કુશિમી ઇનારી - સુંદર છતાં રહસ્યમય શ્રાઇન...







**ક્યોટો** પહોંચી ચૂક્યાં હતાં તે માન્યામાં નહોતું આવતું. છેલ્લાં ઘણા સમયથી કોઈ પણ સ્થળ વિશે માહિતી મેળવવી જરા પણ મુશ્કેલ રહ્યું નથી. પહેલાં કમસેકમ લિંક્સ શોધવાની તસ્દી લેવી પડતી હતી. હવે તો જેમિનાઈ હોય કે પરપ્લેક્સિટી, કોઈ ને કોઈ રીતે એઆઈ એજન્ટ સીધું જ જોઈએ એવી આઇટનરરી બનાવી આપે છે. એટલું જ નહીં, જ્યાં પણ જાઓ ત્યાંની ઓડિયો કોમેન્ટ્રી કે જે પૂછો તે પ્રશ્નોના જવાબ પણ આપી જ દે છે. માહિતીનો અભાવ તો દુનિયામાં લાંબા સમયથી નથી, પણ અનુભવો તો જાતે જ કરવા રહ્યા. ક્યોટોમાં વસંતમાં હળવી ક્રિસ્પી હવામાં ઊભા રહીને કયા રસ્તે શ્રાઇન અને જંગલનો બેસ્ટ વ્યુ આવશે તે જાતે નક્કી કરવાની મજા કદી ક્યાંય નહીં જાય એ પણ નક્કી જ છે. બાકી વીઆર ગોગલ્સ સાથે ગ્રાન્ડ કેન્યોન હોય કે મેટરહોર્ન, ઘણાં ખડકો, ખીણો અને નદી કિનારાઓએ પણ ગયા વિના પણ લટાર મારી છે. એવામાં અમે ક્યોટોના માહોલને સમજીને ત્યાંના અનુભવો પર ફોકસ કર્યું.

ક્યોટોમાં થોડાં ચક્કર માર્યાં પછી ખબર પડી કે ટોક્યો કેટલું મોડર્ન હતું. અને ટોક્યોમાં ગમે તેટલા પારંપરિક જાપાનીઝ અનુભવો થાય, ખરું જાપાન, ત્યાંનો ઇતિહાસ તો ક્યોટોમાં આજે પણ જીવે છે. અહીં તો કિમોનો અને સંપૂર્ણ રીતે ઐતિહાસિક મેક-અપ કરેલાં ગીશાનાં દૃશ્યો પણ જોઈને જાણે ટાઇમટ્રાવેલ કર્યું હોય તેવું જ લાગતું હતું. તેમાંય કાનસાઈ રિજનમાં તો મોટાભાગની ગલીઓ લાકડામાં મઢેલી હોય તેવી લાગતી હતી. એક સમયે કાનસાઈમાં જ ક્યોટોનું રજવાડું વસતું હતું. આમ જોવા જાઓ તો કાનસાઈ રિજન જાપાનનું રાજસ્થાન હોય તેવું લાગતું હતું. ત્યાં હિમેજી જેવો પેલેસ, ક્યોટો જેવું રજવાડું અને ઓસાકા જેવું ધમધમતું શહેર પણ છે જ. અમે કાનસાઈ જોવાની શરૂઆત જ ત્યાંના બેસ્ટ ખૂણાથી કરી હતી. જાણકારો તો ઘણીવાર ટોક્યો માટે અલગ અને કાનસાઈ માટે અલગ ટ્રિપ જ પ્લાન કરી દે છે. અહીં બે-ત્રણ અઠવાડિયાં તો ક્યાં નીકળી જાય ખબર પણ ન પડે.

ક્યોટોમાં આમ તો ત્યાંના છૂપા રસ્તોનું લિસ્ટ લાંબું છે, પણ એ વખતે ઇચ્છા થઈ ત્યાંના સૌથી ખ્યાતનામ ખૂણાથી શરૂઆત કરવાની, અને થોડી મિનિટોમાં અમે હોટલથી ફુશિમી ઇનારી તરફ નીકળી પડ્યાં. આમ તો જાપાનની દરેક શ્રાઇનની બહારનો ઓરેન્જ ગેટ સીધો મનને શાંત કરી દેતો હતો. અને ફુશિમી ઇનારીની ખાસિયતોને ત્યાં સમય વિતાવીને જાતે જ શોધવાની હતી. તેમાંય ટૂરિસ્ટનો મારો ત્યાં એવો હતો કે સૌથી મોટો અનુભવ તો ત્યાં પીપલ-વોચિંગનો જ બનીને રહી ગયો હતો. હજી સકુરાની ટૂરિસ્ટ સિઝન તો શરૂ પણ ન હતી થઈ. ત્યારે તો અહીં મુંબઈ લોકલ જેટલી ભીડ પણ થઈ જ જતી હશે. આ શ્રાઇન 'ઇનારી' નામે શિન્ટો ભગવાનની છે, જે ભાત અને ભાગ્યના દેવતા છે. હવે જાપાનમાં રાઈસનો પણ અલગ ભગવાન હોય તે સ્વાભાવિક છે.

છેક ૭૧૧ની સાલમાં બનેલી આ શ્રાઇનમાં ઓરેન્જ ગેટ પાછળનો પાથ જરા અનોખી શાંતિ આપી જતો હતો. ત્યાં ઉપર ટેકરી તરફ ચઢવામાં ભીડ પણ ઓછી થતી જતી હતી. મોટાભાગની ભીડ તો ગેટ પાસેનો ખ્યાતનામ ફોટો પડાવવા માટે જમા થઈ હોય તેવું લાગતું હતું. જાપાનમાં આજકાલ જેટલા ટૂરિસ્ટ ભેગા થાય છે એ પ્રમાણમાં દરેક સ્થળે મુખ્ય વ્યુ તો મુલાકાતીઓની ભીડનો જ હોવાનો. ગેટ્સની હારમાળાથી બનતી ટનલ મોટાભાગે લોકોએ આપેલા દાનમાંથી બની છે. દરેક ગેટ પર દાન આપનારનું નામ પણ કોતરવામાં આવેલું હોય છે. આ બાબતમાં દરેક કલ્ચર સરખું છે. ધાર્મિક સ્થળે દાન આપીને નામ લખાવવામાં કોઈ પણ સંસ્કૃતિનો માણસ રસ્તો શોધી જ લે છે. જોકે હાલમાં જર્મનીમાં રોથેન-બુર્ગ ઓબ-ડેર-ટાઉબર ગામની દીવાલો પર રિપેર કરવા લગાવેલા પથ્થરો પર પણ જાપાનીઝ દાનવીરોનાં નામ કોતરાયેલાં જોવા મળ્યાં હતાં. આ ફુશિમીનું મંદિર કે ઇનારી છે, એવી જ બીજી જાપાનમાં અલગ અલગ દેવતાઓને સમર્પિત ૩૦,૦૦૦ જેટલી ઇનારી છે. આ બાબતમાં તો ભારત યાદ આવ્યા વિના રહી જ ન શકે.

ફુશિમીનું પ્રતીક શિયાળ છે અને આખા વિસ્તારમાં શિયાળનાં ક્યુટ શિલ્પો જ્યાં જુઓ ત્યાં નજરે પડતાં હતાં. શ્રાઈનના અંતે ટોચ પર પહોંચવામાં બે કલાક લાગી ગયા. અહીંની ટનલ અને આસપાસની રોશની વચ્ચે અંતે મુખ્ય પૂજાના વિસ્તારમાં તો માત્ર એક અરીસો જ છે. આ ફુશિમીને યાદ કરવામાં અહીં પ્રવેશદ્વાર સુધી પહોંચવામાં ઘણા ફોર્ચ્યુન કુકીઝના ઠેલા પણ છે. મને પ્રશ્ન થયો કે જાપાનીઝ અને ચાઇનીઝ ફોર્ચ્યુન કુકીઝમાં ફર્ક તો હોવો જોઈએ. અને ખરેખર છે જ. ચાઇનીઝ ફોર્ચ્યુન કુકીઝ તો અમેરિકન ચાઇનીઝ કોનસેપ્ટ છે. જ્યારે જાપાનીઝ ફોર્ચ્યુન કુકીઝ તો તલ અને મિસો લેવરની બને છે. આમ તો જાપાનીઝ પારંપરિક ભવિષ્ય ભાખતા મેસેજીસ પણ જરા અલગ રહેતા હતા, પણ હવે ત્યાં પણ બધું અમેરિકનાઈઝ થઈ જ ગયું છે.


ઇનારીની અંદર લોકો હોય કે નહીં, માહોલ જરા ભારે લાગતો હતો. વળી અહીં પણ રાત્રે ન જવાની વાત પણ છે. એટલું જ નહીં, ગેટના અમુક વિસ્તારોમાં પણ ન જવાની સૂચના છે. ત્યાંથી આગળ માણસો જઈને ત્યાં વસેલી આત્માઓને ગેટની બહાર ભટકાવી શકે તેવી વાતો છે. આ બધી વાતોની જાણકારી સાથે ત્યાં ઊભા રહેવામાં અંધશ્રદ્ધા રાખ્યા વિના પણ માહોલ ગેબી સમજીને સસ્પેન્સ ફિલ્મ લાઇવ જોઈ હોય તેવી મજા લઈ લેવાનો મોકો પણ ત્યાં મળી ગયો. પછી સમજાયું કે ત્યાં પ્રવેશદ્વાર પાસે ઘણી ભીડ હોવા છતાં ઘણા ખૂણાઓમાં કોઈ જતું ન હતું.

હવે નજીકના બામ્બુ જંગલને એક્સપ્લોર કરવાનો સમય આવી ગયો હતો. બામ્બુને તો આમ પણ જંગલ બનતાં વાર નથી લાગતી. એવામાં અહીં તે જંગલ એટલું ઘેરું લાગતું હતું કે અંદર જતા પહેલાં ધાર્મિક ન હોવા છતાંય જરા પ્રાર્થના કરીને જવાની ઇચ્છા થઈ આવી હતી. જાપાની શ્રાઇનની મન પર ખરેખર અનોખી અસર થતી હતી. ■



## પ્રકરણ-૩૫

**અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...**




**યોગેશ સી પટેલ**

'તમને મળવા આવનારી વ્યક્તિને એક કપ ચા પિવડાવવાનો રિવાજ નથી આ પોલીસ સ્ટેશનમાં?' એકાએક ડૉ. ભાવિક માજીવડેએ ચા પીવાની ઇચ્છા વ્યક્ત કરતાં ક્યારના સ્તબ્ધ થઈ ગયેલા ગાયકવાડ અને ગોહિલમાં જાણે ચેતન ફૂંકાયું.

આરેના જંગલમાંથી મળેલા શબની ફોરેન્સિક તપાસમાં ચોંકાવનારી માહિતી સામે આવી હતી. મુખ્ય માર્ગ પર હાર્ટ અટેકથી જીવ ગુમાવનારા વાહનચાલકોનાં મોત પાછળનો ભેદ હૉલોગ્રાફિક કૅમેરાને કારણે ઉકેલાયો હતો, પરંતુ ડ્રગ્સ લૅબોરેટરી અને જંગલમાં જમીનમાંથી કાઢવામાં આવેલાં શબનું કોકડું હજુ વણઊકલ્યું હતું. ડ્રગ્સના કારોબાર સાથે આ લાશોને કનેક્શન હોવાનું માનવામાં આવતું હતું, પણ હવે તપાસની દિશા જ બદલાઈ જવાની હતી.

ડૉ. માજીવડેએ 'આ માનવ અવયવોની તસ્કરીનું રૅકેટ જણાય છે!' કહેતાં ગાયકવાડ અને ગોહિલ નિઃશબ્દ થઈ ગયા. બન્ને ડૉ. માજીવડેની વાત સાંભળવામાં મશગૂલ હતા, પણ વચ્ચે જ બ્રેક પડ્યો હોય તેમ ડૉક્ટરે ચા મગાવવા કહ્યું.

'માફ કરજો... ડૉક્ટરસાહેબ. તમે ઉતાવળમાં હશો, એવું માનીને ચા-નાસ્તાનું પૂછવાનું ભૂલી ગયો.' ગાયકવાડે ભૂલ સ્વીકારી.

બેલ વગાડી ગાયકવાડે કોન્સ્ટેબલને બોલાવ્યો. બ્રેડ-બટર સાથે ત્રણ ચા લાવવાનો કોન્સ્ટેબલને આદેશ આપ્યો.

'મારે એક મીટિંગમાં કાંદિવલી જવાનું હતું, પણ અહીં આવતો હતો ત્યારે જ એ મીટિંગ રદ થઈ હોવાનો મેસેજ આવ્યો હતો એટલે અત્યારે ફુરસદમાં છું.' ડૉ. માજીવડેએ ચોખવટ કરી.

'સારું છે... તો આપણે આ મુદ્દે વિસ્તૃત ચર્ચા કરી શકીએ છીએ!' ગોહિલે કહ્યું.

'આ રૅકેટ કોઈ ડૉક્ટરની સંડોવણી વિના શક્ય નથીને?' ગાયકવાડ સીધા મુદ્દા પર આવ્યા.

'રાઈટ... અને એ સહેલું પણ નથી!' ડૉ. માજીવડે ઉત્સાહથી સમજાવવા માંડ્યા.

'એટલે?'

'આ સ્કૅન્ડલના મૂળમાં જતાં પહેલાં હ્યુમન ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ વિશે થોડી જાણકારી હશે તો તમને કેસ ઉકેલવામાં કદાચ મદદ થશે!'

ડૉ. માજીવડે બોલી રહ્યા હતાઃ 'એક વ્યક્તિના શરીરમાંથી કોઈ અવયવ કાઢીને બીજી વ્યક્તિમાં તેનું પ્રત્યારોપણ કરવાની જટિલ પ્રક્રિયા એક દિવસની નથી હોતી, કેમ કે અવયવ પ્રત્યારોપણ પહેલાં અનેક તબીબી પરીક્ષણો કરવાં પડે છે.'

'બધી અલગ અલગ તબીબી ટેસ્ટ વિશે હું તમને સમજાવી તો શકું, પણ આટલી ટૂંકી ચર્ચામાં તમે સમજી નહીં શકો. તમારા કામ માટે ટૂંકમાં કહું તો બ્લડ ગ્રૂપથી માંડીને શારીરિક રચનાને ધ્યાનમાં રાખવી પડે છે, જે દાતા... એટલે કે જેનું ઑર્ગન કાઢવામાં આવે છે અને પ્રાપ્તકર્તા... એટલે કે જેના શરીરમાં પ્રત્યારોપણ કરવામાં આવે તે બન્નેને માફક આવવી જોઈએ.'

ડૉ. માજીવડે જે બોલી રહ્યા હતા તેમાંથી અડધુંપડધું જ બન્ને અધિકારીને સમજાઈ રહ્યું હતું.

'સૌપ્રથમ તો અવયવોના પ્રત્યારોપણ માટે બ્લડ ટેસ્ટ જરૂરી છે અને એ કરવા પાછળનું કારણ બ્લડ ટાઈપ જાણવું, ટિશ્યૂ ટાઈપ એટલે કે એચએલએ (હ્યુમન લ્યુકોસાઈટ એન્ટજેન) ટાઈપિંગ અને ચેપી રોગોનો હિસ્ટ્રી જાણવાનું હોય છે.'

ડૉ. માજીવડે સમજાવતા હતાઃ 'આ ઉપરાંત, ક્રોસમૅચિંગ અને ઈમેજિંગ પરીક્ષણો જરૂરી છે, જે દરદીના સામાન્ય સ્વાસ્થ્ય અને અંગની સ્થિતિના મૂલ્યાંકન માટે કરવામાં આવે છે.'

ગોહિલ અને ગાયકવાડ બાઘાની જેમ જોતા હતા, પણ ડૉ. માજીવડે તેમની વાત કહેવામાં ગળાડૂબ હતા.

'દાતાનું બ્લડ ગ્રૂપ પ્રાપ્તકર્તા સાથે સુસંગત છે તેની ખાતરી કરવા બ્લડ ટાઈપ ટેસ્ટ કરવામાં આવે છે. એ જ રીતે ક્રોસમૅચિંગ મહત્ત્વપૂર્ણ રક્તપરીક્ષણ છે, જેમાં પ્રાપ્તકર્તાનું સીરમ દાતાના કોષો સાથે મિશ્રિત થાય છે. ઈમેજિંગ પરીક્ષણમાં એક્સ-રે, એમઆરઆઈ તથા સીટી સ્કૅનનો સમાવેશ થાય છે.'

'ડૉક્ટરસાહેબ... અમારા મગજમાં ઘૂસે એ રીતે સમજાવો તો સારું!' ગોહિલે કહ્યું.

સ્માઈલ સાથે ડૉ. માજીવડેએ કહ્યુંઃ 'મેં પહેલાં જ કહ્યું... તબીબી પ્રક્રિયા તમે સમજી નહીં શકો. તમારા કેસમાં દરદીની બધી ટેસ્ટ સહેલાઈથી થાય એ સ્વાભાવિક છે, પણ દાતા... એટલે કે અવયવ માટે જેમને મારી નાખવામાં આવ્યા તેમની આ બધી ટેસ્ટ કઈ રીતે થઈ એના પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.'

'તમે કહેવા શું માગો છો, ડૉક્ટર!' ગોહિલે પૂછ્યું.

'એ જ કે ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ પહેલાં બધી ટેસ્ટના રેકોર્ડ રાખવામાં આવ્યા હશે, કારણ કે આ લોકોને મારી નાખવાનો ઉદ્દેશ એ જ હશે કે તેમની મરજી વિરુદ્ધ અવયવ કાઢવામાં આવ્યા હશે. એટલે કે મરનાર વ્યક્તિના મેડિકલ રેકોર્ડ આ રૅકેટમાં સંડોવાયેલાઓ પાસે હશે!' ડૉ. માજીવડેની વાત ગાયકવાડ અને ગોહિલને હવે સમજાઈ.

ચા અને બ્રેડ-બટર આવ્યા એટલે ચર્ચા થોડી ક્ષણ માટે ફરી અટકી.

ડૉ. માજીવડેએ ચાનો કપ હાથમાં લેતાં કહ્યુંઃ 'કંઈ સમજ્યા, ઑફિસર. હું શું કહેવા માગું છું!'

'થોડી સમજ પડી... પછી શાંતિથી તમારી વાતોને વાગોળીશ તો વધુ સમજ પડશે!' ગોહિલે ચાનો ઘૂંટડો પીતાં કહ્યું.

'હવે પ્રશ્ન એ છે કે કોઈ વ્યક્તિની જાણબહાર આ બધી ટેસ્ટ કરાવવી શક્ય જ નથી... તો પછી આ ટેસ્ટ ક્યાં અને કઈ રીતે કરાઈ?'

'એની તપાસ તો કરવી પડશે, પણ લાંબા સમયથી ધીરજપૂર્વકનો અભ્યાસ કરીને આ આખું સ્કૅન્ડલ ચલાવાતું હતું, એવું તમારું કહેવું છે?' ગાયકવાડે અનુમાન લગાવ્યું.

'થોડી થોડી, પણ જરૂરી વિગત તમે સમજ્યા ખરા!' ડૉ. માજીવડેએ સ્મિત કર્યું.

'ડૉક્ટરસાહેબ, પણ ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ સર્જરી તો ઘણી હૉસ્પિટલોમાં થતી હશે?' ગોહિલે પૂછ્યું.

'હા, કાયદેસર. પણ...'

ડૉ. માજીવડેએ ચાનો ઘૂંટડો ગળે ઉતારતાં કહ્યુંઃ 'ગેરકાયદે સર્જરીમાં કરોડો રૂપિયાની કમાણી થાય છે. આ સ્કૅન્ડલમાં રૂપિયાનો વરસાદ થાય છે, એવું કહેવું અતિશયોક્તિ નહીં હોય!'

'કેટલા રૂપિયામાં અવયવ વેચાતા હશે?'

'ગ્રાહક જોઈને પડીકાં બાંધવા જેવું છે આમાં... કિડની માટે એકથી દોઢ કરોડ રૂપિયા વસૂલાય છે તો લિવર... યકૃત માટે એક કરોડ સુધીની રકમ લેવાય છે. આ મંજરીનું હાર્ટ જેને અપાયું હશે તેની પાસેથી સિત્તેરથી એંસી લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હશે!'

પછી ડૉ. માજીવડેએ ઉમેર્યુંઃ 'ભાઈ... એક વ્યક્તિના વિવિધ અવયવનો સરવાળો માંડીએ તો સાડાત્રણથી ચાર કરોડ રૂપિયા કિંમત આંકવામાં આવે છે!'

'એટલે આપણી કિંમત આટલી તો ખરીને?' મજાકમાં ગાયકવાડે કહ્યું.

'ના... તમારી નહીં... તમારા સ્વસ્થ અવયવોની!' ડૉ. માજીવડેએ પણ એવી જ રીતે જવાબ આપ્યો.

'...પણ ડૉક્ટરસાહેબ, એક શરીરમાંથી અવયવ કાઢ્યા પછી બીજા શરીરમાં તેને ટ્રાન્સપ્લાન્ટ કરવાની સમયમર્યાદાનું શું?' ગોહિલે કામનો સવાલ કર્યો.

> **શબને ઊંચકીને અહીં લાવવું... ખાડો ખોદીને તેમાં શબ દાટવું... પછી ખાડો પૂરી નાખવો... આ કામ માટે વધુ લોકોની જરૂર પડતી હશે!**

'દરેક ઑર્ગનને શરીરની બહાર નિયત કલાકો સુધી જ રાખી શકાય છે, જેમ કે હૃદયને ચારથી છ કલાક... લિવરને આઠથી બાર કલાક.'

પછી ડૉ. માજીવડેએ કહ્યુંઃ 'હા... કિડની ચોવીસ કલાક પછી પણ ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે!'

'એનો મતલબ, અમુક અવયવ શરીરમાંથી કાઢીને દૂર લઈ જવા મુશ્કેલ છે!' ગોહિલ ગણતરી માંડી રહ્યો હતો.

'હા, પણ એક જ હૉસ્પિટલમાં અવયવ કાઢીને ટ્રાન્સપ્લાન્ટની સર્જરી થતી હોય તો?' ડૉ. માજીવડેએ શક્યતા જણાવી.

'એ પણ શક્યતા નકારી ન શકાય, પણ...'

ગોહિલ વિચારીને બોલતો હતોઃ 'મંજરી... અંજુ અહીં નજીકની રહેવાસી હતી. એનો મતલબ આ જંગલમાં કે તેની આસપાસ આ કાંડને અંજામ અપાતો હશે!'

* * * * * *

બાઈક યુનિટ-૧૬ પાસે પહોંચી એટલે અનાયાસે ગોહિલની નજર આરે હૉસ્પિટલ પર પડી. તપાસ જેમ આગળ વધી રહી હતી તેમ આ હૉસ્પિટલ કેન્દ્રમાં આવી રહી હતી. ડૉ. મૃત્યુંજય હિરેમઠ અને ડૉ. મંદિરા અજવાની ગોહિલના મગજમાંથી નીકળતાં જ નહોતાં.

'આ કેસની ચાવી આરે હૉસ્પિટલમાં જ હોવી જોઈએ!' ગોહિલ ધીમેથી બબડ્યો.

'શું કહ્યું, સર!' બાઈક ચલાવતા કોન્સ્ટેબલ નામદેવ દળવીને સંભળાયું નહીં એટલે તેણે પૂછ્યું.

'કંઈ નહીં...' ગોહિલે વાત આગળ વધારી નહીં.

ડૉ. માજીવડે અને ગાયકવાડ સાથે મીટિંગ પત્યા પછી તેણે ઈન્સ્પેક્ટર રવિ કદમને ફોન કર્યો હતો. મહત્ત્વનું નિરીક્ષણ ચાલી રહ્યું હોવાથી અડધો કલાક લાગશે, એવું કદમે કહેતાં ગોહિલે જ ત્યાં જવાનું નક્કી કર્યું હતું. કદમ ટીમ સાથે બોલેરોમાં ગયો હોવાથી ગોહિલ દળવી સાથે બાઈક પર યુનિટ-૧૬ જવા નીકળ્યો હતો.

'સર... આ સામેના માર્ગથી જીવન નગર જવાય છે, જ્યાં દીપડાએ પેલા બાળક અને સ્ત્રી પર હુમલો કર્યો હતો!' દળવીએ બાઈકની ગતિ ધીમી કરી સાંકડા માર્ગ તરફ આંગળી ચીંધી.

વનિચા પાડા ક્રોસ રોડથી જમણે વળાંક લઈ બાઈક કોંકણ વિકાસ મહામંડળ રોડ પર દોડી રહી હતી. શનિધામથી થોડે આગળ દળવીએ બાઈક રોકી તો દૂર શિવ મંદિર નજરે પડતું હતું.

'આ જંગલમાં માણસ કરતાં મંદિર વધુ દેખાય છે!' ગોહિલ આસપાસના પરિસર પર નજર ફેરવતો બોલ્યો.

'સર... અહીં બધું ભગવાન ભરોસે તો ચાલે છે... અને બાકીનું મુખિયાઓને ભરોસે!' દળવીએ ટકોર કરી.

વાત કરતાં બન્ને હેલિકૉપ્ટર ક્રેશ સાઈટ પર પહોંચ્યા.

'શાનું નિરીક્ષણ કરતો હતો, કદમ?' ગોહિલે પૂછ્યું.

'સર, એ તો આપણે માનીએ છીએ કે રાતે-મધરાતે જ અહીં શબ દાટવામાં આવ્યાં હશે?' કદમે શરૂઆત કરી એટલે ગોહિલે માત્ર હકારમાં માથું હલાવ્યું.

'મારું માનવું છે કે આ કોઈ એક વ્યક્તિનું કામ નથી, ભલે એ કેટલી પણ હૃષ્ટપુષ્ટ હોય.' કદમે કહ્યું.

'એટલે?'

'જુઓ... સર, આ જંગલ રાતે એટલું ભયંકર દેખાય છે કે એકલી વ્યક્તિ અહીં આવવાની હિંમત ન કરે... એ સિવાય હિંસક પ્રાણીઓના હુમલાનો ખતરો હોય... એટલે બે કે તેથી વધુ લોકો લાશ દાટવા આવતા હશે.'

કદમે વધુમાં સ્પષ્ટતા કરીઃ 'બૉડી લાવવા ફોર વ્હીલરનો ઉપયોગ થયો હશે... અને મોટું વાહન કોઈ કાળે અહીં આવી શકે નહીં. અમે આ વિસ્તારમાં દૂર સુધી તપાસ કરી... વાહનને આવવાનો કોઈ માર્ગ નથી.'

'બરાબર.' ગોહિલે કહ્યું.

'શનિધામ કે તેની નજીક ક્યાંક વાહન પાર્ક કરીને એકાદ શબને ઊંચકીને અહીં લાવવું... ખાડો ખોદીને તેમાં શબ દાટવું... પછી ખાડો પૂરી નાખવો... આ કામ માટે વધુ લોકોની જરૂર પડતી હશે!'

કદમે બોલવાનું ચાલુ રાખ્યુંઃ 'વળી, બૅટરીનો ઉજાસ કરવાની ભૂલ તો હત્યારો કરે નહીં, નહીંતર ગામવાસીઓને જાણ થવાનો ભય રહે... અને અહીંના લોકો તો આપણે જાણીએ જ છીએ કે આવા હત્યારાને જીવતો છોડે?'

'બધી વાત બરાબર, કદમ... પણ તારે કહેવું શું છે?'

'સર... હું વિચારું છું કે જંગલમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ જોઈએ અને શંકાસ્પદ વાહન, જે વારંવાર આ માર્ગ પર આવતું હોય તેને ઓળખી કાઢીએ. ઉપરાંત, અહીં ટોળામાં જે લોકો સતત ફરતા દેખાય તેમના પર નજર રાખીએ!' કદમે જાણે પ્લાન સમજાવ્યો.

'વિચાર ઉત્તમ છે... પ્રયાસ કરી જોઈએ... કદાચ આપણને સફળતા હાથ લાગે!' ગોહિલે સહમતી દર્શાવી.

એ જ સમયે ગોહિલના મોબાઈલ પર સબ-ઈન્સ્પેક્ટર કપિલ રાજપૂતનો કૉલ આવ્યો.

'સર... એ કૅમેરાની બધી માહિતી મળી ગઈ છે.'

'ઠીક છે... તું ક્યાં છે?'

'ચર્ચગેટ...' રાજપૂતે કહ્યું.

'ઓકે. અત્યારે અમે જંગલમાં છીએ અને મોડું થશે... કાલે પોલીસ સ્ટેશને આવ... પછી વિગતવાર જણાવજે.'

'હા, પણ મહત્ત્વની વાત કહી દઉં.'

'શું?'

'સર... એ કૅમેરા પેલા ગાંડા... જૉનીએ ખરીદ્યો હતો!'

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે.
પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ધાક | કિનાર |
| ધાંખ | આક્રમણ |
| ધાડ | જૂઠાણું |
| ધાપ | ઝંખના |
| ધાર | ભય |

### ઓળખાણ પડી?

ફિઝિક્સ માટે એનાયત થતું નોબેલ પ્રાઈઝ બે વખત મેળવનારા વિશ્વના એકમેવ વૈજ્ઞાનિકનું નામ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) ડેવિડ ગ્રોસ
બ) જોન બાર્ડીન
ક) વિલિયમ ફાવલર
ડ) લુઈ આલ્વરેઝ



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ૨ મો | ચ | ૩ ન | | ૪ અ | ૫ ર | ૬ બ | સ્તા | ૭ ન |
| ૮ રે | ચ | | રા | | ૯ મ | જા | ક | | ર |
| ચ | | ૧૦ વ | ધ | સ્થા | ન | | ૧૧ રો | ૧૨ ન | ક |
| ૧૩ ન | ૧૪ ર | દ | મ | | | ૧૫ શ | | જા | |
| | ૧૬ સ | ન | | ૧૭ અ | ગ | મ | | ૧૭-અ ક | ૧૮ મ |
| ૧૯ સા | ઝ | | ૨૦ હુ | ક | | ૨૧ ન | ૨૨ વ | ત | ર |
| ૨૩ ક | ર | મ | ક | થ | ની | | ચ | | ણ |
| ૨૪ ર | તી | | ૨૫ મ | ની | | ૨૬ સ | ન | ૨૭ દ | |
| પૂ | | ૨૮ વ | | ય | | ન | | ૨૯ રિ | ૩૦ ટ |
| ૩૧ ડા | મા | ડો | ળ | | ૩૨ ર | મ | તિ | યા | ળ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | | ૮ | | | ૯ | |
| ૧૦ | | | ૧૧ | | | ૧૨ | | | |
| | ૧૩ | ૧૪ | | | ૧૫ | | | ૧૬ | ૧૭ |
| ૧૮ | | | | ૧૯ | | | ૨૦ | | |
| ૨૧ | ૨૨ | | | | | | ૨૩ | | |
| ૨૪ | | | | ૨૫ | | ૨૬ | | | |
| ૨૭ | | ૨૮ | | | ૨૯ | | | ૩૦ | |
| | | | | ૩૧ | | ૩૨ | ૩૨-અ | | |
| ૩૩ | | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. ભારે ફેરફાર (૫)
૪. કસવાળું, સત્ત્વવાળું (૪)
૭. ફિકર (૨)
૯. એક તેજાનો (૨)
૧૦. માટલામાંથી પાણી --- વડે કાઢો (૨)
૧૧. ચીંથરેહાલ (૬)
૧૩. --- ચૂકવી એટલે નિષ્ફળ જવું (૩)
૧૫. માટે, (૨)
૧૬. છોડનો આગળનો ફૂટતો ભાગ (૨) (જો.છૂ.)
૧૯. એક રાગ (૪)
૨૧. પુષ્કળ, અઢળક (૪) (જો. છૂ.)
૨૩. નબળો, નિર્ધન (૩)
૨૪. જાસૂસ, ગુપ્તચર (૨)
૨૫. ફરીથી શરૂ કરીને (૪)
૨૭. લાડુ ઘીમાં--- હોય (૪)
૨૯. બાણ (૨)
૩૦. એક વ્યંજન (૨)
૩૨. કાર્ય (૩)
૩૩. એક ઝાડનું પાંદડું (૫)
૩૪. સાફલ્ય, સાર્થકતા (૪)

**ઊભી ચાવી**

૧. રંગ બદલતું સરિસૃપ (૩)
૨. વાહનવહેવાર (૪)
૩. બહુ બોલવું તે (૪)
૫. સવા બશેરનું મારું--- લોલ (૪)
૬. બધે રેતી જ રેતી (૨)
૮. બીજાના શરીરમાં પેસવું તે, એક સિદ્ધિ (૭)
૧૨. બોજ, ભાર (૩)
૧૪. લચી જાય એવું (૩)
૧૭. ખાડાખૈયાવાળું, ઊંચું-નીચું (૫)
૧૮. ચારિત્ર્ય (૨,૪)
૨૦. સફેદ ફૂલ - ગંધ વિહીન (૩)
૨૨. --- કરવો એટલે વાપરવું (૩)
૨૬. જોકર, પ્રાણીઓના ખેલ વગેરે (૪)
૨૮. પડદો (૩)
૩૦. વહેતા પાણીમાં થતું કૂંડાળું (૩)
૩૧. ---, તત્ર, સર્વત્ર (૨)
૩૨-અ. કાચું, રીતભાત વગરનું (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી નાટ્યસૃષ્ટિના બે ધરખમ અભિનેતા પ્રવીણ જોશી અને અરવિંદ જોશીએ સાથે અભિનય કર્યો હોય એ નાટકનું નામ જણાવો.

અ) સપ્તપદી બ) સળગ્યા સૂરજમુખી
ક) ખેલંદો ડ) સંતુ રંગીલી

### જાણવા જેવું

નોબેલ પારિતોષિક સ્વિડીશ પારિતોષિક છે. એની શરૂઆત ૧૮૯૫માં સ્વિડીશ રસાયણશાસ્ત્રી આલ્ફ્રેડ નોબેલે કરી હતી. પ્રથમ પારિતોષિક ઈસવીસન ૧૯૦૧માં શાંતિ, સાહિત્ય, રસાયણશાસ્ત્ર, શરીર વિજ્ઞાન અથવા વૈદક અને ભૌતિકશાસ્ત્ર માટે આપવામાં આવ્યા હતા. અર્થશાસ્ત્ર માટેનું પારિતોષિક સને.૧૯૬૯ માં શરૂ કરવામાં આવ્યું હતું.

### સુડોકુ-૯૧૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | | | | | | ૪ | ૯ |
| | ૬ | | ૯ | | ૮ | | ૩ | |
| | | ૭ | | | | ૮ | | |
| ૩ | ૪ | ૮ | | | | ૨ | ૭ | ૬ |
| | | | | ૭ | | | | |
| ૭ | ૧ | ૫ | | | | ૩ | ૯ | ૮ |
| | | ૧ | | | | ૫ | | |
| | ૩ | | ૧ | | ૪ | | ૬ | |
| ૬ | ૫ | | | | | | ૮ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૯ | ૪ | ૮ | ૨ | ૬ | ૧ | ૭ |
| ૮ | ૪ | ૬ | ૭ | ૩ | ૧ | ૫ | ૯ | ૨ |
| ૧ | ૭ | ૨ | ૬ | ૯ | ૫ | ૮ | ૪ | ૩ |
| ૬ | ૫ | ૭ | ૯ | ૪ | ૮ | ૩ | ૨ | ૧ |
| ૩ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૪ | ૭ | ૮ |
| ૪ | ૨ | ૮ | ૩ | ૧ | ૭ | ૯ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૪ | ૫ | ૨ | ૩ | ૧ | ૬ | ૯ |
| ૯ | ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૨ | ૮ | ૫ |
| ૨ | ૧ | ૫ | ૮ | ૬ | ૯ | ૭ | ૩ | ૪ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

અતિશય ખારાશને કારણે જે સમુદ્રનું નામ 'ડેડ સી' અથવા 'મૃત સમુદ્ર' પડ્યું છે એ કયા બે દેશ વચ્ચે પ્રમુખપણે સ્થિત છે એ જણાવો.

અ) ચીન - રશિયા
બ) ઓસ્ટ્રિયા - જર્મની
ક) અલ્જીરિયા - લિબિયા
ડ) જોર્ડન - ઈઝરાયલ

### નોંધી રાખો

મહેનત એક એવી ગજબનાક ચાવી છે જેની પાસે ગમે તેવા બંધ ભવિષ્યનું તાળું ખોલી નાખવાની અસાધારણ તાકાત રહેલી છે.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૧, ૩૨, ૬૩, ૧૦૪, ૧૫૫, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૫૫ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૮૩ બ) ૧૯૯
ક) ૨૧૬ ડ) ૨૫૫

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ધગવું | સળગવું |
| ધગશ | ઉત્સાહ |
| ધખારો | ઉકળાટ |
| ધડક | ભય |
| ધડકી | ગોદડી |

**ઓળખાણ પડી**
થોમસ જેફરસન

**માઈન્ડ ગેમ**
૭૮

**ગુજરાત મોરી મોરી રે**
બા તને ક્યાં રાખું

**ચતુર આપો જવાબ**
માથું ખંજવાળો
ઈસ્તંબુલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ભારતી બુચ (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) મુલરાજ કપૂર (૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૯) પુષ્પા પટેલ (૧૦) સુભાષ મોમાયા (૧૧) લજિતા ખોના (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) કિરીટ છેડા (૧૫) શ્રદ્ધા આશર (૧૬) મીનળ કાપડિયા (૧૭) મહેશ સંઘવી (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) મહેશ દોશી (૨૫) વિપીન શાહ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) મહેશ દોશી (૨૮) અરવિંદ કામદાર (૨૯) કમલ માતલિયા (૩૦) નૂતન વિપીન શાહ (૩૧) ભાવના કર્વે (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) મહેન્દ્ર લોઢાવિયા (૩૬) ડાયના સંતોકે (૩૭) નીતા દેસાઈ (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) ડો. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) હિંમતલાલ પુરુષોત્તમ ખોલીયા

# આત્મહત્યા



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

**ઇન્સ્પેક્ટર** કરણ બક્ષીની જીપ પૂરપાટ વેગે દોડવા લાગી. વીસ મિનિટ પહેલાં આવેલા ફોનના ભૂંગળામાંથી માહિતી ઠલવાયેલી કે આકાશગંગા સોસાયટીના એ બ્લોકમાં એક યુવતીએ ઝરૂખામાંથી છલાંગ મારીને આત્મહત્યા કરી લીધી છે!

માહિતી મળતાંની સાથે કરણ બક્ષી અને એમનાં જુનિયર ઝલક દીક્ષિત અને જયરાજ જાડેજા ઘટનાસ્થળે જવા નીકળી ગયાં. આકાશગંગા સોસાયટી નગરને છેવાડે આવેલી હતી. પહોંચતાં ચાળીસેક મિનિટ થઇ. પોલીસ જીપ સોસાયટીમાં પ્રવેશી એ સાથે જ કરણ અને ઝલકની સૂક્ષ્મ નજર ચારેકોર ફરી વળી. પહેલી નજરે વિશાળ વિસ્તારમાં ફેલાયેલી સોસાયટી રળિયામણી અને નયનરમ્ય દેખાતી હતી.

સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વારની બંને બાજુ લીલાંછમ વૃક્ષોની હારમાળા હતી. નારિયેળી, આસોપાલવ, લીમડો, પીપળો અને બીજાં વૃક્ષો ગરમ વાતાવરણમાં પણ ઠંડકનો અહેસાસ કરાવતાં હતાં. વચ્ચોવચ સુંદર મજાનો ગોળાકાર ઉદ્યાન. રંગરંગી ફૂલછોડની ક્યારીઓ. કિનારે કિનારે બાંકડાની સજાવટ. બાળકો માટે ઝૂલા, લપસણી, ચકડોળ, ઊઠકબેઠક અને અન્ય ખેલકૂદનાં સાધનો. ઉદ્યાનમાં મધ્યમાં વડનું વૃક્ષ. ઝૂલતી વડવાઈઓ. વડ ફરતે પથ્થરનો ઓટલો. સામાન્ય દિવસોમાં છોકરાઓ અહીં ધીંગામસ્તી કરે. હીંચકે ઝૂલે. વડવાઈઓને વળગે. વડીલો ઓટલે કે બાંકડે બેસીને ટોળટપ્પાં કરે. મહિલાઓ મહેફિલ જમાવે. સ્વાસ્થ્ય અને તંદુરસ્તીના આગ્રહીઓ વોક પર નીકળે. ચાલે અને દોડે પણ ખરાં...પણ આજે સોસાયટી સૂમસામ હતી. સ્તબ્ધ હતી. કારણ કે એક અપમૃત્યુ થયું હતું!

કરણે નોંધ્યું કે ઉદ્યાન ફરતે વીસ ફૂટના અંતરે અર્ધગોળાકારે નવ માળના નવ એપાર્ટમેન્ટ આકાશને આંબતાં ઊભેલાં હતાં. લક્ઝુરિયસ બ્લોકસ. એ થી લઈને આઈ સુધી. એ અને આઈ લગભગ લગભગ સામસામે આવે એ રીતની કલાત્મક ડિઝાઇન હતી. સાધનસંપન્ન લોકોને જ અહીં રહેવાનું પોસાય. સામાન્ય માણસ તો આવા એપાર્ટમેન્ટનું સપનું ય ન જોઈ શકે. અહીં વસતા લોકો સમૃદ્ધ જ હોય, એ એકને એક બે કરવા જેવી વાત હતી, પણ સમૃદ્ધિ હોય એ સુખી હોવાની પારાશીશી નહોતી એ સ્પષ્ટ હતું. એથી જ કોઈ દુખિયારીએ આપઘાત કરવાની નોબત આવી હતી!

સોસાયટીના એ બ્લોકની સામે દીવાલથી સાતેક ફૂટના અંતરે એ અભાગી ચત્તીપાટ પડી હતી. પહેલી નજરે માસૂમ દેખાતી હતી. છવ્વીસ વર્ષની ઉંમર હશે. સુંદરતાના માપદંડમાં ખરી ન ઊતરે કદાચ, પણ લાવણ્યમયી તો હતી જ. પીળા રંગની સાડીમાં વીંટળાયેલી હતી. ચહેરા પર આઘાતના ભાવ લીંપાયેલા હતા. ઉપરથી પડવાને કારણે મસ્તકના પાછળના ભાગેથી લોહી વહી ગયેલું. કરોડરજ્જુ પણ ભાંગી ગઈ હશે. આંખો ફાટી ગયેલી. ડાબા હાથે પહેરેલી કાંડા ઘડિયાળનો કાચ તૂટી ગયેલો. જમણા હાથની કલાઈ પર પહેરેલી કાચની પીળી બંગડીઓ ફૂટી ગયેલી. બંને હાથ બે દિશામાં ફેલાઈ ગયેલા. આંગળીઓમાં સોનાની વીંટીઓ હતી. ગળામાં હીરાના પેન્ડન્ટવાળું સોનાનું મંગળસૂત્ર. સેંથીમાં સિંદૂર. શરીર પર ઘાનાં કોઈ નિશાન નહોતાં.

કરણ અને ઝલક મૃતદેહનું બારીકાઈથી અવલોકન કરી રહ્યા હતા, એવામાં લોકો ટોળે વળી ગયાં. માણસનું એક ચોક્કસ પ્રકારનું માનસ હોય છે. કોઈ ઘટના કે દુર્ઘટના બને ત્યારે એની પ્રતિક્રિયામાં પોતે આગેવાની લેવા તૈયાર થતાં નથી. પણ જો કોઈ પહેલ કરે તો લોકો ટોળે વળી જાય છે. અહીં પણ એવું જ બન્યું. પેલી અભાગણીને જોઇને લોકો ઘરમાં ભરાઈને ચર્ચા ને હાયકારો કરતાં હતાં, પણ એની પાસે જવા તૈયાર નહોતા. પણ પોલીસને જોઇને સૌ કુતૂહલથી ટોળે વળ્યાં. પણ પાછું પૂછપરછમાં પોતાનું નામ આવશે એ બીકે બિલ્લીપગે સહુ વિખરાઈ પણ ગયાં. એટલામાં સોસાયટીનો સિક્યુરિટી ગાર્ડ બહાદુર પણ ત્યાં આવી પહોંચ્યો. કરણ બક્ષીએ પ્રશ્નાર્થ નજરે એની સામે જોયું. એટલે એ પટ પટ બોલવા લાગ્યોઃ 'સાહેબ, આ પલ્લવી ભાભી છે. એ બ્લોક સાતમો માળ. આ જુઓને શું થઇ ગયું એમને! કેવા સારા સ્વભાવનાં હતાં. એકાએક...' સખારામ બોલતાં બોલતાં આંસુ લૂછવા લાગ્યો.

કરણ બક્ષીને અનુભવને આધારે ખબર હતી કે સિક્યુરિટીવાળા, ડ્રાઈવરો અને કામવાળા લોકો જ એમના માલિકનું સત્ય જાણતા હોય છે. સમાજમાં ઊજળા થઈને ફરનારાઓનો અસલી ચહેરો પણ આ સેવકવર્ગ જ જાણતો હોય છે. મોટાંઓની નાનાઈ આ નાના કહેવાતા લોકો સારી પેઠે જાણતા હોય છે. ગરવા કહેવાતા લોકોનાં વરવા સ્વરૂપ પણ આ લોકો પાસેથી જ જાણવા મળે છે. એટલે સાચી માહિતી મેળવવા ઇન્સ્પેક્ટર કરણે સમતાપૂર્વક બહાદુરને પૂછ્યુંઃ 'તું અહીં ક્યારથી કામ કરે છે?'

'આ સોસાયટી ઊભી થઇ ત્યારથી જ સાહેબ. દસેક વર્ષ તો થયાં જ હશે.' બહાદુર માથુ ખંજવાળતાં બોલ્યો.

'મરનાર પલ્લવી વિશે તું શું જાણે છે?' કરણનો બીજો પ્રશ્ન. ઝલક નોંધ લઇ રહી હતી.

બહાદુરની આંખમાં ડર ડોકાયો. એ આજુબાજુ જોવા લાગ્યો. એટલે ઝલકે કહ્યુંઃ 'તું નિશ્ચિંત થઇ જા. તારું નામ ક્યાંય નહીં આવે.'

'સાહેબ, પલ્લવી ભાભી બહુ નરમ સ્વભાવનાં. મરતાને મર ન કહે એવાં...' બહાદુર થોડા ધીમા અવાજે જોખી જોખીને બોલ્યોઃ

'બે વર્ષ પહેલાં ગરિમાશેઠાણીના દીકરા વિક્રમ સાથે લગ્ન કરીને આવેલાં. પ્રેમલગ્ન હતાં એમનાં. શેઠાણીને પલ્લવીભાભી પસંદ નહોતાં, પણ વિક્રમભાઈની જીદ સામે એમનું કાંઈ ન ચાલ્યું. એથી લગ્નની મંજૂરી આપેલી એવું સાંભળ્યું છે.'

'ઘરમાં કોણ કોણ છે?' કરણના પ્રશ્નનો ઉત્તર વાળતાં બહાદુર બોલ્યોઃ 'ત્રણ જ જણા. શેઠાણી, વિક્રમ શેઠ અને પલ્લવીભાભી. પણ પણ હવે તો બે જ રહ્યાં!'

'તેં ક્યારેય એમના ઘરમાં બોલાચાલી કે ઝઘડાના અવાજો સાંભળ્યા છે?' ઝલકે પૂછ્યું એટલે બહાદુર વિચારવા લાગ્યો. થોડી વારે અચકાઈને ફિલસૂફની અદાથી બોલ્યોઃ 'એમાં તો એવું છે સાહેબ, ઘરમાં બે વાસણ હોય તો ખખડે પણ ખરાં. મેં સાંભળ્યું તો છે કે સાસુ- વહુને બનતું નહોતું. એટલે ક્યારેક બોલવાનું થતું હશે. પણ એ સાતમે માળે રહે એટલે ઝઘડતાં હોય તોય મારા સુધી અવાજ ન પહોંચે.'

'અચ્છા, આ ઘટના બની ત્યારે એટલે કે પલ્લવીએ ભૂસકો માર્યો ત્યારે તું ક્યાં હતો?'

'સાહેબ, હું દરવાજે જ હતો. સાડા દસ કે અગિયાર વાગ્યા હશે. ચોક્કસ સમય તો યાદ નથી, પણ, અચાનક કંઈ ધડામ દઈને ઉપરથી પડ્યું હોય એવો અવાજ આવ્યો એટલે હું દોડીને મારી કેબિનમાંથી દોડ્યો. જોયું તો પલ્લવીભાભી નીચે પડેલાં. ઉપર જોયું તો શેઠાણી ઝરૂખામાંથી નીચે જોઈ રહ્યાં હતાં!'

કરણ અને ઝલકે ઉપર જોયું. શેઠાણી હજુ ઝરૂખામાં જ ઊભાં હતાં. બંને બહાદુર સાથેની વાતચીત પૂરી કરીને સાતમે માળે પહોંચ્યાં.

બ્લોક નંબર ૭૦૧ ખુલ્લો જ હતો. બંને અંદર દાખલ થયા. એપાર્ટમેન્ટ બહારથી જેટલા ભવ્ય દેખાતા હતાં એનાથી અનેકગણા ભવ્ય અંદરથી હતા. ગરિમાદેવીનો ચાર બેડરૂમનો આલીશાન ફ્લેટ હતો. બેઠકખંડ અત્યંત વિશાળ હતો. મધ્યમાં ચાર દિશામાં ચાર બદામી રંગના આરામદાયક સુંવાળા સોફા. વચ્ચે સેન્ટર ટેબલ. એમાં ચાર નાની ટીપોય. બે ખૂણામાં બે સુંદર મૂર્તિ. એન્ટીક પીસ. દીવાલો પર પ્રખ્યાત ચિત્રકારોની દુર્લભ તસવીરો. કરણ અને ઝલક શેઠાણીની રાહ જોતાં આ કીમતી અસબાબ નિસ્પૃહતાથી નિહાળી રહ્યાં, પણ ગરિમાદેવીએ ત્યાં આવવાની તસ્દી ન લીધી. નાછૂટકે બંને બેઠકખંડ વળોટીને ડાબી બાજુના કોરિડોરમાં થઈને, છેડેના કમરામાં દાખલ થયા. કમરાના ઝરૂખામાં ગરિમાદેવી ઝૂલે ઝૂલી રહ્યાં હતાં!

કરણ અને ઝલકે જોયું કે ગરિમાદેવી જાજરમાન પ્રતિભા ધરાવતાં હતાં. કોઈ પણ એમનું વ્યક્તિત્વ જોઇને પ્રભાવિત થઇ જાય. ગોરો વર્ણ. ઊંચાઈ પોણા છ ફૂટમાં થોડી જ ઓછી હશે. પડછંદ અને કદાવર. આંખોમાં તેજ. ગળામાં, કાનમાં અને હાથમાં હીરાનાં આભૂષણોનો શણગાર. આછા ગુલાબી રંગની સાડીમાં ઠસ્સાદાર જણાતાં હતાં. કોઈને ગાંઠે નહીં એવાં. ચહેરા પરથી કળાય નહીં એવાં. અત્યારે પણ પલ્લવીના આપઘાત પછી પણ એમને કળવાં મુશ્કેલ હતાં. કરણ અને ઝલકને એમના મુખ પર ન સહેજ પણ રંજ દેખાયો, ન દુઃખની વાદળી. શું હશે એમના મનમાં?

કરણે સાતમા માળના ઝરૂખામાંથી બહાર જોયું. આ ઝરૂખામાંથી જ પલ્લવી કૂદી પડેલી. ફરસથી ઝરૂખાનો કઠેડો ત્રણ ફૂટ ઊંચો હતો. ગરિમાદેવી જે ઝૂલે ઝૂલી રહ્યાં હતાં તેની આગળ એક નાનકડું સ્ટૂલ હતું. ફરસ પર એક બાલદી પડી હતી. એમાં થોડાં ધોયેલાં કપડાં પડેલાં. ઝરૂખાની છતમાં કપડાં સૂકવવાની દોરીઓ બાંધેલી હતી. કઠેડા સાથે બહારની બાજુએ પણ એન્ગલ લગાવીને દોરીઓ બાંધેલી હતી.

ઇન્સ્પેક્ટર, બે દિવસથી નોકર આવતો નહોતો. અમારે જ ઘરનું કામ કરવું પડતું... ગરિમાદેવી તદ્દન નિર્લેપ ભાવે બોલવા માંડ્યાંઃ

વાસણ ધોવાને વાર હતી એટલે પલ્લવી સ્ટૂલ પર ચડીને કપડાં સૂકવવા માંડી. મેં કહ્યું કે 'કપડાં વધારે છે તો પહેલાં બહારના તાર પર નાખી દે અને પછી જરૂર લાગે તો અંદર નાખી દેજે. પણ એ કાંઈ મારી વાત માને? એ તો હું કહું એનાથી ઊંધું જ કરતી. એ કહે કે પહેલાં અંદર જ કપડાં નાખીશ. એવી નજીવી વાતમાં અમારી જીભાજોડી થઇ ગઈ. મેં ઠપકાનાં બે વેણ કહ્યાં એટલામાં તો એને માઠું લાગી ગયું. એનું મોઢું ચડી ગયું. 'લો, હવે કપડાં તમે જ સુકાવજો ...' એમ કહીને કૂદી પડી. બોલો, આમાં મારો કોઈ વાંક છે?'

ગરિમાદેવી... કરણ ચાબુક વીંઝતો હોય એમ બોલ્યો. તમારી વહુ કૂદી પડી અને મરી ગઈ. અને, તમે આ રીતે.. કરણે મનમાં ઊગેલા શબ્દોને હોઠેથી પાછા વાળી દીધાઃ 'નામ બડે ઓર દરશન છોટે!'

'કેમ? હું આ રીતે ઝૂલે ઝૂલી ન શકું?' ગરિમાદેવી વિચિત્ર લાગે એમ કોઈ ત્રાહિતની વાત કરતાં હોય એ રીતે બોલ્યાંઃઃ 'જનારી તો જતી રહી. હું ઝૂલે નહીં ઝૂલું તો એ શું પાછી આવવાની છે?'

લાગે છે તમને તમારી પુત્રવધૂ માટે લાગણી નહોતી. કરણે કહ્યું. એ તો બહાદુરે તમને જણાવી જ દીધું છે ને? ગરિમાદેવીએ કટાક્ષ કર્યો. અહંકારમાં ચૂર થઈને ગરવા ચહેરા પાછળનું વરવું રૂપ છતું કર્યુંઃ મારા પૂર્વજો રાજવી કુળના હતા. અમે રાજવંશી છીએ.અમારા ખાનદાનનું તો મોટું નામ છે. પ્રતિષ્ઠા છે અમારી. વિક્રમ માટે તો એકથી એક ચડિયાતી છોકરી કતારમાં ઊભી હતી. અને એ..એ.. પેલી મા- બાપ વગરની છોકરીને કોને ખબર ક્યાંથી ઉપાડી લાવ્યો. કોણ જાણે કોનું લોહી હશે? પેલું કહેવાય છે ને કે રાજાને ગમી તે રાણી, છાણાં વીણતી આણી. એવું જ કંઈક. પગની મોજડીને પગમાં જ પહેરાય. માથાનો મુગટ ન બનાવાય. પણ અમારા કુંવર સમજ્યા નહીં ને આને લઇ આવ્યા. કાગડી દહીંથરું લઇ ગઈ. અમારી આબરૂના તો કાંકરા થઇ ગયા. નાક કપાયું નાતમાં. હવે તમે જ કહો, એણે આપઘાત કર્યો તો મને શેનું દુઃખ થાય? બલકે હું તો રાજી જ થઇ છું! મારે તો બલા ટળી!'

ઝલક સ્ટેટમેન્ટ નોંધી રહી હતી ત્યારે કરણ આ અભિમાનનાં પૂતળાંને ધારદાર નજરે જોઈ રહ્યો...

એણે પૂછ્યુંઃ 'વિક્રમ ક્યાં છે?'

જવાબ મળ્યોઃ 'એ તો બિઝનેસના કામે અઠવાડિયા માટે બે દિવસ પહેલાં જ બહાર ગયો છે.'

'ઓહ, એમ વાત છે...' કરણના મનમાં ઘડ બેઠી.ઃ 'વિક્રમની ગેરહાજરીમાં...'

'એટલે..તમે શું કહેવા માંગો છો, ઇન્સ્પેક્ટર?' ગરિમાદેવી તાડૂક્યાંઃ વિક્રમ બહાર ગયો છે ત્યારે પલ્લવી આપઘાત કરે તો એમાં હું શું કરું? અને મને દંભ કરતાં નથી આવડતો. પલ્લવી મરી ગયાનું મને કોઈ દુઃખ નથી તો નથી. એનો અર્થ એવો તો નથી થતો ને કે મેં એને મારી નાખી છે?'

'એનો અર્થ એવો જ થાય છે, ગરિમાદેવી!' કરણના એક એક શબ્દમાં વજન હતું.

'એટલે...એટલે.....' ગરિમાદેવી સફાળા ઊભાં થઇ ગયાંઃ 'ઇન્સ્પેક્ટર, તમે એમ કહેવા માગો છો કે મેં પલ્લવીને મારી નાખી છે?'

'હા, હું એમ જ કહેવા માગું છું, ગરિમાદેવી!' કરણ શાંતિથી બોલ્યોઃ

'તમે બરાબર જ સમજ્યા છો.'

'હું, હું... રાજવંશી છું.. મારા પર આળ મૂકવું તમને ભારે પડશે, ઇન્સ્પેક્ટર!' ગરિમાદેવી ગર્વભેર બોલ્યાંઃ

'પણ આરોપ મૂક્યો જ છે તો એને સાબિત કરો.'

જવાબ સાંભળવા જયરાજ પણ આતુર હતો, એ જોઇને કરણે તર્કબદ્ધ અને મુદ્દાસર વાત કરીઃ 'પહેલો મુદ્દો, સાતમા માળના ઝરૂખામાંથી કોઈ આપઘાત કરવા કૂદે તો એ નીચે પટકાય ત્યારે એ માથાના બળે જમીન પર પટકાય. એનું માથું જમીન પર અફળાય, પીઠ નહીં. એના કપાળે ચોટ વાગે, માથાની પાછળના ભાગમાં નહીં. પણ પલ્લવીના કિસ્સામાં એ જમીન પર ચત્તીપાટ પડી છે અને એની ખોપરીમાં ઈજા થઇ છે. એનો અર્થ એમ થાય કે પલ્લવી સ્ટૂલ પર ચડી ત્યારે જ, એનું મોં તમારી સામે હતું ત્યારે તમે જ એને જોરથી ધક્કો મારી દીધો. એટલે જ એ પીઠના બળે નીચે પડી છે અને એના ચહેરા પર આઘાત લીંપાયો છે. અને બીજો મુદ્દો, પલ્લવીએ જો પોતાની મેળે ભૂસકો માર્યો હોત તો એ દીવાલથી ચારેક ફૂટને અંતરે પડી હોત. પણ તમે એને બળપૂર્વક ધક્કો માર્યો છે એટલે એ સાતેક ફૂટના અંતરે પડી છે. વિક્રમ હાજર નહોતો એ તકનો લાભ ઉઠાવીને તમે જ પલ્લવીની હત્યા કરી. બોલો, હું ખરું કહું છું કે ખોટું?'

'હા, ઇન્સ્પેક્ટર, તમે ખરું કહો છો.' ગરિમાદેવી ભાંગી પડ્યાં. પણ એમનો રાજવી ઘમંડ યથાવત હતો. ગુનો કબૂલ કરતાં એમણે કહ્યું કે, 'મેં વિક્રમની ગેરહાજરીનો જ લાભ લીધો. પલ્લવી કપડાં સૂકવવા સ્ટૂલ પર ચડી ત્યારે જ મેં એને ધક્કો મારવાની યોજના બનાવી. હું એને ઘૃણા કરતી હતી. પણ વિક્રમ એને છોડવા તૈયાર નહોતો. એટલે મોકાનો ફાયદો ઉઠાવીને મેં એને ધક્કો મારીને આપઘાતનું રૂપ આપી દીધું. અને એ વાતનો મને જરાય અફસોસ કે પસ્તાવો નથી. આખરે અમે રાજવંશી છીએ અને એ પલ્લવી....'

ગરિમાદેવી વાક્ય પૂરું કરે એ પહેલાં કરણના ઈશારે ઝલકે એમની સામે હાથકડી લંબાવી દીધી. બંનેના મનમાં એકસાથે એક જ કહેવત ઊગીઃ

સીંદરી તૂટે પણ વળ ન છૂટે! ■


**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# સ્થાપત્યની વિડંબના...

હેમંત વાળા
feedback@bombaysamachar.com




**આજના સમયમાં** સ્થાપત્યની વિડંબણા રસપ્રદ છે. આજે વિવિધતાની આવશ્યકતા છે તો સાથે સાથે વિવિધતામાં મર્યાદિતતા પણ જરૂરી છે. એક તરફ અતિ-આધુનિક ટેક્નોલોજી પ્રત્યેનો ઝુકાવ વધતો જાય છે તો સાથે સાથે સ્થાનિક સ્તરે પ્રાપ્ય કૌશલ્યના ઉપયોગની વાત થાય છે. એક તરફ આધુનિક સામગ્રી પ્રત્યેનો ઝોક જોવા મળે છે અને સાથે સ્થાનિક સામગ્રીના વપરાશ માટે થતાં પ્રયાસને પણ પ્રોત્સાહન અપાય છે. આજના સમયે સ્થાપત્યમાં આધુનિકતા મુજબની નવી શૈલી માટે દલીલ કરવામાં આવે છે તો સ્થાપત્યના પરંપરાગત મૂલ્યોની જાળવણી માટે પણ ઈચ્છા શક્તિ જણાય છે. સ્થાપત્ય એક તરફ સ્થાનિક સંસ્કૃતિને જાળવણીની વાત કરે છે તો બીજી તરફ વૈશ્વિક શૈલીની તરફદારી પણ કરે છે. સ્થાપત્યમાં પર્યાવરણ અને કુદરતની વાત જોરશોરથી કરવામાં આવે છે અને સાથે સાથે પ્રત્યેક રચના, દરેક પ્રકારે કૃત્રિમ રીતે નિયંત્રિત કરાય છે. વાસ્તવમાં આ પ્રકારની સ્થિતિ દરેક ક્ષેત્રમાં છે પરંતુ સ્થાપત્યમાં તે પ્રખરતાથી પ્રતિત થાય છે. ભૂતકાળ સાથેનો સંબંધ છોડવો નથી, ભવિષ્ય તરફ ડગલા માંડવા છે અને વર્તમાનની વાસ્તવિકતા સ્વીકારવી પડે છે. વિડંબણા એ છે કે ક્યાં પ્રકારની પસંદગી, ક્યાં પ્રકારનાં અગ્રતાક્રમ સાથે, ક્યાં કારણોસર કરવામાં આવે.

આજે શહેરમાં એક તરફ કાચ અને સ્ટેઇનલેસ સ્ટીલ તથા એલ્યુમિનિયમનાં પતરા જડાયેલું આધુનિક ફસાડ જોવાં મળશે તો નજીકમાં જ શહેરની ધરોહર ગણાતી ઐતિહાસિક ઇમારતથી પ્રેરિત અન્ય રચના હશે. આજે એક તરફ પ્રયોગાત્મક સ્થાપત્ય હશે તો બીજી તરફ સ્થાપિત ઘરેડ મુજબની ઈમારત જોવાં મળશે. સ્થાપત્યની રચનામાં ક્યાંક અનુશાસનનો અનુભવ થશે તો ક્યાંક આડેધડવાદ દેખાશે. ક્યારેક મકાનમાં બધી જ બાબતો વ્યવસ્થિત રીતે નિર્ધારિત થઈ ચૂકી હશે તો ક્યારેક અસરકારક ફેરબદલની સંભાવના સ્થાપિત હશે. શહેરમાં ફરતાં ફરતાં ક્યારેય મકાનમાં કોઈ એક સ્પષ્ટ વિચારધારા પ્રતિબિંબિત થયેલી જણાશે તો ક્યારેક વિચારોમાં અંધાધૂંધ મિશ્રણ પણ દેખાશે. કેટલાંક મકાનોમાં અભિવ્યક્તિમાં તીવ્રતા જણાય તો કેટલાંક મકાનો સરળતાથી પોતાની વાત કહી જાય. સાંપ્રત સ્થાપત્યમાં ક્યારેય પરિસ્થિતિ અનુસારનો ઉકેલ હોય તો ક્યારેક 'એલીયન' સમાન રચના હોય. બહુ જૂજ છતાં પણ સાંપ્રત સ્થાપત્યમાં ક્યારેય સ્થાનિક આબોહવા અને પર્યાવરણ માટેની સંવેદનશીલતા જણાશે તો ક્યારેય આ બાબત સાવ જ નજરઅંદાજ થયેલી લાગશે. આધુનિક સ્થાપત્યના કેટલાંક મકાન શહેરના ફેબ્રિક સાથે સરળતાથી જોડાઈ જશે - એક રૂપ થઈ જશે તો કેટલાક મકાન થીગડાં સમાન જણાશે. વિડંબણા એ છે કે કઈ બાબત ક્યારે યોગ્ય ગણવી.

આ પરિસ્થિતિમાં સ્થપતિને એક પ્રકારની સ્વતંત્રતા મળે તો સાથે સાથે ક્યાંક પસંદગી નિર્ધારિત કરવી મુશ્કેલ પણ બને. સ્થપતિ માટે પ્રશ્ન એ હોય છે કે કઈ વિચારધારાને ક્યારે મહત્ત્વ આપવું, જે તે પ્રકારનો અગ્રતાક્રમ ક્યારે અમલમાં મૂકવો, ક્યાં પ્રકારના પરિબળને ક્યારે પ્રાધાન્ય આપવું, ક્યાં પ્રખરતાથી કઈ વાતને વળગી રહેવું અને ક્યાં સમાધાન માટે તૈયારી રાખવી, ક્યાં સમાજની ભાવનાને મહત્ત્વ આપવું અને ક્યાં વ્યક્તિગત સમજ અનુસાર રચના નિર્ધારિત કરવી. અહીં પ્રત્યેક વિરોધાભાસી જણાતી બાબતો કોઈને કોઈ સંદર્ભમાં તો યોગ્ય રહેતી જ હોય છે. જેમ વૈશ્વિકરણ પ્રભાવ જરૂરી ગણાય છે તેમ સ્થાનિક સ્થાપત્ય-શૈલી માટે સન્માન પણ જરૂરી છે. સ્થાપત્યની રચના જેમ વિશ્વ સ્થાપત્યનું પ્રતિનિધિ છે તેમ સ્થાનિક પરિસ્થિતિનું પ્રતિબિંબ પણ છે. વિડંબણા એ રહે કે કયો નિર્ણય શેને આધારે કરવો.

સ્થાપત્યને નિર્ધારિત કરતા પરિબળો સંખ્યામાં વધુ અને પ્રકારમાં જટિલ છે. અહીં ઉપયોગિતાનો પ્રકાર અને તેની માત્રાનું મહત્ત્વ છે. એક જ પ્રકારની ઉપયોગિતામાં પરિસ્થિતિ અને સમય પ્રમાણે બદલાવ પણ આવતો હોય છે. ઉપયોગિતા ઉપરાંત મકાન સાથે એક ચોક્કસ પ્રકારનો ભાવાત્મક સંબંધ પણ હોય. આ સંબંધની વ્યાખ્યા કરવી અને તે મુજબ તેનું નિર્ધારણ કરવું એક પડકાર જનક પ્રક્રિયા છે. સ્થાપત્યની રચનાના નિર્ધારણમાં પર્યાવરણ અને આબોહવા પણ મહત્ત્વનાં છે. મોસમી પ્રદેશમાં આ પણ બદલાતાં રહે છે. સ્થાપત્યની રચના નિર્ધારિત કરતાં પરિબળોમાં બાંધકામની સામગ્રી અને તેને સંલગ્ન તક્નિકનું ઘણું મહત્ત્વ છે. આ બંને બાબતો અને મકાનના રખરખાવની યોજના પ્રાપ્ય ભંડોળ પર આધાર રાખે. બની શકે કે પ્રારંભિક રોકાણ અને રખરખાવ પરસ્પર આધારિત હોય. સ્થાપત્યને નિર્ધારિત કરતા પરિબળોમાં 'સાંપ્રત પ્રવાહ'નું પણ એક મહત્વ છે. આ બધાં સાથે સ્થાપત્યના નિર્ધારણમાં લાગુ પડતાં સ્થાનિક કાયદાનું પાલન પણ થવું જોઈએ.

કહેવાય છે કે સ્થાપત્યમાં પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેવાય. જ્યાં જેની આવશ્યકતા હોય ત્યાં તેનું પ્રયોજન સ્વીકૃત બને. કળાના અન્ય ક્ષેત્રની જેમ સ્થાપત્યમાં પણ, કાયમ માટે કોઈ એક પ્રકારની વિચારધારા, કોઈ એક બાબતનું પ્રાધાન્ય કે કોઈ એક પ્રકારનું પરિણામ સ્વીકૃત ન બની શકે. જ્યાં પરંપરા મહત્ત્વની હોય ત્યાં તેને જ મહત્ત્વ મળવું જોઈએ અને જ્યાં આધુનિકતાની આવશ્યકતા હોય ત્યાં તેની સ્વીકૃતિ હોવી જોઈએ. આ નિર્ણય સ્થપતિની સંવેદનશીલતા, તેની મૂલ્ય-નિષ્ઠા, તેનું 'વિઝન', ચોક્કસ પ્રકારનો પડકાર ઝીલવાની તેની ક્ષમતા તથા અન્ય પરિબળોના પ્રભાવની માત્રા પર આધાર રાખે. જ્યાં કાર્યક્ષમતા આવશ્યક હોય ત્યાં દૃશ્ય-અનુભૂતિ સાથે સમાધાન થઈ શકે. જ્યાં સાંસ્કૃતિક ભાવના પોષવાની હોય ત્યાં તે મુજબ સાંસ્કૃતિક પરંપરા સ્થાપિત થયેલી હોવી જોઈએ તો જ્યારે ભવિષ્ય માટેની 'વાર્તા' લખવાની હોય તો સ્થાપત્યમાં આધુનિકરણ એટલી જ પ્રખરતાથી પ્રયોજાવું જોઈએ. બની શકે કે ક્યારેક વિરોધી બાબતો વચ્ચેનો 'સંબંધ' પ્રશ્નો ઊભાં કરી શકે. અહીં એ સમજવું પડે કે દરેક બાબતને સરખો ન્યાય આપવાની આવશ્યકતા નથી હોતી. અગ્રતાક્રમ નક્કી કરવો પડે અને તે મુજબ સ્થાપત્યકીય નિર્ણયો લેવાં પડે. વિરોધી જણાતી બાબતો વચ્ચેનું સંતુલન અથવા પસંદગી 'ડિઝાઇન ફિલોસોફી' પર આધાર રાખે. સ્થાપત્યમાં વિડંબણાને તક તરીકે લેવાની આવશ્યકતા છે.■





## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# રોયલ ઓબ્ઝર્વેટરી... આ વેપાર છે વખતનો!

### લંડનની વેધશાળામાં ઘડિયાળ સેટ કરી ગ્રાહકોને ટાઇમ જણાવી કમાણી કરતી સન્નારી...

**TIME** IS MONEY... એ એક બહુ જાણીતી ઉક્તિ છે. સમય મૂલ્યવાન છે, ધનની જેમ એનો વપરાશ પણ ડહાપણ રાખી કરવો જોઈએ એવો એનો ભાવાર્થ છે. કેટલાંક વર્ષ પહેલા કોઈ ગુજરાતી નાટકમાં અથવા ફિલ્મમાં એક દ્રશ્ય જોયું હોવાનું યાદ છે, જેમાં કોઈ વ્યક્તિ માથેરાન - મહાબળેશ્વર કે અન્ય કોઈ હિલ સ્ટેશન પર જઈ બોટલમાં તાજી હવા ભરી શહેરમાં લોકોને વેચી રોકડી કરવાનો કીમિયો અજમાવે છે. અલબત્ત, એમાં શહેરના પ્રદૂષણ સામે વ્યંગ હતો. આપણે ત્યાં મિસ્ટર નટવરલાલ નામના ધૂતારાએ લોકોને તાજ મહેલ, લાલ કિલ્લો વેચ્યા હોવાના ઉદાહરણો છે. એમાં તરકટ હતું, પણ પેલી ઉક્તિનો ભાવાર્થ નહીં, પણ શબ્દાર્થ (સમય પૈસો છે)ને સાર્થક કરતો પ્રયાસ ઈંગ્લેન્ડના લંડન શહેરમાં જોવા મળ્યો હતો. સમય વેચવાના આ પ્રયાસમાં કોઈ છેતરપિંડી નહીં, નવો બિઝનેસ આઈડિયા હતો.


જ્હોન હેન્રી બેલવિલ નામના શખ્સ ૧૯મી સદીના પૂર્વાર્ધમાં લંડનના ગ્રીનવીચ વિસ્તારમાં આવેલી રોયલ ઓબ્ઝર્વેટરી (બ્રિટિશ રાજવટની વેધશાળા)માં નોકરી કરતા હતા. એ સમયે ચોક્કસ સમયની જાણકારી માટે લોકોએ વેધશાળા સુધી લાંબા થવું પડતું હતું. લોકોની હાડમારી જોઈ મિસ્ટર જ્હોનને આઈડિયા આવ્યો અને ૧૮૩૬માં 'પોકેટ ક્રોનોમીટર' તરીકે ઓળખાતી ખિસ્સા ઘડિયાળમાં વેધશાળાની ઘડિયાળનો ટાઈમ સેટ કરી માણસ મોકલી નક્કી કરેલા ગ્રાહકોને પૈસા લઈ એ સમય વેચવામાં આવતો હતો.

૧૮૫૬માં જ્હોનના અવસાન બાદ પત્ની મારિયાએ પતિના વેપારની જવાબદારી ઉપાડી લીધી. સતત ૩૬ વર્ષ કામ કર્યા પછી ૮૪ વર્ષની ઉંમરે એ નિવૃત્ત થઈ બિઝનેસ આગળ ધપાવવાની જવાબદારી ૩૮ વર્ષની દીકરી રૂથ બેલવિલને સોંપી.

રૂથ સ્વરૂપવાન હતી અને એટલે સમય ખરીદવા માગતા ગ્રાહકોની સંખ્યામાં ખાસ્સો વધારો થયો. દર સોમવારે સવારે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરી રૂથ ગ્રીનવીચમાં આવેલી રોયલ ઓબ્ઝર્વેટરી પહોંચી જતી. ક્રોનોમીટરમાં સમય મેળવી લંડનના માર્કેટની ક્લોક શોપ્સમાં પહોંચી માનવંતા ગ્રાહકોને એક્ઝેક્ટ ટાઈમ જણાવી તેમની ઘડિયાળ સેટ કરી આપતી. વર્ષના ચાર પાઉન્ડ ચાર્જ કરતી રૂથ લોકોમાં 'ગ્રીનવીચ ટાઈમ લેડી' તરીકે પ્રખ્યાત થઈ હતી. એ સમયે પોસ્ટઓફિસ વર્ષના ૧૫ પાઉન્ડ લેતી હતી. રૂથનો 'બિઝનેસ' સારો ચાલતો હતો, પણ ૧૯૨૪માં બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ સર્વિસે બિગ બેન અને અન્ય સર્વિસથી સમયની ઘોષણા કરવાનું શરૂ કરતા લોકોને સમય મેળવવાની સેવા વિના મૂલ્યે મળવા લાગી. ૧૯૩૬માં સમય જાણવાની અન્ય સુવિધા તેમજ વાયરલેસ કમ્યુનિકેશન શરૂ થવાથી રૂથના ટાઈમ સેલિંગ ટ્રેડને મોટો ફટકો પડ્યો. ૧૯૪૩માં રૂથનું અવસાન થયું, પણ સમય વેચતી ઘડિયાળ ક્લોકમેકર્સ કંપની મ્યુઝિયમને સોંપી દેવી એમ વસિયતમાં લખતી ગઈ હતી. રૂથનો એવો રુઆબ હતો કે અવસાન પછી અખબાર અને મેગેઝિનમાં એની જીવન ઝરમર છપાઈ હતી.




૨૪ કલાક દર્શાવતી વિશિષ્ટ ક્લોક



ટાઇમ વેચવાનો બિઝનેસ કરનાર રૂથ બેલવિલ


મિલેનિયમના સ્વાગત માટે તૈયાર કરાયેલું સનડાયલ




**રોયલ ઓબ્ઝર્વેટરીનું સનડાયલઃ** તમને જો વિજ્ઞાનમાં રુચિ હોય અને ખાસ કરી એસ્ટ્રોનોમી - ખગોળશાસ્ત્ર માટે લગાવ હોય તો ગ્રીનવીચ સ્થિત રોયલ ઓબ્ઝર્વેટરી તમારા માટે ગોળના ગાડાં જેવી અને આજના સમયમાં તો સોનાની ખાણ જેવી છે એમ કહેવું બહેતર કહેવાશે. અહીં ઘણાં આકર્ષણ છે, જેમાં મિલેનિયમ સનડાયલ તો ખાસ જોવું જોઈએ. સમયને જાણવા - માપવા આશરે ૩૫૦૦ વર્ષ પહેલા ઈજિપ્તમાં વિશ્વમાં પ્રથમ વાર સનડાયલ (સૂર્યઘડી)નો ઉપયોગ થયો હતો. રોયલ ઓબ્ઝર્વેટરીમાં સૂર્યઘડી - સનડાયલનું વિશિષ્ટ કલેક્શન છે, જેમાં મિલેનિયમ સનડાયલ સહેલાણીઓનું ફેવરિટ છે. ૧૦ મીટરનો વ્યાસ ધરાવતું આ ઉપકરણ એકવીસમી સદીના આગમનની ઉજવણી માટે ૧૯૯૯માં તૈયાર કરવામાં આવ્યું હતું. સૂર્યના કિરણો ઝીલી સમય દેખાડી શકે એ રીતે એની રચના કરવામાં આવી છે. એનું સ્થાન ઝીરો ડિગ્રી લોન્જીટયૂડ - શૂન્ય અંશ રેખાંશ પર છે. જો અહીંથી તમે સીધી નજર વેધશાળા તરફ નાખો તો તમે પૃથ્વીને પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધમાં વિભાજીત કરતી કાલ્પનિક રેખાની દિશામાં જોઈ રહ્યા છો. મતલબ કે તમારી એકબાજુ પૂર્વ ગોળાર્ધ છે ને બીજી બાજુ પશ્ચિમ ગોળાર્ધ છે. આ મિલેનિયમ સનડાયલ સમય સાથે સૂર્યની સ્થિતિ પણ દર્શાવે છે.

**શેફર્ડ ગેટ ક્લોકઃ** વેધશાળાના પ્રવેશદ્વાર પાસે શેફર્ડ ગેટ ક્લોક પણ એક અનોખું આકર્ષણ છે. ગ્રીનવીચ મીન ટાઈમ (જીએમટી- ભારતના સમયમાં અને જીએમટીમાં સાડા પાંચ કલાકનો તફાવત છે) જનતા માટે ઉપલબ્ધ કરાવી આપનારી પહેલી ઘડિયાળ. અહીંથી ટેલિગ્રાફ વાયરની મદદથી યુકે - આયર્લેન્ડના લંડન, એડિનબર્ગ, ગ્લાસગો, ડબ્લિન, બેલફાસ્ટ અને અન્ય શહેરોમાં સમય મોકલવામાં આવતો હતો. દૈનિક જીવનના સમય વિભાજનની દૃષ્ટિએ આ વિશ્વનાં અનોખાં અને અલાયદા ઘડિયાળ તરીકે પંકાયું છે. આ ક્લોકમાં ૧૨ નહીં પણ ૨૪ કલાક છે. શરૂઆતમાં આ ઘડિયાળમાં દિવસની શરૂઆત બપોરે ૧૨ વાગ્યે થતી હતી. જોકે, ૨૦મી સદીમાં જીએમટી દર્શાવે એ રીતે એમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આજની તારીખમાં પણ એમાં જીએમટી હિસાબે જ સમય નજરે પડે છે.

**વિલિયમ હર્ષલનું ટેલિસ્કોપઃ** ખગોળશાસ્ત્રમાં રુચિ હશે તો જર્મન - બ્રિટિશ વૈજ્ઞાનિક વિલિયમ હર્ષલના નામથી ચોક્કસ પરિચિત હશો. આપણી સૂર્યમાળાનો યુરેનસ પ્લેનેટ (પ્રજાપતિ અથવા હર્ષલ ગ્રહ નામથી પણ ઓળખાય છે) ટેલિસ્કોપની મદદથી શોધી કાઢવામાં આવેલો પહેલો ગ્રહ હર્ષલએ ૧૭૮૧માં શોધી કાઢ્યો હતો. ત્યારબાદ વિશાળ પાયે સંશોધન કરવા વૈજ્ઞાનિકે ૧૭૮૫થી ૧૭૮૯ દરમિયાન ૪૦ ફૂટ લાંબુ ટેલિસ્કોપ તૈયાર કર્યું અને બીજી કેટલીક શોધખોળ કરી. આજની તારીખમાં એ ટેલિસ્કોપનો ૧૦ ફૂટ લાંબો હિસ્સો રોયલ ઓબ્ઝર્વેટરીમાં જાળવી રાખવામાં આવ્યો છે. એ જોઈ સહેલાણીઓ વિલિયમ હર્ષલ અને એમના યોગદાનને સંભારે છે. આ સિવાય પણ આ ઓબ્ઝર્વેટરીમાં અમૂલ્ય ખજાનો પડ્યો છે. ■

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# ગાંધીજી બે દિવસ વધુ જીવ્યા હોત તો નોબેલ પ્રાઈઝ મળી જાત?

ચાલો, એક ઘાત ગઈ... ગત સપ્તાહે નોબેલ પ્રાઈઝની ઘોષણા થઇ ગઈ. આ પારિતોષક મેળવવા છેલ્લાં થોડા સમયથી અમેરિકી રાષ્ટ્રપતિશ્રી છેલ્લી કક્ષાના કેવાં હવાતિયાં મારી રહ્યા હતા એ સૌ જાણે છે... અને અંતે એમને ન મળ્યું. સારું થયું. બાકી સાત-સાત યુદ્ધો અટકાવ્યાં હોવાનો એમનો દાવો કેટલો પોકળ છે એ જગજાહેર વાત છે. સાવ છેલ્લી ઘડીએ ગાઝામાં શાંતિ સ્થાપી દેવાના પ્રયાસો પણ થયા.

સંજોગો જોતા મધ્ય-પૂર્વમાં આટલી આસાનીથી શાંતિ સ્થપાય એ શક્ય નથી. હમણાં ભલે હમાસ શરણે આવેલું જણાય પણ અધૂરે મહિને થયેલી કસુવાવડ જેવા આ યુદ્ધવિરામોની અવળી અસરરૂપે ભવિષ્યમાં મધ્ય-પૂર્વ કે દક્ષિણ એશિયાની પરિસ્થિતિ ઓર વકરે એવી ભીતિ પણ છે. વાયકા મુજબ આ બધું જો ખરેખર ટ્રમ્પની નોબેલ પ્રાઈઝ ઘેલછા પૂરી કરવાના આશયથી થયું હશે તો ઇતિહાસ એની બહુ ગંભીર નોંધ લેવાનો છે.

મુદ્દાની વાત એ છે કે ટ્રમ્પે પ્રેસિડેન્ટ તરીકે શપથ લીધા એના થોડા જ સમયમાં નોબેલ માટેના નોમિનેશન્સની આખરી તારીખ વીતી ગયેલી તો પછી આ વર્ષના નોબેલ પ્રાઈઝ માટે ટ્રમ્પનું નામ આવ્યું કઈ રીતે? શું અમેરિકી રાષ્ટ્રપતિ પોતાના પદના પ્રભાવનો દુરુપયોગ કરીને યેન કેન પ્રકારેણ પ્રાઈઝ મેળવવાના પ્રયત્નોમાં હતા?


નોબેલ કમિટીની મથરાવટી આમેય મેલી છે. એમાંય અમેરિકન પ્રેસિડેન્ટ સરીખા પ્રભાવશાળી રાજકારણીઓ સંકળાયેલા હોય તો પૂછવું જ શું? આ અગાઉ ભૂતપૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામા સાથે પણ નોબેલનો વિવાદ જોડાયેલો છે.

ઓબામાએ ૨૦૦૯થી ૨૦૧૭ સુધી સતત બે ટર્મ રાષ્ટ્રપતિપદ ભોગવ્યું. જો આઠ-નવ વર્ષના કાર્યકાળને ધ્યાનમાં રાખીને ૨૦૧૭ પછી ઓબામાને નોબેલ અપાયો હોત તો કદાચ ઝાઝો વિવાદ ન થાત, પણ ઓબામાને તો પ્રમુખપદે બેઠાના નવ જ મહિનામાં નોબેલ પ્રાઈઝ આપી દેવાયું! આટલા ટૂંકા ગાળામાં બરાક મહાશયે એવી તે કઈ સિદ્ધિ મેળવી લીધેલી? આંતરરાષ્ટ્રીય રાજદ્વારી સહયોગને મજબૂત બનાવવાના ઓબામાના અસાધારણ પ્રયાસો બદલ આ પ્રાઈઝ એમને ફાળે ગયું, એવું કારણ આપવામાં આવ્યું. સ્વાભાવિકપણે જ એ વર્ષે નોબેલ પ્રાઈઝ પોલિટિકલી મોટીવેટેડ હોવાની ભયંકર ટીકાઓ વરસી. ખૂબીની વાત તો એ હતી કે પોતાને નોબેલ પ્રાઈઝ મળવા બાબતે ખુદ ઓબામાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

નોબેલ માટેના નોમિનેશન્સની તારીખ નક્કી જ હોય છે. એ મુજબ તો ઓબામાએ રાષ્ટ્રપતિપદના શપથ લીધા એના બાર જ દિવસમાં નોબેલ માટે એમનું નોમિનેશન થઇ ગયેલું!

આશ્ચર્ય જ્યારે હદબહાર વધી જાય ત્યારે એ આઘાતમાં પરિણમે. ઓબામાને મળેલ નોબેલ પ્રાઈઝને આવો જ એક આંતરરાષ્ટ્રીય આઘાત ગણવો પડે એવી સ્થિતિ હતી. અહીં ઓબામાએ રાષ્ટ્રપતિ તરીકે કરેલા કાર્યોને અવગણવાનો કે ઉતારી પાડવાનો સહેજે આશય નથી, પણ એ બધા કામ કરતા પહેલા જ આવું ખ્યાતનામ પ્રાઈઝ અમેરિકન પ્રેસિડેન્ટની ખુરસીને ચરણે ધરી દેવામાં આવ્યું એ આશ્ચર્યજનક આઘાત છે.



ભારતને લાગેવળગે છે ત્યાં સુધી આપણે મહાત્મા ગાંધી અને નોબેલ પ્રાઈઝનો ઘટનાક્રમ ક્યારેય નથી ભૂલી શકતા. ગાંધીના કાર્યકારી વર્ષો દરમિયાન એમના જેવી પ્રજાભિમુખ છબી ભાગ્યે જ બીજા કોઈ વિશ્વનેતાની હતી. એ સમયે એમને ભારતમાં અને ભારતની બહાર સુધ્ધાં જે સમર્થન મળતું હતું એનો ઇનકાર તો એના પ્રખર ટીકાકાર પણ ન કરી શકે.

૧૯૩૭ થી ૧૯૪૮ વચ્ચે મહાત્મા ગાંધીને પાંચ-પાંચ વખત નોબેલ માટે નોમિનેશન્સ મળ્યા. એમાંય ૧૯૩૭, ૧૯૩૮ અને ૧૯૩૯માં તો સતત ત્રણ વર્ષ નોમિનેશન મળ્યું. એ પછી ૧૯૪૭ અને ૧૯૪૮, એમ સતત બે વર્ષ નોમિનેશન મળ્યું. પણ નોબેલ કમિટીને એકેય વાર ગાંધીના નામ પર મત્તું મારવાની ઈચ્છા ન થઇ.

તમે વિશ્વનો નકશો જોશો તો સમજાશે કે બ્રિટન અને નોર્વે વચ્ચે સમુદ્રનો નાનો અમથો વિસ્તાર છે. એ સિવાય આ બંને યુરોપિયન દેશો પડોશી જ ગણાય. વળી એ સમયે નોર્વે અને બ્રિટન વચ્ચે સારા સંબંધો હતા. આજેય છે. એવા સંજોગોમાં નોર્વેમાં બેઠેલી નોબેલ પ્રાઈઝ કમિટી દૂરના એશિયાઈ દેશ ભારતમાં બ્રિટીશ શાસન સામે લડત ચલાવી રહેલ વ્યક્તિને નોબેલ શું કામ આપે? સત્ય અને અહિંસાના ગુણગાન ગાવામાં બળુકા પડોશી દેશની ખફગી વહોરી લેવામાં કશું શાણપણ નથી. એવું ય કહેવાય છે કે નોબેલ કમિટીની શાંતિની વ્યાખ્યા મુજબ બે દેશ વચ્ચે યુદ્ધ અટકાવે એને જ શાંતિ સ્થાપી કહેવાય. જ્યારે ગાંધીજીનું ધ્યેય ઘરઆંગણે અહિંસક પ્રતિકાર દ્વારા સ્વતંત્રતા મેળવવાનું હતું. સાથે જ ગાંધીજીને અભિપ્રેત એવો સામાજિક ન્યાયનો મુદ્દો એ સમયની નોબેલ કમિટીને મન બહુ મહત્ત્વનો નહોતો.

૧૯૪૮માં મહાત્મા ગાંધીનું નામ નોબેલ પ્રાઈઝ માટે શોર્ટ લિસ્ટ થયેલું. ભારત તાજું તાજું આઝાદ થયેલું અને ગાંધી માત્ર એશિયાના જ નહિં, પણ સમગ્ર વિશ્વના પ્રભાવશાળી છતાં અહિંસામાં માનનારા નેતા તરીકે ઉભરી આવ્યા હતા.

એમને એ વર્ષે નોબેલ પ્રાઈઝ મળવાનું લગભગ નક્કી જ હતું એવું આજેય ઘણા માને છે. એ વર્ષે ગાંધીજીને નોમિનેટ કરતા પત્રો પૂરતી સંખ્યામાં કમિટીને મળેલા. બીજા કોઈ દાવેદારને આટલું મજબૂત સમર્થન મળ્યું નહોતું, પણ વિધાતાના લેખ કંઈક જુદા જ લખાયેલા. થયું એવું કે નોમિનેશન્સ ક્લોઝ થવાના બે દિવસ પહેલા જ ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે જ ગાંધીજીની હત્યા થઇ ગઈ!

એ પછી નોબેલ કમિટીએ ફેરવી તોળ્યું. કમિટીએ આપેલ કારણ મુજબ નોબેલ પ્રાઈઝ કોઈ મૃત વ્યક્તિને આપી શકાય નહિ. જો નોમિનેશન્સ ક્લોઝ થયા બાદ દાવેદારનું મૃત્યુ થાય તો વાત જુદી છે, પણ ગાંધીજીની વિદાય એ પહેલા જ થઇ ગઈ. જોકે, નોબેલ કમિટીનું આ કારણ ભારતીયોને ગળે ઉતરતું નથી. નોબેલ પ્રાઈઝ મરણોત્તર લોકોને નથી અપાતું એ વાત સાચી, પણ એવો કાયદો તો પાછળથી ઠેઠ ૧૯૭૪માં બન્યો. જો કે ૧૯૭૪ પહેલા પણ નોબેલ પ્રાઈઝ જીવિત વ્યક્તિઓને જ અપાયા છે એ ય સાચું. બીજી તરફ ગાંધીજી પહેલા ૧૯૩૧માં તેમજ ગાંધીજી પછી ૧૯૬૧માં મરણોત્તર નોબેલ પ્રાઈઝ અપાયેલ હોવાના અપવાદો છે જ. ગાંધીજીના કેસને પણ અપવાદરૂપ ગણી શકાયો હોત, પણ ખાટલે મોટી ખોડ એ હતી કે નોર્વેમાં બેઠેલી નોબેલ કમિટીની નજર ઠેઠ ૧૯૬૦ સુધી યુરોપ-અમેરિકાથી આગળનું કશું ભાગ્યે જ જોતી હતી! હા, રવીન્દ્રનાથ ટાગોર એમાં અપવાદરૂપ ખરા. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# દિવાળીએ ફૂટતા બોમ્બ જેવા મહેમાન



હજુ તો કાર્યક્રમમાંથી ઘરે પહોંચ્યો શેરીમાં પણ કૂતરાઓ ફટાકડાના અવાજ કાનમાં ભરી માંડ આડા પડખે થયા હતા.

સવારના પાંચ માંડ વાગ્યા હશે. ત્યાં ફોન રણક્યો. સપરમાં દાડે આટલી વહેલી સવારે ફોન રણકે એટલે તરત ટુવાલ યાદ આવે. કોઈક ગયું : 'ચાલો, એક પંથ દો કાજ. આમ પણ નાહવાનું તો છે જ...'

ચશ્માં ચડાવી અને કોલરનું નામ વાંચ્યું તો ચુનિયાનું નામ આવ્યું. જાતજાતના અતરંગ વિચારો સાથે ફોન ઉપાડ્યો.

સામેથી ચુનિયાનો ઘસાઈ ગયેલા સ્પીકર જેવો અવાજ આવ્યોઃ 'દિવાળીના તહેવારો મુબારક.'

મેં કહ્યું કે 'ભલા માણસ, આજે તો હજુ વાકબારસ છે.'

મને કહે : 'ભલા માણસ, વાઘ બારસ કહો. ઘરે વાઘણને ચરણસ્પર્શ કરી પહેલા જ તમને ફોન કર્યો. Whatsappમાં મેસેજ વાંચતા હશો કે સૌ પહેલા મેં તમને વિશ કર્યું, પરંતુ હું તો ફોન કરીને સ્ક્રીનશોટ પાડી રાખુ, જેથી કરી મને કોઈ ફરિયાદ ન કરે.'

મેં કહ્યું : 'પહેલા નક્કી કર કે સાબિતી માટે ફોન કર્યો કે શુભેચ્છા માટે. અને હજુ સવારના ૫:૦૦ વાગ્યા છે. સુઈ અને જાગવા તો દે.'

દિવાળીના તહેવારો શરૂ થઈ ચૂક્યા છે. લોકો એકબીજાને શુભેચ્છાના સંદેશાઓની આપ - લે કરવામાં મસ્ત છે. મારું વતન જુનાગઢ અને દિવાળીની મજા ખરેખર અમારી જ્ઞાતિની જુદી છે.

બેસતા વર્ષે સબરસ કહેતા આખું મીઠું વેચવા સવારે ચાર વાગ્યાના સુમારે લારી લઈને નીકળે. સાડા ચાર પાંચ ન થયા હોય ત્યાં તો સાલ મુબારક કરવા માટે સજી ધજી તૈયાર થઈ તમારા ઘરે આવરો જાવરો શરૂ થઈ જાય.

મને યાદ છે કે અડધા તો અંધારામાં કળાય પણ નહીં, ઓળખાય પણ નહીં. સાલ મુબારક કરી અને જે નાસ્તાની ડીશો હોય તે ફટાફટ પતાવી નીકળી જાય.

આવા અંધારાના લાભમાં ન ઓળખતા હોય છતાં ખબર હોય કે ફલાણાભાઈના ઘરે ટોપરા- ઘારી બહુ સરસ બને છે તો ત્યાં જઈ અને ખૂબ ઝાપટી છે.

જે સવારે ૫:૦૦ વાગે આવી ગયા હોય તે વળતા સામા મળે તો ફરી 'સાલ મુબારક ' કરીએ અને ધોખો પણ કરીએ કે કેમ ઘરે ના આવ્યા? એ કહે પહેલા જ તમારે ઘરે આવ્યા હતા. ભૂલી ગયા? આમ અંધારામાં કોણ આવી ગયું તે પણ ખબર ન પડતી.

આ વખતે દિવાળીના બીજા દિવસે ધોકો છે.

અમુક લોકો તો ધોકાના દિવસે પણ 'હેપી ધોકો' કહીને નાસ્તો કરી જાય.

જે ઉડતી મુલાકાતે શુભકામનાઓ દેવાના આવ્યા હોય તે નિરાંતે સાંજે ઘર ખાટલો લઈને આવે એટલે કે સહકુટુંબ આવે. નાના મોટા થઈને ૮-૧૦ કુટુંબના સભ્યો તમારા ઘરમાં ખડકાઈ જાય.

ગયા બેસતા વર્ષની વાત કરું તો ચુનિયો તેની ફોજ લઈને આવ્યો હતો. મેં દિવાળીની સ્કીમમાં સોફા લીધા હતા અને બેસતા વર્ષે તેની સાથે આવેલા નાના-મોટા છોકરાઓ એટલું ખૂંદ્યા કે સોફાની નીચે પગ કાઢ્યા.

નાસ્તાની ડીશ જેટલી વાર ગોઠવતા નથી લાગી તેટલી વારમાં સફા ચટ કરી ગયા અને છેલ્લે સીધા ડબ્બા જ મૂકી દીધા. પાણી માટે ફ્રીઝ ખોલતા છોકરાઓ કાજુકતરી જોઈ ગયા અને સરવાળે લોક કરેલું ફ્રીઝ ખોલવા દરવાજે ટીંગાયેલા.

દિવાળીના દિવસે જો તમારા ઘરે નાના છોકરાઓ હોય અને તેના કોઈ રમતના સાધનો હોય અને તેમાં પણ ખાસ કરી અને બેટબોલ હોય તો માળિયામાં ચડાવી દેવા.

મહેમાનના છોકરાઓ ઘરમાં રમતનું મેદાન સમજી અને બેટ દડે રમવાનું ચાલુ કરે મોંઘા ભાવની તે દિવસે નીકળેલી કાચની ક્રોકરી ભરભર ભૂકો કરી નાખે.

અમુક મહેમાનોના છોકરાઓ તો તમે શુકન પુરતા ફટાકડા લીધા હોય તેની કોથળી જતી વખતે હાથમાં લેતા જાય અને કહેતા પણ જાય કે તમારા ઘરે આ મજા છે. નાસ્તો પાણી કરી અને ફટાકડા પણ મળી રહે.

એમાં પણ ઉરાંગ ઉટાંગ જેવા છોકરાઓ હોય તો હાથમાં ફટાકડો ફૂટે એટલે ઘરધણીનો ઠપકો પણ આપણે સાંભળવાનો કે આવા ફટાકડા ઘરમાં ન રાખતા હોય તો? તેના દવા દારૂનો ખર્ચો પણ આપણે કરવાનો.

અમુક તો CID પ્રદ્યુમન જેવા હોય. એ પ્રશ્નોનો મારો ચલાવેઃ 'આ વખતે ઘરમાં કલર ન કરાવ્યો? રંગોળી ન કરી? ઘરમાં ફરીથી જાળા બાજી ગયા છે. છેલ્લે ક્યારે સફાઈ કરી હતી? મીઠાઈ ન બનાવી? ફરસાણમાં શું બનાવ્યું છે? કેમ એટલું જ?'

એમના ગયા પછી ખરેખર એવું લાગે કે તમે દિવાળીમાં કાંઈ કર્યું જ નથી. મારું તો એટલું જ કહેવું છે કે દિવાળી પ્રકાશ અને ઉત્સાહનું પર્વ છે.

કોઈના ઘરે મહેમાન થઈને જાવ તો કંઈક લેતા જાવ. તેને આનંદ આવે તેવી વાતો કરો. તેના હાલ ચાલ પૂછો.

Zen z તો હવે ચરણસ્પર્શ કરવાનું ભૂલી ગયા છે. જોકે અમુક બાળકોમાં તો વધી ગયેલું શરીર કમરથી વળવાની ના પાડે એટલે પગના અંગૂઠાને સ્પર્શ કરવાની વાત તો જવા દો પણ ગોઠણ સ્પર્શ કરી 'હાય અંકલ' કહી અને કર્તવ્ય પૂરું કરે છે.

ચાલો, સૌ વાચક બિરાદરોને મનમાં ઉદ્ભવેલી વ્યાજબી ઈચ્છાઓ ઉપરવાળો પૂરી કરે તેવી નવા વર્ષની શુભકામનાઓ. ■

**વિચારવાયુઃ**

*કાળી ચૌદસના દિવસે કોઈ મિત્ર એમ કહે કે ચાલો, દહીંવડા ખવડાવું તો ના પાડવી. ચુનિયાએ દહીંવડા ખવડાવેલા જેમાં મારા ઘરમાંથી ચોકમાં મૂકેલું વડું પણ હતું !*

# ભારતીયો પાંચ વર્ષે વન-ડે માટે પાછા ઑસ્ટ્રેલિયામાં: આવતી કાલે પ્રથમ મૅચ

## ભારતીયો ઑસ્ટ્રેલિયામાં ૫૪માંથી માત્ર ૧૪ વન-ડે જીત્યા છે, ૩૮ હાર્યા છે

પર્થ: ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે આવતી કાલે (ભારતીય સમય મુજબ સવારે ૯.૦૦ વાગ્યાથી) વન-ડે સિરીઝની પ્રથમ મૅચ શરૂ થશે અને એ સાથે રોહિત શર્મા તથા વિરાટ કોહલી જેવા બે મહારથીઓના પર્ફોર્મન્સ પર સૌની નજર રહેશે જ, નવા સુકાની શુભમન ગિલ ટેસ્ટ પછી હવે વન-ડેમાં સુકાન કેવી રીતે સંભાળે છે અને બૅટિંગમાં પોતે કેવું પર્ફોર્મ કરે છે એ જોવામાં પણ સૌને રસ રહેશે.

ઉલ્લેખનીય છે કે ભારતીયો છેલ્લે ડિસેમ્બર, ૨૦૨૦માં ઑસ્ટ્રેલિયામાં વન-ડે શ્રેણી રમ્યા હતા જેમાં આરૉન ફિન્ચના સુકાનમાં વિરાટ કોહલી ઍન્ડ કંપનીનો ૧-૨થી પરાજય થયો હતો.

જોકે એ શ્રેણીની છેલ્લી વન-ડે એટલે કે બીજી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ રમાઈ હતી જેમાં ભારતે ૧૩ રનથી વિજય મેળવીને પોતાનો વાઇટવૉશ ટાળ્યો હતો. ખુદ વિરાટે એમાં ૬૩ રન કર્યા હતા. જોકે એ મૅચના બીજા મૅચ-વિનર્સ આ વખતની સિરીઝમાં નથી. પાંચ વર્ષ પહેલાંની એ મૅચમાં હાર્દિક પંડ્યાએ અણનમ ૯૨ રન અને રવીન્દ્ર જાડેજાએ અણનમ ૬૬ રન કરીને ભારતને ૩૦૨/૫નો તોતિંગ સ્કોર અપાવ્યો હતો. શાર્દુલ ઠાકુરની ત્રણ તેમ જ જસપ્રીત બુમરાહ અને નટરાજનની બે-બે વિકેટ અને જાડેજા-કુલદીપની એક-એક વિકેટને કારણે ઑસ્ટ્રેલિયાની ટીમ ૨૮૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ભારતનો રોમાંચક વિજય થયો હતો.





પર્થમાં ગઈ કાલે પ્રૅક્ટિસ સેશન દરમ્યાન ભારતીય ખેલાડીઓમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી સ્ટાર અટ્રૅક્શન્સ હતા (ડાબે). મિચલ સ્ટાર્ક અને ટ્રૅવિસ હેડ સાથે ધ્રુવ જુરેલ તથા નીતીશ રેડ્ડી (જમણે). આવતી કાલે પર્થમાં પ્રથમ વન-ડે રમાશે. (બીસીસીઆઇ)

ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ૧૯૮૦થી ૨૦૨૫ સુધીમાં કુલ ૧૫૨ વન-ડે રમાઈ છે જેમાંથી ૮૪ ઑસ્ટ્રેલિયાએ અને ૫૮ ભારતે જીતી છે. ૧૦ વન-ડે અનિર્ણીત રહી છે. ઑસ્ટ્રેલિયાની ધરતી પર ભારતીયો એની સામે ૫૪ વન-ડે રમ્યા છે જેમાંથી માત્ર ૧૪ જીત્યા છે અને ૩૮ હાર્યા છે. બે મૅચ અનિર્ણીત રહી છે.

# ક્રિકેટમાં ક્રાંતિ! આવી રહ્યું છે ‘ટેસ્ટ ટ્વેન્ટી’ ફૉર્મેટ: જાણો, શું હશે ખાસ અને ક્યારથી શરૂ થશે

મુંબઈ: ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ પછી હવે ‘ટેસ્ટ ટ્વેન્ટી’ નામનું ચોથું ફૉર્મેટ આવી રહ્યું છે જેને પગલે ક્રિકેટની રમત વધુ રોમાંચક બનશે.

સૌથી પહેલી ટેસ્ટ ૧૮૭૭માં રમાઈ હતી, જ્યારે સૌપ્રથમ ઇન્ટરનૅશનલ વન-ડે ૧૯૭૧માં તથા સૌપ્રથમ ટી-૨૦ ઇન્ટરનૅશનલ ૨૦૦૫માં રમાઈ હતી અને હવે ટેસ્ટ ટ્વેન્ટીનું આગમન થઈ રહ્યું છે.

ટી-૨૦ના આગમન પછી છેલ્લા બે દાયકામાં ક્રિકેટનું સ્વરૂપ ઝડપથી બદલાયું છે. અગાઉ ટેસ્ટ અને વન-ડે એમ ક્રિકેટના બે જ ફૉર્મેટ હતા. ત્યાર બાદ વર્ષ ટી-૨૦ આવી અને ટી-૧૦ ફૉર્મેટમાં પણ કેટલીક લીગ સ્પર્ધા રમાઈ છે, પણ એ ખાસ પ્રચલિત નથી. હવે ક્રિકેટ જગતમાં એક મોટો બદલાવ આવવા જઈ રહ્યો છે. ટૂંક સમયમાં ક્રિકેટના નવા ફૉર્મેટ ટેસ્ટ ટ્વેન્ટીની શરૂઆત થવા જઈ રહી છે.

વન વન સિક્સ નેટવર્કના એક્ઝિક્યુટિવ ચૅરમૅન તથા સ્પોર્ટ્સ ઑન્ટ્રપ્રનર ગૌરવ બહિરવાણીએ સત્તાવાર રીતે ટેસ્ટ ટ્વેન્ટીનું અનાવરણ કર્યું છે. એબી ડિવિલિયર્સ, સર ક્લાઈવ લોઇડ, મૅથ્યૂ હેડન અને હરભજન સિંહ જેવા દિગ્ગજ ક્રિકેટરો ટેસ્ટ ટ્વેન્ટી માટેના સલાહકાર બોર્ડમાં સામેલ છે. આઇપીએલની ટીમ રાજસ્થાન રોયલ્સના ભૂતપૂર્વ સીઇઓ માઈકલ ફોર્ડહામ ટેસ્ટ ટ્વેન્ટીમાં ચીફ ઑપરેટિંગ ઑફિસર તરીકેની ભૂમિકા ભજવી રહ્યા છે.

### નવું ફૉર્મેટ કેવું હશે?

ટેસ્ટ ટ્વેન્ટી ફૉર્મેટમાં ટેસ્ટ ક્રિકેટ અને ટી-૨૦ ક્રિકેટ, બંનેની લાક્ષણિકતાઓ હશે. ટેસ્ટ ટ્વેન્ટીની એક મૅચ કુલ ૮૦ ઓવરની હશે. ટેસ્ટ ક્રિકેટની જેમ બંને ટીમ ૨૦ ઓવરની બે ઇનિંગ્સ રમશે. તેમાં ટેસ્ટ અને ટી-૨૦ ક્રિકેટ બંનેના નિયમો લાગુ પડશે, નવા ફૉર્મેટને અનુરૂપ કેટલાક નિયમોમાં ફેરફારો કરવામાં આવશે. ટેસ્ટ ટ્વેન્ટીમાં મૅચ જીત, હાર, ટાઇ અથવા ડ્રૉ થઇ શકે છે. ટૂંકમાં, ટેસ્ટ ટ્વેન્ટીની મૅચ એક જ દિવસમાં રમાશે એટલે એ ટેસ્ટ, ટી-૨૦ ઉપરાંત વન-ડેની પહેચાન ગણાશે.

### ક્યારથી શરૂ થશે લીગ

ટેસ્ટ ટ્વેન્ટીની પ્રથમ સીઝન જાન્યુઆરી ૨૦૨૬માં શરૂ થશે, જેમાં છ હાઇ પ્રોફાઇલ વૈશ્વિક ફ્રેન્ચાઇઝી ભાગ લેશે. પ્રથમ સીઝનમાં ત્રણ આંતરરાષ્ટ્રીય (દુબઈ, લંડન અને એક યુએસ શહેર) અને ત્રણ ભારતીય ફ્રેન્ચાઇઝીઓ ભાગ લેશે. દરેક ફ્રેન્ચાઇઝી પાસે ૧૬ ખેલાડીઓની ટીમ હશે, જેમાં આઠ ભારતીય અને આઠ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓનો સમાવેશ થશે.

### નવી પેઢીને તક, મહિલાઓ માટે પણ સ્પર્ધા

ટેસ્ટ ટ્વેન્ટીમાં યુવા પ્રતિભાને તક આપવામાં આવશે, વિશ્વના દરેક દેશના ૧૩થી ૧૯ વર્ષના યુવા ક્રિકેટરોને આ લીગ રમવાની તક આપવામાં આવશે. કૌશલ્ય, ડૅટા અને યોગ્યતાના આધારે ખેલાડીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે, જેના બાદ ફ્રેન્ચાઇઝી માટે હરાજી ગોઠવવામાં આવશે. બીજી સીઝનથી મહિલા ક્રિકેટરો માટે પણ ટેસ્ટ ટ્વેન્ટી લીગ રાખવામાં આવશે. ■

# રોહિતભાઈ અને વિરાટભાઈની હાજરીમાં ગિલ કૅપ્ટન્સીમાં વધુ ખીલશે: અક્ષર પટેલ

## ઑલરાઉન્ડર કહે છે, ‘ગિલ માનસિક બોજ વગર સુકાન સંભાળી રહ્યો છે એ તેનો સૌથી મોટો ગુણ’

પર્થ: ઑસ્ટ્રેલિયામાં રવિવારે શરૂ થતી ત્રણ મૅચની વન-ડે સિરીઝ માટેના સ્પિન-ઑલરાઉન્ડર અક્ષર પટેલે વન-ડે ટીમમાં બે ભૂતપૂર્વ કૅપ્ટનો રોહિત શર્મા અને વિરાટ કોહલીની હાજરી વિશે બેહદ ખુશી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે ‘આ બન્ને દિગ્ગજોની હાજરી નવા સુકાની શુભમન ગિલને કૅપ્ટન તરીકે આગળ વધવામાં ખૂબ મદદરૂપ થશે.’

૧૯મી ઑક્ટોબરે ભારતીય સમય મુજબ સવારે ૯.૦૦ વાગ્યે ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ વન-ડે શરૂ થશે. પીટીઆઇના અહેવાલ અનુસાર આ મૅચ માટે ચાલતી પ્રૅક્ટિસના શુક્રવારના બીજા સત્ર બાદ અક્ષરે મુલાકાતમાં કહ્યું, ‘રોહિતભાઈ અને વિરાટભાઈ માર્ચની ચૅમ્પિયન્સ ટ્રોફી પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ નથી રમ્યા એમ છતાં તેઓ પહેલાં જેવા જ અસરદાર છે.’

રોહિતના સુકાનમાં ભારતે વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી હતી એમ છતાં તેની પાસેથી વન-ડે ટીમની કૅપ્ટન્સી પાછી લઈને ઑસ્ટ્રેલિયાની વન-ડે ટૂર પહેલાં શુભમન ગિલને સોંપાઈ છે.



ગઈ કાલે પર્થમાં ટ્રૅવિસ હેડ અને અક્ષર પટેલ (બીસીસીઆઇ)

અક્ષર પટેલે ઑસ્ટ્રેલિયન ઓપનર ટ્રૅવિસ હેડ સાથે સંયુક્ત રીતે પત્રકારોને સંબોધતી વખતે કહ્યું હતું કે ‘ ગિલની બાબતમાં સૌથી સારું એ છે કે ટીમમાં રોહિતભાઈ અને વિરાટભાઈ હાજર છે. તેઓ બન્ને કૅપ્ટનપદે રહી ચૂક્યા છે એટલે તેઓ ગિલને પોતાના અનુભવો જણાવી શકશે જેને કારણે ગિલની કૅપ્ટન્સી સારી રીતે વિકાસ પામશે. ગિલ કોઈ પણ પ્રકારના માનસિક બોજ વગર સુકાન સંભાળી રહ્યો છે એ તેનો સૌથી મોટો ગુણ છે.’

અક્ષર એક દાયકા પહેલાં ખેલાડી તરીકે ઑસ્ટ્રેલિયાના પ્રવાસે આવ્યો હતો. તેણે રોહિત-વિરાટ વિશે એવું પણ કહ્યું કે ‘ ટ્રૅવિસે કહ્યું એમ આ બન્ને વર્લ્ડ ક્લાસ પ્લેયર છે. પ્રથમ મૅચ પરથી તેમના ફૉર્મનો ખ્યાલ આવી જશે. તેઓ બેંગ્લૂરુના સેન્ટર ઑફ એક્સેલન્સમાં ખૂબ પ્રૅક્ટિસ કરીને આવ્યા છે અને વન-ડે શ્રેણીમાં પોતાનો જાદુ બતાવવા તૈયાર છે. તેમના ફૉર્મ અને ફિટનેસ પહેલા જેવા જ છે.’ ■

# મુંબઈના ભૂતપૂર્વ ગુજરાતી રણજી ખેલાડી જિતેન્દ્ર ભુતાનું નિધન



મુંબઈ: ૧૯૬૮થી ૧૯૭૩ દરમ્યાન ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં મુંબઈ તથા રેલવે વતી રમનાર લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર જિતેન્દ્ર ભુતાનું નિધન થયું છે. તેઓ ૭૭ વર્ષના હતા. કપોળ જ્ઞાતિના ભુતા મુંબઈની રણજી ટ્રોફી ટીમમાં અજિત વાડેકરની કૅપ્ટન્સીમાં રમ્યા હતા. તેઓ ઇન્ડિયન્સ સ્કૂલ્સ ટૂરમાં સુરિન્દર અમરનાથ અને તેમના ભાઈ મોહિન્દર અમરનાથ સાથે ઇંગ્લૅન્ડ ગયા હતા અને તેમની સાથે રમ્યા હતા.

જિતેન્દ્ર ભુતા કાબેલ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર હતા અને તેમણે આઠ પ્રથમ કક્ષાની મૅચમાં કુલ ૧૬ વિકેટ લીધી હતી. ૩૩ રનમાં પાંચ વિકેટ તેમનો બેસ્ટ પર્ફોર્મન્સ હતો. ઊંચા કદના ભુતા તેમના સમયમાં દમદાર, અસરદાર બોલિંગ માટે મુંબઈ ક્રિકેટમાં ખૂબ ફેમસ હતા, પરંતુ ટીમમાં અન્ય બોલર્સ સાથેની હરીફાઈને કારણે તેમને ઓછું રમવા મળ્યું હતું. પરિણામે, ભુતાની અસાધારણ ટૅલન્ટને પૂરતો ન્યાય નહોતો મળ્યો.

ટીમમાં હરીફાઈને કારણે તેમને ઘણી મૅચોમાં રિઝર્વ પ્લેયર તરીકે રાખવામાં આવ્યા હતા. જો એવું ન થયું હોત તો તેઓ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં વધુ મૅચો રમી શક્યા હોત જેને પગલે તેમને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવાની તક પણ મળી હોત. પછીથી તેઓ પરિવારના ટેક્સટાઇલના બિઝનેસમાં જોડાઈ ગયા હતા. શુક્રવારે વિલે પાર્લેની સ્મશાનભૂમિમાં તેમના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.

જાણીતા સ્કોરર અને ક્રિકેટ નિષ્ણાત તથા કટાર લેખક યશવંત ચાડે ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે ‘જિતેન્દ્ર ભુતા દાદર યુનિયન ક્લબ વતી સુનીલ ગાવસકર, દિલીપ વેન્ગસરકર, વી. એસ. પાટીલ, માધવ મંત્રી, વાસુ પરાંજપે વગેરે ખ્યાતનામ ખેલાડીઓ સાથે રમ્યા હતા. દાદર યુનિયનની ટીમમાં તેઓ ઉર્મિકાંત મોદી તથા પાટીલ સરની માફક ટીમના આધારસ્તંભ હતા. જિતેન્દ્ર ભુતા હાઈ આર્મ ઍક્શન માટે જાણીતા હતા તેમ જ કોઈ પણ પિચમાંથી સારા બાઉન્સ મેળવવામાં કાબેલ હતા તેમ જ ઇનસ્વિંગ તથા યૉર્કર માટે જાણીતા હતા. એક તબક્કે માટુંગા ગુજરાતી સેવા મંડળ સ્પોર્ટ્સ ક્લબ વતી રમવાની ઑફર મળતાં તેઓ તરત તૈયાર થઈ ગયા હતા અને પોતાની ઝંઝાવાતી બોલિંગ વિશે તેઓ એટલો બધો આત્મવિશ્વાસ ધરાવતા હતા કે કોઈ પણ પ્રકારની ફીલ્ડિંગની ગોઠવણને તેઓ હસતા મોઢે સ્વીકારી લેતા હતા. તેમનામાં ગજબની ખેલદિલ ભાવના પણ હતી.’ ■

# રણજી ટ્રોફી: મુંબઈ આજે જીતી શકે

## એશિયા કપની ફાઇનલનો હીરો તિલક વર્મા ઝીરોમાં આઉટ

શ્રીનગર: રણજી ટ્રોફીની નવી સીઝનમાં રમાતી ચાર દિવસની પ્રથમ મૅચમાં શુક્રવારે ત્રીજા દિવસે મુંબઈએ જમ્મુ-કાશ્મીરને જીતવા ૨૪૩ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો અને રમતના અંત સુધીમાં યજમાન ટીમે ૨૧ રનમાં એક વિકેટ ગુમાવી દીધી હતી. આ એક વિકેટ પ્રથમ દાવના સૌથી સફળ બોલર તુષાર દેશપાંડેએ લીધી હતી.

એ પહેલાં, મુંબઈએ બીજા દાવમાં ૧૮૧ રન કર્યા હતા જેમાં એક પણ બૅટ્સમૅનની હાફ સેન્ચુરી નહોતી. શમ્સ મુલાનીના ૪૧ રન ટીમમાં હાઇએસ્ટ હતા. પ્રથમ દાવમાં મુંબઈના ૩૮૬ રનના જવાબમાં જમ્મુ-કાશ્મીરે ૩૨૫ રન કર્યા હતા.

**અન્ય મૅચોમાં શું બન્યું:**

(૧) હૈદરાબાદમાં ચાર દિવસની મૅચમાં શુક્રવારે ત્રીજા દિવસે દિલ્હીના ૪/૫૨૯ ડિક્લેર્ડના જવાબમાં હૈદરાબાદે સાત વિકેટે ૪૦૦ રન કરીને પ્રવાસી ટીમને સારી લડત આપી હતી, પણ હૈદરાબાદના સુકાની અને તાજેતરના એશિયા કપની પાકિસ્તાન સામેની ફાઇનલના હીરો તિલક વર્મા હૈદરાબાદમાં ગઈ કાલે ઝીરોમાં આઉટ થઈ ગયો હતો. હરીફ ટીમના સુકાની આયુષ બદોનીએ તિલકને આઉટ કર્યો હતો. એશિયા કપની ફાઇનલમાં તિલકે અણનમ ૬૯ રન કર્યા હતા, પણ ગઈ કાલે બીજા જ બૉલે આઉટ થયો હતો. બદોનીએ કુલ પાંચ વિકેટ લીધી હતી.

(૨) રાજકોટમાં કર્ણાટકના પ્રથમ દાવના ૩૭૨ રનના જવાબમાં સૌરાષ્ટ્રએ ૩૭૬ રન કર્યા હતા અને બીજા દાવમાં કર્ણાટકે બીજા દાવમાં એક વિકેટે ૮૯ રન કર્યા હતા. ડ્રૉ તરફ જઈ રહેલી મૅચમાં કર્ણાટક કુલ ૮૫ રનથી આગળ છે.

(૩) કટકમાં ઓડિશાના પ્રથમ દાવના ૨૭૧ રનના જવાબમાં બરોડાએ મિતેશ પટેલના અણનમ ૧૦૦ રન તથા શિવાલિક શર્માના ૧૨૪ રનની મદદથી સાત વિકેટે ૪૧૩ રન કર્યા હતા. મૅચ ડ્રૉમાં જઈ શકે.

(૪) અમદાવાદમાં આસામના પ્રથમ ઇનિંગ્સના ૩૧૦ રનના જવાબમાં ગુજરાતે આર્ય દેસાઈના ૧૦૧ રન અને અભિષેક દેસાઈના ૯૬ રનની મદદથી ૩૮૨ રન કરીને ૭૨ રનની લીડ લીધી હતી. આસામે બીજા દાવમાં ૨૮ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ■



કોલકાતાના ઇડન ગાર્ડન્સમાં ગઈ કાલે ડ્રેસિંગ રૂમની બાલ્કનીની પાળ પર બેઠેલા વાંદરાને કેળું આપી રહેલો સ્ટાફ મેમ્બર. (પીટીઆઇ)

# વિરાટે પ્રોપર્ટીના પાવર ઑફ ઍટર્ની આપ્યા છે કે માલિકીનો અધિકાર? મોટા ભાઈ વિકાસે કર્યો ખુલાસો

નવી દિલ્હી: વિરાટ કોહલી ૨૦૨૫ની આઇપીએલ બાદ મેદાનથી દૂર રહ્યો છે અને ટી-૨૦ બાદ હવે ટેસ્ટમાંથી પણ સંન્યાસ લઈ ચૂકેલા વિરાટે માત્ર વન-ડેમાં જ રમવાનું ચાલુ રાખ્યું છે અને એક તરફ સૌની નજર રવિવારે ઑસ્ટ્રેલિયામાં શરૂ થનારી વન-ડે સિરીઝમાં તેના પર્ફોર્મન્સ પર રહેશે ત્યારે બીજી બાજુ વિરાટે તેના મોટા ભાઈ વિકાસ કોહલીને હરિયાણાના ગુરુગ્રામમાં ૮૦ કરોડ રૂપિયાની પોતાની પ્રોપર્ટીની માલિકી આપી દીધી કે માત્ર જનરલ પાવર ઑફ ઍટર્ની (જીપીએ) આપ્યા એની બે દિવસથી ખૂબ ચર્ચા થઈ રહી છે. આ ચર્ચા વચ્ચે વિકાસ કોહલીએ એક નિવેદન બહાર પાડ્યું છે જેમાં નાના ભાઈ વિરાટે ગુરુગ્રામની મિલકત તેના નામે કરી દીધી હોવાની અફવા પર સ્પષ્ટતા કરી દેતી પોસ્ટ સોશ્યલ મીડિયામાં મૂકી છે.

વિરાટ કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંપૂર્ણ રિટાયરમેન્ટ લઈ લેવાની તૈયારીમાં છે એવી સંભાવના વચ્ચે કહેવાઈ રહ્યું છે કે વારંવાર પરિવાર સાથે લંડનના ઘરે રહેવા જતા રહેતા વિરાટે ગુરુગ્રામની પ્રોપર્ટી મોટા ભાઈના નામે કરી દીધી છે. જોકે એવી હકીકત બહાર આવી રહી છે કે વિરાટ કોહલીએ ગુરુગ્રામની પ્રોપર્ટી સાથે સંકળાયેલા માત્ર કાનૂની અધિકાર તેના મોટા ભાઈને સોંપ્યા છે, એ પ્રોપર્ટી મોટા ભાઈને નામે નથી કરી.

વિકાસ કોહલી ફેક ન્યૂઝ ફેલાવનારાઓથી ખફા છે. તેણે ઇન્સ્ટાગ્રામ પરની ખાસ પોસ્ટમાં લખ્યું છે, ‘આજકાલ તદ્દન ખોટી અને પાયાવિહોણી વાતો ફેલાવવામાં આવી રહી છે એ બાબતમાં મને કોઈ જ નવાઈ નથી લાગી. અમુક લોકો એટલા બધા ફુરસદમાં છે કે તેમની પાસે આવી બધી વાતો ફેલાવવા માટે પુષ્કળ સમય હોય છે. તમને બધાને મારી શુભકામના.’

વિરાટ કોહલી પત્ની અનુષ્કા તેમ જ પુત્રી વામિકા અને પુત્ર અકાય સાથે મોટા ભાગે લંડનમાં રહે છે. ત્યાં તે મુક્ત મનથી બજારોમાં ફરી શકે છે અને ત્યાં તેને પરિવારની સલામતી બાબતમાં પણ કોઈ ચિંતા નથી હોતી. વિરાટે આલીશાન બંગલા સહિતની કુલ અંદાજે ૮૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટી સાથે સંકળાયેલા કાનૂની અધિકારો મોટા ભાઈને સોંપ્યા છે. જનરલ પાવર ઑફ ઍટર્ની (જીપીએ) એવો દસ્તાવેજ છે જે મારફત કોઈ વ્યક્તિ (સરકારી કામકાજમાં કે કાનૂની નિર્ણયો લેવામાં) પોતાના કાનૂની અધિકારો અન્ય વ્યક્તિને આપે છે. વિરાટે આવા અધિકારો મોટા ભાઈ વિકાસને આપ્યા હોવાનું મનાય છે. ■

# મલયેશિયાની હૉકીમાં ભારત ફાઇનલમાં



જોહોર બાહરુ: સુલતાન જોહોર કપ જુનિયર હૉકી ટૂર્નામેન્ટમાં ભારતે યજમાન મલયેશિયાને અંતિમ લીગ મૅચમાં ૨-૧થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ મેળવી લીધો છે.

આ અત્યંત રોમાંચક મુકાબલામાં ભારત વતી ગુર્જોત સિંહે બાવીસમી મિનિટમાં અને સૌરભ કુશવાહાએ ૪૮મી મિનિટમાં પેનલ્ટી કૉર્નર મારફત ગોલ કર્યા હતા. શનિવારે ફાઇનલમાં ભારતનો મુકાબલો ઑસ્ટ્રેલિયા સામે થશે. ■

# ભારત સામે કેમ ત્રણ-ત્રણ પછડાટ ખાવી પડી, બોલ? કૅપ્ટન સલમાન આગાને પાકિસ્તાન બોર્ડ સજા કરવાની પેરવીમાં

કરાચી: ટીમ ઇન્ડિયાએ તાજેતરમાં દુબઈના એશિયા કપમાં દુશ્મન-દેશ પાકિસ્તાનની ક્રિકેટ ટીમને પરાજયના ઉપરાઉપરી ત્રણ કડક તમાચા લગાવ્યા એને પગલે સમગ્ર ક્રિકેટ જગતમાં પાકિસ્તાનનું નાક તો કપાઈ જ ગયું, પાકિસ્તાનની પ્રજા પોતાના દેશની ટીમ પર હજીયે ક્રોધિત છે અને એવામાં અહેવાલ મળ્યો છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) કૅપ્ટન સલમાન આગા પર અગનગોળા છોડવાની તૈયારીમાં છે. બીજી રીતે કહીએ તો પીસીબી સલમાન આગાને ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપ માટેની યોજનામાં સક્રિયપણે સહભાગી બનાવવા નથી જ માગતું અને તેની પાસેથી ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી છીનવી લેવાની તૈયારી પણ થઈ રહી છે.

૨૭ વર્ષના સ્પિન-ઑલરાઉન્ડર શાદાબ ખાનને સલમાન આગાના સ્થાને ટી-૨૦ નૅશનલ ટીમનો સુકાની બનાવવામાં આવશે. શાદાબ પાકિસ્તાન વતી છેલ્લે જૂન, ૨૦૨૫માં રમ્યો હતો, પરંતુ ઈજાને કારણે તે મેદાનથી દૂર રહ્યો હતો. ખભાની સર્જરી પછી હવે તે ફરી ફિટનેસ મેળવી રહ્યો છે અને ફેબ્રુઆરી, ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપ માટેની વ્યૂહરચનામાં તેને આગળ પડતી ભૂમિકા સોંપવાની પીસીબીની હિલચાલ છે. શાદાબ ખાન છ ટેસ્ટ, ૭૦ વન-ડે અને ૧૧૨ ટી-૨૦ રમ્યો છે. કહેવાય છે કે



આવતા મહિને શાદાબ ખાનની ટી-૨૦ના નવા સુકાની તરીકે સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવશે. ૨૦૨૬નો વિશ્વ કપ સંયુક્ત રીતે ભારત અને શ્રીલંકામાં રમાશે અને પાકિસ્તાનની તમામ મૅચો શ્રીલંકામાં રાખવામાં આવશે. ■

# ૩૯ વર્ષનો પાકિસ્તાની બોલર મૅચ-વિનિંગ પર્ફોર્મ કરી શકે તો ૩૮ વર્ષનો રોહિત, ૩૭ વર્ષનો વિરાટ કેમ સારું ન રમી શકે!

**અજય મોતીવાલા**

લાહોર: પાકિસ્તાનના ૩૯ વર્ષની ઉંમરના લેફ્ટ-આર્મ સ્પિનર નોમાન અલીએ છેલ્લી પાંચ ટેસ્ટમાં કુલ ૪૬ વિકેટ લીધી જેમાંથી ત્રણ ટેસ્ટમાં તેણે ૧૦ કે એનાથી વધુ વિકેટ લીધી અને આટલી મોટી ઉંમરે તેણે આ પર્ફોર્મન્સથી ટેસ્ટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે જેને પગલે ચર્ચા થવા લાગી છે કે આ ઉંમરે જો મૅચ-વિનિંગ પર્ફોર્મ કરી શકાતું હોય તો ભારતના બે પીઢ બૅટ્સમેન રોહિત શર્મા અને વિરાટ કોહલી આગામી વન-ડે સિરીઝમાં કેમ સારું ન રમી શકે! કેમ ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી વન-ડે ટીમમાં ટકી ન શકે!

કહેવાય છેને, ‘જાન હૈ તો જહાં હૈ.’ ખેલકૂદમાં મોટી ઉંમર જેવું કંઈ હોતું નથી. ૪૦થી ૫૦ વર્ષની ઉંમરવાળા પ્લેયર્સ માટેની લેજન્ડ્સ લીગમાં આપણે સચિન અને યુવરાજને ફટકાબાજી કરતા જોયા જ છે.

રોહિત શર્માએ છેલ્લા થોડા મહિના દરમ્યાન શરીરનું વજન ઘણું ઘટાડ્યું છે જેને લીધે તેની ફિટનેસ હવે અગાઉ કરતાં સારી રહેશે એવું તેના ચાહકો માની રહ્યા છે. વિરાટ કોહલી ભારતનો જ નહીં, વર્તમાન ક્રિકેટનો ફિટેસ્ટ પ્લેયર છે અને તે પણ ઑસ્ટ્રેલિયા ખાતેની આગામી વન-ડે ટૂરમાં સારું રમશે એવું તેના ફૅન્સને પણ લાગી રહ્યું છે.

સાઉથ આફ્રિકાએ વર્લ્ડ ચૅમ્પિયનપદ મેળવ્યું ત્યાર પછી એને બુધવારે શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં પરાજિત કરાવવામાં પાકિસ્તાનના નોમાન અલીનું સૌથી મોટું યોગદાન હતું. તેણે પ્રથમ દાવમાં છ વિકેટ અને બીજા દાવમાં ચાર વિકેટ (મૅચમાં કુલ ૧૦ વિકેટ) લીધી હતી.

નોમાન અલીએ ૨૦૨૧માં ૩૫ વર્ષની ઉંમરે ટેસ્ટ કરીઅર શરૂ કરી હતી. તેણે ૨૦ ટેસ્ટમાં કુલ ૯૩ વિકેટ લીધી છે. ફરી રોહિતની વાત પર આવીએ તો ટેસ્ટ અને ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલો રોહિત ૨૦૨૭ના વિશ્વ કપ સુધી વન-ડે રમી શકશે કે કેમ એ વિશે જાત જાતની અટકળો થઈ રહી છે. શુભમન ગિલના નેતૃત્વવાળી ટીમના ભાગરૂપે રોહિત તેમ જ વિરાટ કોહલી ઑસ્ટ્રેલિયા ગયા છે જ્યાં ૧૯મી ઑક્ટોબરથી તેઓ ભારતીય ટીમ વતી ત્રણ મૅચની વન-ડે સિરીઝમાં રમશે. વિરાટ કોહલી પાંચમી નવેમ્બરે જીવનના ૩૭ વર્ષ પૂરા કરશે અને તે ૨૦૨૭ના વિશ્વ કપ સુધી પહોંચી શકશે કે કેમ એના પર પણ પ્રશ્નાર્થ ચિહ્ન છે. જોકે આ બન્ને મહારથીઓ હવે આગામી બે વર્ષમાં માત્ર વન-ડે મૅચો અને આઇપીએલ રમવાના હોવાથી (વર્ષ દરમ્યાન મોટા ભાગનો સમય પરિવાર સાથે વીતાવવા ઉપરાંત) ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી ફૉર્મ ટકાવી રાખવું તેમના માટે મુશ્કેલ નહીં હોય. ■

## ૪. ધાર્મિક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૭. ખુશખબર

DIWALI DHAMAKA EXCLUSIVE STORE DISCOUNT 20%* ON TIMEX WATCHES *T&C apply GALA ELECTRO 7, Sharda Bhuvan, Sation Road, Kandivali (W) (B-16596)

## ૯. લગ્ન સંબંધી

■ મુંબઈનાં / NRI ના બાયોડેટાઓ મેળવવા રજીસ્ટ્રેશન રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૩૦)

■ ૧૯૮૦, B.COM એક્ટિવ દેખાવડીને વેલસેટ વૈષ્ણવ સ્માર્ટ યુવક આવકાર્ય ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ માટુંગામાં ૧૯૯૩, B.F.M. સ્માર્ટ બિઝનેસમેનને દેખાવડી એજ્યુકેટેડ કન્યા આવકાર્ય ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ M.Sc. ૧૯૯૪ આઈ.ટી. કંપનીમાં બ્યુટી ફૂલ બ્રાહ્મણને ક્વોલિફાઇડ યુવક ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

રવિ ૨ ડિસે : મુંબઈ સર્વ જ્ઞાતિય મેળાવડો ફક્ત ઉમેદવારોને પ્રવેશ! રવિ ૧૬ નવે : અમદાવાદ વાલીઓ માટે સ્નેહ સંમેલન રવિ ૭ ડિસે : અમદાવાદ સર્વ જ્ઞાતિય મેળાવડો ફક્ત ઉમેદવારોને પ્રવેશ! રવિ ૭ ડિસે : અમદાવાદ જૈન સર્વ જ્ઞાતિય મેળાવડો ફક્ત ઉમેદવારોને પ્રવેશ! ફક્ત કુંવારા ઉમેદવારો માટે. વધુ ૨૫ થી ૩૨ વર્ષ, વર ૨૫ થી ૩૫ વર્ષ ઓનલાઈન નોંધણી ઉપલબ્ધ ગુજરાતી અને મરાઠી ભાવિ વર-કન્યાઓ માટે ॥અનુરૂપ॥ www.anuroopwiwaha.com સંપર્ક : 1800 267 7991 (બી-૧૬૬૪૫)

■ મીરારોડમાં ૧૯૮૯, M.Tech હેન્ડસમ વેલસેટ બ્રાહ્મણને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ સાયનમાં ૧૯૮૬ PhD બ્યુટી ફૂલ એક્ટિવ જૈનને ક્વોલિફાઇડ યુવક આવકાર્ય ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ અમેરિકામાં ૧૯૯૧ M.S. બ્યુટી ફૂલ પ્રોગ્રેસીવ વૈષ્ણવને ક્વોલિફાઇડ યુવક આવકાર્ય ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ સાધન સંપન્ન ૧૯૮૦ ફેશનડિઝાઈનરને જૈન વેલસેટ યુવક આવકાર્ય ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ અંધેરીમાં ૧૯૯૧, B.COM વેલસેટ સ્માર્ટને જૈન શિક્ષિત કન્યા આવકાર્ય ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ ચેન્નઈમાં ૧૯૯૩ ગ્રેજ્યુએટ મેનેજર પોસ્ટ હેન્ડસમને દેખાવડી કન્યા આવકાર્ય ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ અમેરિકામાં ૧૯૯૪ B.Tech M.S. હેન્ડસમને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય ૯૯૨૦૯૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ દુબઈ MBBS, MS. MCH. (પ્લાસ્ટિક સર્જન) 1986 યુવકને ડોક્ટર કન્યા જોઈએ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૬૪૬)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જે જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૯. લગ્ન સંબંધી

■ સાન્તાક્રુઝનાં અમેરિકન સીટીઝન 1981 યુવકને અમેરિકાની કન્યા જોઈએ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૬૪૭)

■ મુંબઈનાં યુવક 1999/5'-1" માસ્ટર્સ રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૬૪૮)

**વૈષ્ણવ યુવક**

28/5'.5"/કાંદિવલી એડવોકેટ, ગુજરાતી ગ્રેજ્યુએટ કન્યાના વડીલ સંપર્ક: 9664011380-9004992568. (દહેજ નહીં). (જેપી/૪૫૨૫-એફ)

**SAPTPADI**

Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (384-A)

## ૧૦. મહિલાઓ માટે

**દિવાળી ગિફ્ટ**

દિવાળી તથા શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે મળશે- 9930310057. (બી-૧૬૬૦૧)

**દેશી પધ્ધતિથી બનેલા**

દવા વગરના ખાતરથી બનેલું અનાજ ઘંટુલમાં પીસેલા બધી જાતના લોટ (આટા), ઘાણીમાંથી કાઢેલું તેલ, રાગીના આટા તેમજ ઘઉંના આટામાંથી બનાવેલી પાણી પુરી તળેલી તેમજ બેક પાણી પુરી, દિવાળી માટે ગ્લુટેન ફ્રી નાસ્તા અને બાળકો માટે દિવાળીની ગીફ્ટ જ્ઞાન તેમજ ગમ્મત સાથે જુદી જુદી ટાઈપની ગેમ્સ ગીફ્ટ બોક્ષ સાથે તૈયાર મળશે. કોન્ટેક: ૯૯૬૭૦૨૮૪૯૯, નોંધ અમારી કંપની પાસે FSSAI No. અને GST No. છે. (બી-૧૬૬૨૯)

**ઉર્લી હોલસેલમાં**

દરેક સાઈઝમાં ઉર્લી દીવા તથા સ્વસ્તિક દીવા હોલસેલમાં મળશે- 9930310057. (બી-૧૬૬૦૦)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

## ૧૨. યાત્રા સહેલગાહ

**દિવ્ય ટુર**

જગન્નાથપુરી સાથે ગંગાસાગર, દ્વારકા, ચારધામ, આસામ મેઘાલય અરૂણાચલ પ્રદેશ અને યુપી ટુર, ગોકુળ મથુરા અને સફેદ રણ: 9819304112. (૩૭૩-એ)

**ફેમિલી - ગ્રુપ**

ટૂર પેકેજ, Visa, Insurance હોટલ બુકિંગ, Flight Ticket. 9773116540. (૩૬૫-સી)

**ચિરાગ**

ગંગાસાગર, જગન્નાથપુરી, ચંપારણ, જતીપુરા, વૃંદાવન, મથુરા, અયોધ્યા, વારાણસી. 9833009445. (૧૫૩૮૮/બી)

**નિ:શુલ્ક મહાભોજ**

નિઃશુલ્ક મહાભોજ ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉમરના માટે ૨૦૨૬ પ્રસ્થાન કરશે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ઝવેરી ફક્ત ૯૮૬૭૭૭૪૪૨. ફક્ત વોટસએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૯૧૮)

**કુદરતના ખોળે ડુંગરની ટોચે પધારો શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ). કુદરતના સાનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથ દાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. બુકિંગ માટે સંપર્ક: પુનમચંદ 9226297975, 8308676398. (એસડીબી-૨૯૮૦)**

## ૧૪. નોકરી ખાલી છે

■ ગૃહિણીઓ, નિવૃત્ત, વરિષ્ઠ નાગરિકો માટે બોરીવલીમાં પ્રતિષ્ઠિત કંપની સાથે વ્યવસાય કરવાની સુવર્ણ તક 9820877751. (બી-૧૬૫૫૯)

**SECMARK CONSULTANCY LTD.**

SecMark is a Listed Company & the Largest Stock Market back office software provider in India.

Applications invited from professionals having experience in handling back office operations of Stock Brokers and DPs

| Post | No. | Post | No. |
|---|---|---|---|
| ✓ Support Manager (Broking/DP) | 5 | ✓ Development Manager (MS SQL) | 3 |
| ✓ Support Executive (Broking/DP) | 20 | ✓ Development Manager (VB.Net) | 3 |
| ✓ Testing Manager (Broking/DP) | 3 | ✓ Development Manager (React) | 3 |
| ✓ Migration Expert | 3 | | |

Exp.: Min. 5 Years, Location: Kandivali / Vidyavihar

Send CV on: hr@secmark.in or Call: 8591605210

(B-16649)

**REQUIRED FOR CHEMIST SHOP**

Salesman, Counter Sales & Pharmacist. Experience Minimum 5 Years in a Medical Shop preferred. Age 35-50 years. Attractive Salary + Incentive. Interested Candidates may walk-in for their resume at Shatabdi Chemist, Shop No. 15, Parekh Nagar, Opp. Dr. B. Ambedkar General Hospital, S. V. Road, Kandivali (West), Mumbai - 400067. Mobile: 9967743082, 9920956640. (SDB-2919)

## ૧૭. જગ્યા આપવી છે

**ચેંબુર તિલકનગર**

**૩ બેડરૂમ હોલ કિચન, ભાડેથી / વેચાણથી, આપવું છે, ઓનર:- 9821045046. (૩૫૯-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**૨ બેડરૂમ હોલ કિચન, વલ્લભબાગ લેન, ભાડેથી, ૩ બેડરૂમ હોલ કિચન, 90 ફીટ રોડ, વેચાણથી. સંપર્ક:- દલાલ ભાવેશ મીરાની - 9870019019. (૩૫૯-ઈ)**

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**

૬૦', ૯૦', ઓડિયન વલ્લભબાગ, રાજાવાડી, ૧ થી ૬ બેડરૂમના ફ્લેટસ તથા ઓફિસ, શોપ રેડી, બંધાતામાં લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (૩૫૯-સી)

**ANDHERI**

**FLATS - OFFICES Available for sale - Purchase - Rent સ્ટેશન - હાઈવે નજીક બજેટમાં લેવા 9820601794 Bharat Mayani. (SDB-2913)**

**અંધેરી (વેસ્ટ)**

ભાડેથી ભરડા વાડી, નવું બિલ્ડિંગ, 2 બેડરૂમ 770' કારપેટ, ફર્નિશ્ડ, 2 AC સાથે, હાયર ફ્લોર 3,00,000/= ડિપોઝીટ, ભાડું - 90,000/= બંકિમ - 9322246219 હેમંત -9833720382. (૩૫૧-એ)

**લોનાવલા**

**દહેરાસરની સામે 3 BHK. બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૫૭૧)**

**વાલ્કેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૯૫૩૩. (એસડીબી-૨૯૦૬)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૩૬૨-એ)

**માટુંગા**

ત્રણ બેડરૂમ બાલ્કની ૧૧૦૦ કાર્પેટ બે પાર્કિંગ ચાર એરકંડીશન. ભાવ ૫૨૦૦૦ પણ ૪૫૦૦૦માં ઓફર આપો. વિનોદ: 9892980593. (૩૫૫-એ)

**અંધેરી (વેસ્ટ)**

સ્ટેશન દેરાસર પાસે, "ભાડેથી" ૨ બેડરૂમ, (660') 3/75000, તદન નવું બિલ્ડીંગ, સ્વીમીંગ પુલ, હેલ્થ કલ્બ, થિયેટર, લાયબ્રેરી અને ઘણી સુવિધાઓ, રેડી પઝેશન, (ફક્ત શાકાહારી) "નિરજ એસ્ટેટ" 9821277077. (૩૬૪-એ)

**પાર્લા (ઈસ્ટ વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૩૫૬/એ)**

**સાન્તાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૩૫૬/બી)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

**૨-૩-૪ બેડરૂમ હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૩૫૬/સી)**

**પારલા વેસ્ટ**

અર્જન્ટ 4 બેડ સેલ 1500 કાર્પેટ સારા એરીયામાં રિ-ડેવલપમેન્ટ ચાન્સ અમિત - 7045622403. (બી-૧૬૫૯૦)

**વિલેપાર્લે વેસ્ટ**

૩ બેડરૂમ સેમી ફર્નિશ્ડ 1000 કાર્પેટ ભાડેથી આપવાનો, કાનજી સ્વામી દેરાસર પાસે, ભાડું રૂ. 1,20,000/- ડિપોઝીટ 4,00,000/- (નેગોશીયેબલ) ખાલી કબજો. સંપર્ક: જીતેશભાઈ: 9821122362. (૩૫૩-એ)

**વિલેપારલા (વેસ્ટ)**

નવા બિલ્ડિંગમાં, લોઅર ફ્લોર, 4 બેડરૂમ હોલ કિચન 2300' કારપેટ 10.5 કરોડનો રો ફ્લેટ 3 પાર્કિંગ સાથે GST સાથે, individual Floor, + lobby સંપર્ક ભરતભાઈ - 9821061741/ 9619191741. (જેપી/૪૫૨૫-જી)

**"નવા બિલ્ડિંગમાં..."**

મુંબઈભરમાં : દલાલી વગર - બુકીંગ કરાવા સંપર્ક : "અવન્તે રીયલ્ટી" - 9819766658, 8356926392. (બી-૧૬૬૧૪)

**પરેલ**

2 બેડ 600 ફૂટ (2.5) 1 બેડ માસ્ટર બેડરૂમ 400 (1.70) 450 (180) 475 (190) ઓલ ઈન રેડી પઝેશન વીથ OC જૈન મંદિર નજીક જૈન સમાજ 1/2/3/4 લીવ લાયસન્સ આઉટ રાઈટ દુકાન મકાન 3 બેડ (2 cr) 2 બેડ (1.5 cr) લેવા વેચાણ જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંઘોઈ 9223222537. (બી-૧૬૬૧૮)

**કાંદિવલી (વેસ્ટ)**

લકઝરીયસ 2 - 3 BHK@1.85 Cr onwards, પઝેશન ટૂંક સમયમાં, સ્ટેશન મંદિર કોલેજ બેંક માર્કેટ 1 મિનિટ, Site: namo ananta, મથુરાદાસ રોડ, કાંદિવલી વેસ્ટ સંપર્ક 7353026969. (જેપી-૪૫૨૩-એ)

**દેવલાલી**

વેચાણથી. શ્રી શાંતિનાથજી દેરાસરની બાજુમાં, 2 બેડરૂમના ફ્લેટો, રેડી પઝેશન, મહારેરા રજિસ્ટર્ડ પ્રોજેક્ટ. પરેશ - 9930803959/ 9930106054. (૩૭૭-એ)

કાંદિવલી (વેસ્ટ) માતુ આશિષ બાલભારતી સ્કૂલની બાજુમાં, એસ.વી. રોડ * ૨૨ માળના નવા બંધાતા ટાવરમાં ૨ બેડરૂમ એરીયા ૫૦૯' કારપેટ ૧.૪૫ કરોડ+ | ૨ બેડરૂમ એરીયા ૬૫૩' કારપેટ ૧.૮૩ કરોડ+ | ૩ બેડરૂમ એરીયા ૯૫૭' કારપેટ, ૨.૬૮ કરોડ + * ૨૦ + એમીનીટીઝ, પોડીયમ, Rooftop Garden MARKETED BY : M.G. REALTORS - 9820964062 RADHA ESTATE AGENCY-9821034272 (બી-૧૬૫૪૭)

**અંધેરી (વેસ્ટ)**

ભાડેથી ભરડાવાડી, સ્ટેશન પાસે, નવું બિલ્ડિંગ, 2 બેડરૂમ, 650' કારપેટ, અનફર્નિશ્ડ, 1 પાર્કિંગ, ફક્ત વેજીટેરીયન ફેમિલી માટે, 2,50,000/ 75000, બંકિમ - 9322246219 અથવા હેમંત - 9833720382. (૩૬૮-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**

2 બેડ હોલ કિચન, પહેલા માળે, લિફ્ટ નથી, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક. (55,000/2,00,000/-) ભાડેથી. Call-9372035575. (૩૭૭-એ)

**મલાડ વેસ્ટમાં**

ભાડા પર શુભ પ્રસંગ માટે લિબર્ટી ગાર્ડન, 2 Bed (દિવસ દીઠ 6,000/-) અને 3 Bed (દિવસ દીઠ 9000/-) ઉપલબ્ધ (AC) 7021469923. (બી-૧૬૬૩૨)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

રામ કૃષ્ણ મિશન પાસે- નવું બિલ્ડીંગ-૪ બેડરૂમ એરિયા ૧૮૨૫' કારપેટ+ સર્વન્ટ ટોઈલેટ, ૩ પાર્કિંગ, જીમ અને ઓ.સી. સાથે, તુરંત વેચવાનો. ફોનઃ- "ઓનર" 9820156133. (બી-૧૬૩૯૦)

**ઘાટકોપરમાં ગેરેંટી**

**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેચ બજાર ભાવે 30 દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૨૮૯-એ)**

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. ૨-૩ રેમ્પ. સંપર્ક: 9930333456. (P51800055546). (૩૩૩/એ)

GOREGAON (East) Multiple Resale Deals At OBEROI ELYSIAN OBEROI ESQUIRE 3 BHK - (7.25 cr-12.5 cr) 4 BHK - (13.50 cr-19 cr) 3 BHK+3 BHK - (17 cr-25 cr) Dinesh Haswani 86930 33369 Rera Number - A51800004556 (B-16513)

**લોનાવલા-ખંડાલા**

ફ્લેટો-રોહાઉસ-બંગલાઓ-નાના-મોટા-પ્લોટ લેવા-વેચવા. શ્રીજી-૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૬૨૭)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ. તદન નવું બિલ્ડિંગ, વેચાણથી. "ઓનર"- 9820156133. (બી-૧૬૪૪૭)

**ભાંડુપ**

એલબીએસ રોડ જૈન મંદિર 2 બેડ જોડી (4c) 1400' 2 બેડ 700' (2c) દરેક એમીનીટી ટાવર હાયર ફ્લોર જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંઘોઈ 9223222537. (બી-૧૬૬૧૭)

**તીન બત્તી**

2 BHK - એરિયા 900' 1 પાર્કિંગ, ફર્નિશ, તૈયાર કબજો. ભાડું 2.00 લાખ દર મહિને, લેવા - વેચવા. "અગરવાલ" 9821231619. (૩૭૦-એ)

**"લોઅરપરેલ"**

વર્ટ ટાવર - 4 બેડરૂમ - 2,700' - સીલિંક વ્યુ - 3 પાર્કિંગ - 16,00,00,000/-. "નિતીન": 98672 22020. (૩૮૩-બી)

AARHAM - ANDHERI (EAST) 7 Minutes From AIRPORT - 5 km. ▶ W.E. Highway ▶ Gundavali Metro ▶ Railway Station Spacious 2 BHK Rs. 2.47 Cr. All Inclusives Standalone 10 Storey Tower Gymnasium, Entrance Lobby, OTIS Lift Target Possesion December 2025 Project by Utpan Impex (Jayesh Shah) Aarham Sales Team 9004715600 Rera No.: P51800054236 (B-16549)

**બ્રીચ-કેન્ડી**

3 BHK - એરિયા 1400' 1 પાર્કિંગ, ફર્નિશ, તૈયાર કબજો. ભાડું 3.50 લાખ દર મહિને, લેવા - વેચવા. "અગરવાલ" 9821231619. (૩૭૦-બી)

**વરલી**

રૂનવાલ રિઝર્વ 3 BHK, એરિયા 1500' તૈયાર કબજો, 2 પાર્કિંગ,. 10.50 Cr., લેવા - વેચવા. "અગરવાલ" 9821231619. (૩૭૦-ડી)

**મલબાર હિલ**

3 BHK, એરિયા 1850', ફર્નિશ 2 પાર્કિંગ,. ભાડું દર મહિને 5 લાખ (Nego), લેવા - વેચવા. "અગરવાલ" 9821231619. (૩૭૦-ઈ)

**તિરુપતિ એપાર્ટમેન્ટ પાસે**

પેડર રોડ 2/3 BHK, એરિયા 1200', મિડલ ફ્લોર, 1 પાર્કિંગ, તૈયાર કબજો. 8 Cr., લેવા - વેચવા. "અગરવાલ" 9821231619. (૩૭૦-એફ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનિટનાં અંતરે ફુલ્લી ફર્નિશ્ડ 2 BHK, Hall Kitchen, પાર્કિંગ સાથે રજીસ્ટર્ડ સોસાયટી - 800' Carpet Area - 2.60 Cr. સંપર્ક- ભરત શાહ 9820280034. (૩૧૬)**

**પાર્લા-3 બેડ**

**1000' - 1150' - 1240' નવા બિલ્ડિંગમાં જીમ, સ્વિમિંગ પુલ સાથે વેચાણથી. (4.25 - 6 Cr.) અનિલભાઈ 9004900290. (૩૭૨/એ)**

**જુહુ-3 બેડ**

**1000' - 1100' - 1240' - 1400' નવા બિલ્ડિંગમાં એમેનિટીસ સાથે વેચાણથી. (6.25 - 7.50 Cr.) અનિલભાઈ 9004900290. (૩૭૨/બી)**

DAHISAR (W) YASHWANT HEIGHTS OPP STATION & TICKET WINDOW 1 BHK ₹1.08 CR+ 2 BHK ₹1.25 CR+ 3 BHK ₹1.91 CR+ SCHEME 80 % now 20% on possession 90% Work Completed Contact Site : 99305 73939 / 99306 69211 (B-16642)

**દાદર**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા, ઓફિસ, ગોડાઉન, શોરૂમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૯)

**REDEVELOPMENT ગયેલા બિલ્ડિંગમાં ફ્લેટ/ શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૩૮૧-બી)**

**ઘાટકોપર**

**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રક્શન, લેવા-વેચવા-ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુન્નુ શાહ - 9833352224. (૩૮૯-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી. ગારોડિયાનગર-3, બેડરૂમ હોલ, કિચન, હાયર ફ્લોર, 2 પાર્કિંગ, સેમી ફર્નિશ્ડ, રેડી કબજો. દિલીપ ઠક્કર - 9819871333. (૩૮૫-એ)**

**MALAD (WEST)**

3 Bedroom, 1150' Rera Carpet Adarsh Dugdhaly Road, Higher Floor Dilip 8108307900 (Broker Excuse) (348-A)

**GOREGAON-MALAD**

1/2/3/4 BHK for Sale / Purchase Contact - Agarwal Estate Consultants 9820232273. (B-16625)

**MINERVA**

For Rent 3 BHK - 2150' Higher Floor - Furnished - 2 Parking, Ready Poss. Per Month 3.50 Lac. Buying - Selling "Agarwal" 9821231619. (370-A)

**GHATKOPAR (EAST)**

Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (368-F)

**SALE MATUNGA WEST**

**3 BHK 876 Carpet 4.30 Cr. 2 BHK 670 Carpet 3.33 Cr. 2 BHK 600 Carpet 3 Cr. All Inclusive New Bldg Ready Ravi: 9820109761. (JP/4523-C)**

**MATUNGA CR**

For Sale & Rent Brand New 1 BHK - 500' area Near Shishuvan School and Deraser, Ready with OC. Real Key Properties "Tanvi Shah": 9892780301. (380-B)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી (વેસ્ટ)**

કોમર્શિયલ જગ્યા - સ્ટેશન પાસે ૧૨૦૦' + ૩૦૦' ટેરેસ, ઓફિસ રેડી ટુ મુવ, ૧ પાર્કિંગ સાથે, લીઝથી અથવા વેચાણથી તુરંત આપવાની છે. અન્ય ઘણા પ્રપોઝલ આપની જરૂરિયાત મુજબ. ફોન:- "કલ્પેશ શાહ" ૯૮૨૧૪૧૧૧૧૨. "પાર્થ શાહ" ૯૮૨૧૯૧૧૦૬૩. (બી-૧૬૫૯૧)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સેન્ટર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**કાલબાદેવી હનુમાન ગલીમાં**

ભાડે લાગેલી દુકાન વેચાણથી, 160' કાર્પેટ + 160' મેઝનાઈન, માત્ર દોઢ કરોડમાં મુકેશભાઈ 9082825482. (૧૫૩૯૬/એ)

**અંધેરી વેસ્ટ**

ઓફિસ ભાડેથી 750 કાર્પેટ એસ. વી. રોડ, પાનેરી શોરૂમની ઉપર, ભાડું રૂા. 1,10,000/-, ડિપોઝીટ રૂા. 4,00,000/-, લિફ્ટ અને પાર્કિંગ સાથે, તુરંત કબજો. જીતેશભાઈ: 9821122362. (૩૫૩-બી)

**ઘાટકોપર ઈસ્ટ**

**દુકાન ભાડેથી, ૩૦૦ સ્કે. ફીટ, બ્યુટી પાર્લર માટે સંપર્ક: 9819852994. (૩૭૯-એ)**

**જ્વેલરી શોરૂમ**

**લાયક 4400 કારપેટ ગ્રાઉન્ડ+ફર્સ્ટ, 14 ફૂટ હાઈટ, રેડી વિથ ઓસી, વ્યાજબી ભાવે, બોરીવલી-વેસ્ટ, એજન્ટ- 9820076455-8369122078. (૩૮૨-એ)**

READY POSSESSION 5400 SQ. FT. COMMERCIAL PREMISES ON 1st Floor FOR SALE OR RENT YASHWANT HEIGHTS DAHISAR (WEST) Opp Railway Station Ticket Window Suitable For : Bank, Medical Center, Offices, Showroom, Mnc's, Financial Institution, Corporate House Etc Contact Site : 99305 73939 / 99306 69211 5400 sq. ft. Nursing Home Plan Pass With Separate Entrance & Stretcher lift (B-16641)

***ફક્ત જ્વેલર્સ* માટે**

***ના ભાડું, ના લાઈટ બિલ, ના લોકઈન પીરીયડ. ફક્ત હેવી ડિપોઝીટ અને વેચાણ પર કમિશન. ૧૦૦, ૨૦૦, ૩૦૦ Sqft ના ફુલ્લી ફર્નિશ, અલ્ટ્રા મોડર્ન, બ્રાન્ડ ન્યૂ શોરૂમ, બોરીવલી ઝવેરી બજારના સેન્ટરમાં. "8904271844"* (બી-૧૬૬૫૩)**

**"અંધેરી વેસ્ટ"**

**સ્ટેશન નજીક ઓફિસ માટે 500' વેચાતી જોઈએ છે: 9022374460, 8779625084. (૩૮૩-એ)**

**PRELEASED OFFICE**

**મહિને 60,000/= ભાડેથી લાગેલી ઓફિસ વેચવાની (1.44 CR) (2 પાર્કિંગ સાથે) (300' + 300' LOFT) ચુંબેલ - 600' મહાવીર નગર, CROMA/ D'MART પાસે, કાંદિવલી (વેસ્ટ). OWNER - 76666 44727. (૩૮૧-ડી)**

**"ઓપેરા હાઉસ"**

સ્ટેશન પાસે, બેઝમેન્ટ, ઓફિસ 312' ગોડાઉન - લેબ - ક્લાસીસ - સ્ટુડિયો, લીઝ - 35,000/-: 9867222020. (૩૮૩-સી)

**INDEPENDENT WAREHOUSE / FACTORY**

Approved Plans, 2.8 acre Land, 79000 sf Warehouse in Kosmabi 400m inside Nashik Mumbai Highway 2.5 kms Padga Toll, 9820633257. (JP/4523-E)

**MARINEDRIVE**

Ground Floor Road & Sea facing for Sale 2100' Carpet, Good Height Residence / Commercial 1 Parking. Stickily Buyer Only. Contact 8369554514. (382-B)

## ૨૩. મનોરંજન

**SHREENATH - બજેટથી**

પ્રાર્થનાસભા + લગ્નગીત + મામેરું + મહેંદી + એનિવર્સરી + ડાયરો. કિરણભાઈ - 9821795355. (બી-૧૬૬૩૪)

## ૨૩. મનોરંજન

**હાસ્ય ધમાકો**

**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્ન ગીત + ગેમ્સ. 9820464530. (૩૬૫-એ)**

**બજેટથી પ્રાર્થનાસભા**

લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન ડાયરો ANNIVERSARY. મનસુખભાઈ 9326801860, 8169552801. (૩૪૩-એફ)

**"પ્રાર્થના - 6500/-"**

"દાંડિયા", "સંગીતસંધ્યા", "લગ્નગીત","બર્થડે", "એનિવર્સરી", "ડીજે":- 9820889938. (૩૩૮/બી)

**'વિનોદ શાહ...'**

ભક્તિસભર ગીતોથી દિવંગત સ્વજનને શાંતિ પહોંચાડો... માતૃપિતૃ વંદના - પ્રાર્થનાસભા, દરેક ભાવયાત્રા (પ્રોજેક્ટર સ્ક્રીન સાથે) કરાવવા - 9821540500. (બી-૧૬૬૫૧)

## ૩૧. નાણાંકીય

■ **"(બેંકની-નોટિસનો)" રીપ્લાય સેટલમેન્ટ/ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૬૬૪૩)**

**FUNDING**

For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (365-E)

## ૩૨. જમીન - મિલકત

**દેવલાલી**

5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબજો સુરેશભાઈ - 9869170308. (બી-૧૬૫૮૦)

**રાજકોટની આજુબાજુ**

**ગામ - કાલાવડ રોડ, મોરબી રોડ, જામનગર રોડ નાના-મોટા, ખુલ્લા પ્લોટ, જમીન લેવા-વેચવા: 9082411822/ 9930730755. (૩૬૪-એ)**

**બંગલો વેચાણથી**

**'પાબળ' જિલ્લો પુનામાં, ગ્રાઉન્ડ + ૨ માળ, એરીયા ૫૩૩૫ સ્ક્વેરફીટ, મણીભદ્ર તિર્થસ્થાન મંદિર પાસે, સંપર્ક: 9820547686. (બી-૧૬૬૫૦)**

**PLOT FOR SALE**

Ghatkopar (West) 5 minutes walking distance from Metro. 10,400 sq. feet. Freehold Plot for Sale or JV. Clear Title. Very good for Ownership Project. Tentative Plan with Parking Prepared. M- 8591977078 / 8108119801. (SDB-2912)

## ૩૩. ધંધાદારી

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા / લંડન / ઓસ્ટ્રેલિયા / કેનેડા વગેરે દેશોમાં પાર્સલ મોકલવા. 9323766047/ 8451015519. (૩૫૮-એ)

**"પાણીની ટાંકીઓ"**

"મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ" "યોગી એન્ટરપ્રાઈઝ" 9820776583/ 9892298963. (૨૮૩-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**"સુદર્શન જ્યોતિષ"**

સમસ્યાઓનું સમાધાન, જન્માક્ષર ગ્રહકલેશ વ્યાપારમાં લાભ, સંતાનથી પરેશાની, શત્રુબાધા, લગ્નમાં રુકાવટ, સૌતન-ત્રાસ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9737117093 વિક્રોલી (ઈસ્ટ). (બી-૧૬૬૩૯)

**"શ્રીજી જ્યોતિષ"**

અશક્યને શક્ય કરનાર. સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૬૬૩૧)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૭૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૬૬૪૦)

**સ્પોક્સ વર્લ્ડવાઈડ**

એક્સપ્રેસ કુરિયર કંપની: અમેરિકા, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, દુબઈ, દિવાળી ફરાળ, કપડાં, હોમ ડિલિવરી સેવા પિકઅપ: 7738371832 (બી-૧૬૬૦૫)

**પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ જયપુર વચ્ચે સુપરફાસ્ટ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૪૮૨૬ | બાંદ્રા ટર્મિનસ – જોધપુર (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પે.) | ૨૩.૧૦.૨૦૨૫થી 30.૧૦.૨૦૨૫ | ૨૧.૨૦ ક. (ગુરુવાર) | ૨૧.૪૫ ક. (બીજા દિવસે) |
| ૦૪૮૨૫ | જોધપુર – બાંદ્રા ટર્મિનસ (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પે.) | ૨૨.૧૦.૨૦૨૫થી ૨૯.૧૦.૨૦૨૫ | ૧૭.30 ક. (બુધવાર) | ૧૮.૨૦ ક. (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરીવલી, વાપી, સૂરત, ભરૂચ, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, જયપુર, ફુલેરા, નવા સિટી, કુચામન સીટી, મકરાણા, દેગાણા, રેણ, મેત્રા રોડ અને ગોટન સ્ટેશનો બંને દિશામાં.

**સંરચનાઃ** AC 2 - ટિયર, AC 3 - ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

સમય, થોભવાના સ્થળ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૪૮૨૬ માટે બુકિંગ ૧૮.૧૦.૨૦૨૫થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : X.com/WesternRly
અમને ફોલો કરો : Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટીકીટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખો.


# બૅન્કિંગ અને ઑઈલ શૅરોની આગેવાનીએ ત્રીજા સત્રની આગેકૂચમાં સેન્સેક્સ ૪૮૪ પોઈન્ટ આગળ વધ્યો, નિફ્ટી બાવન સપ્તાહની ઊંચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક સકારાત્મક આર્થિક ડેટા, સારા કોર્પોરેટ પરિણામ અને એફઆઇઆઇની વેચવાલી અટકવાના આશાવાદ ઉપરાંત શોર્ટ કવરિંગને કારણે વચ્ચે સાર્વત્રિક લેવાલીનો માહોલ જામ્યો છે.

એફઆઇઆઇની શરૂ થયેલી ધીમી લેવાલી, યુએસ બોન્ડ યીલ્ડના ઘટાડા અને રૂપિયાની મજબૂતીથી નિફ્ટી બાવન અઠવાડિયાની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ઉત્સવના આશાવાદ અને ઘટતા જતા આઇપીઓ દબાણે પણ તેજીમાં ફાળો આપ્યો અને તેમાં શોર્ટ કવરિંગે ઉછાળાની ગતિને વધુ મજબૂત બનાવી છે.

સત્ર દરમિયાન ૭૦૪.૫૮ પૉઈંટ અથવા તો ૦.૮૪ ટકા ઉછળીને ૮૪,૧૭૨.૨૪ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાઇને અંતે સેન્સેક્સ ૪૮૪.૫૩ પોઇન્ટ અથવા તો ૦.૫૮ ટકાના સુધારા સાથે ૮૩,૯૫૨.૧૯ પોઇન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૧૨૪.૫૫ પોઇન્ટ અથવા તો ૦.૪૯ ટકાના સુધારા સાથે ૨૫,૭૦૯.૮૫ની સપાટીએ પહોંચ્યો છે. આ ઉછાળા છતાં, નિફ્ટી ઇન્ડેક્સ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પહોંચેલા ૨૬,૨૭૭ પોઇન્ટના તેના સર્વકાલીન ઉચ્ચ સ્તરથી લગભગ ૫૭૦ પોઈન્ટ અથવા બે ટકા નીચે રહે છે. નિફ્ટી બેંક ૫૭,૮૨૮.૩૦ના નવા સર્વકાલીન ઉચ્ચ સ્તર પર પહોંચ્યો છે. ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને એફએમસીજી શેરોમાં સારી મજબૂતી જોવા મળી છે. બેંકિંગ અને હેલ્થકેર શેરોમાં પણ હલચલ હતી, જ્યારે આઇટી અને મીડિયા શેરોમાં નબળાઈ રહી હતી. સેન્સેક્સના શેરોમાં એઇશયન પેઇન્ટ ૪.૧૮ ટકા ગબડ્યો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારતી એરટેલ, આઇટીસી, હિંદુસ્તાન યુનિલીવર, આઇસીઆઇસીઆઇ બેન્ક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો ટોપ ગેઇનરમાં સમાવેશ હતો. જ્યારે ઇન્ફોસિસ, એચસીએલ ટેકનોલોજી, ઇટર્નલ, ટેક મહિન્દ્રા અને ટાટા સ્ટીલ ટોપ લુઝરમાં સામેલ હતા. કોર્પોરેટ પરિણામમાં વિપ્રોનો કોન્સોલિડેટેડ નફો ૧.૨૦ ટકા વધીને રૂ. ૩,૨૪૬ કરોડ નોંધાયો છે, જે બજારની અપેક્ષા કરતા નબળો રહ્યો હોવાથી તેના શેરમાં પાંચેક ટકા ઘટાડો જોવાયો હતો. એ જ રીતે, ઝોમેટો પેરેન્ટ્સ ઇટર્નલના શેરમાં પણ ચારેક ટકા કડાકો જોવા મળ્યો હતો, આ કંપનીનો નફો ૬૩ ટકા ઘટીને રૂ. ૬૫ કરોડ નોંધાયો છે.

ઇન્ફોસિસે બીજા ક્વાર્ટરમાં ૧૩.૨ ટકાના વધારા સાથે રૂ. ૭,૩૬૪ કરોડના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફો નોંધાવ્યો છે. નેસ્લે ઇન્ડિયાનો બીજા ક્વાર્ટરનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો ૨૪ ટકા ઘટીને રૂ. ૭૫૩ કરોડ થયો છે. ઝી એન્ટરટેઈનમેન્ટનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૬૩ ટકા ઘટીને રૂ. ૭૬ કરોડ રહ્યો છે અને આવક બે ટકા ઘટી છે. ઇન્ડિયા ઓવરસીઝ બેન્કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫૮ ટકાના વધારા સાથે રૂ. ૧૨૨૬ કરોડનો નફો નોંધાવ્યો છે.

શુક્રવારે કેનેરા એચએસબીસી લાઇફ ઇન્સ્યોરન્સનો શેર તેના ઇશ્યૂભાવે જ લિસ્ટ થઇ પાછળથી પાંચેક ટકા ઊછળ્યો હતો. ગુરુવારે રુબીકોન રિસર્ચના શેર ૨૮ ટકાના મજબૂત પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા, જ્યારે એ જ દિવસે કેનેરા રોબેકો એએમસીના શેર પાંચ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. ડ્યુરોલેક્સે સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે.

કોનપ્લેક્સ સિનેમા લિમિટેડે વિસ્તરણના ભાગરૂપે ઓડિશાના જાજપુરમાં ૨૦૮ બેઠકો ધરાવતું ત્રણ સ્ક્રીન સિનેમા અને મહારાષ્ટ્રના સંગમનેરમાં ૨૬૮ બેઠકો ધરાવતું બે સ્ક્રીન સિનેમાની જાહેરાત કરી છે. આ ઉમેરા સાથે, કોનપ્લેક્સની ઓપરેશનલ ફૂટપ્રિન્ટ હવે પચ્ચીસ શહેર અને નવ રાજ્યોમાં ૩૩ પ્રોપર્ટીઝમાં ૮૮ સ્ક્રીનો પર પહોંચી ગઈ છે, જે દેશભરમાં કુલ ૭,૩૦૭ અલ્ટ્રા-કમ્ફર્ટ સીટ ઓફર કરે છે. થ્રીડી પ્રિન્ટિંગ ક્ષેત્રે અગ્રણી કંપની વલથ્રીડીએ ભારતનું સૌથી મોટું થ્રીડી પ્રિન્ટિંગ ફાર્મ બ્રહ્મા લોન્ચ કર્યું છે. આ ૨૦૦થી વધુ થ્રીડી પ્રિન્ટર્સના આયોજિત ઇન્સ્ટોલેશન સાથે ભારતનું સૌથી મોટું કન્ઝ્યુમર થ્રીડી પ્રિન્ટિંગ ફાર્મ એફડીએમ અને એસએલએ ટેક્નોલોજી, ડિઝાઇન સ્ટુડિયો, રેપીડ પ્રોટોટાઇપિંગ લેબ અને કસ્ટમર એક્સિપિરિઅન્સ ઝોન ધરાવતી સંપૂર્ણ સંકલિત સુવિધા છે.

બેંક શેરોમાં તેજીને કારણે પણ બેન્ચમાર્કને ટેકો મળ્યો છે. આઇસીઆઇસીઆઇ બેંક અને એચડીએફસી બેંકના નાણાકીય પરિણામ જાહેર થવા પહેલા બેંક શેરોમાં તેજી આગળ વધી હતી.

આઈસીઆઇસીઆઇ બેંકમાં ૦.૬૦ ટકા અને એચડીએફસી બેંકમાં ૦.૪૦ ટકાના વધારા સાથે નિફ્ટી બેંક ઇન્ડેક્સ ૦.૬૦ ટકા સુધી વધ્યો હતો. ઉક્ત બે બેન્ક ઉપરાંત પરિણામની જાહેરાત બાદ જો રિલાયન્સ પણ તેજીમાં જોડાય તો બજાર વધુ ગતિ જાળવી શકે છે. મજબૂત બેંક કમાણી મૂળભૂત ટેકો પૂરો પાડી શકે છે અને તે તહેવારોના સેન્ટિમેન્ટ અને મુહૂર્ત ટ્રેડિંગમાં તેજીના ઉત્સાહમાં વધારો કરી શકે છે.

# ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા નરમ

મુંબઈઃ અમેરિકા સાથેનાં વેપાર કરાર અંગેના તણાવ ઉપરાંત વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા તૂટીને ૮૮.૦૧ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામા ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૯૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૯૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૦૯ અને ઉપરમાં ૮૭.૭૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે પાંચ પૈસાના ઘટાડા સાથે ૮૮.૦૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૨ પૈસાનો સુધારો આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ભારતે બજારની સ્થિતિ અનુસાર ઉર્જાના સ્રોતનું અથવા તો ક્રૂડતેલની ખરીદી વિકેન્દ્રિત કરશે તેવું જણાવ્યાના એક કલાક બાદ ટ્રમ્પે દાવો કર્યો હતો કે નરેન્દ્ર મોદીએ મને રશિયાથી તેલની ખરીદી બંધ કરવાની બાંયધરી આપી છે. જોકે, ભારતના બાહ્ય બાબતોનાં ખાતાના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ સંદર્ભે ફોન પર થયેલી વાતચીતથી પોતે અજાણ હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે એનર્જીનાં ભાવમાં સ્થિરતા અને સલામત પુરવઠો અમારી એનર્જીની નીતિના મુખ્ય ધ્યેય છે આથી બજારની સ્થિતિ અનુસાર એજનર્જીનાં સ્રોતનું સુસંસગત વિકેન્દ્રિકરણ થઈ શકે છે.

## દેશ-વિદેશ

# ન્યૂ યોર્કના મેયરે દિવાળીની ઉજવણી કરી

ન્યૂ યોર્કઃ ન્યૂયોર્ક શહેરના મેયર એરિક એડમ્સે તેમના સત્તાવાર નિવાસસ્થાને દિવાળીની ઉજવણીનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં તેમણે ભારતીય સમુદાયના સભ્યોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમજ શહેરના સાંસ્કૃતિક અને આર્થિક માળખામાં સમુદાયના યોગદાનની પ્રશંસા પણ કરી હતી.

ભારતીય મિશને ગુરુવારે એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે ન્યૂ યોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ વત્તી ડેપ્યુટી કૉન્સલ જનરલ વિશાલ જે. હર્ષએ દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ પ્રકાશ, આશા અને આનંદના આ તહેવારના કાયમી સંદેશ વિશે વાત કરી હતી.

તેમાં જણાવાયું છે કે મેયરે ભારતીય સમુદાયનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને ન્યૂ યોર્કના સાંસ્કૃતિક અને આર્થિક જીવનમાં તેમના જીવંત યોગદાનની પ્રશંસા કરી હતી.

ન્યૂ યોર્કમાં દિવાળીની ઉજવણીમાં ગવર્નર કેથી હોચુલે પણ ભાગ લીધો હતો. તેઓ ક્વીન્સના ફલશિંગમાં બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં ભારતીય સમુદાય સાથે જોડાયા હતા.

# છત્તીસગઢમાં ૨૧૦ નકસલવાદી શરણે

દંડકારણ્ય : છત્તીસગઢમાં નક્સલ નાબૂદી અભિયાન તેજ કરવામાં આવ્યું છે. જેમાં સુરક્ષાદળો સતત વધતી કાર્યવાહીના પગલે દંડકારણ્ય વિસ્તારમાં ૨૧૦ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. જેમાં ૧૧૦ મહિલાઓનો સમાવેશ થાય છે. તેઓ સરકારની પુનર્વસન યોજનાનો લાભ મેળવી શકશે. જેના પગલે હવે અબુઝમાડનો મોટાભાગનો ભાગ નક્સલી પ્રભાવથી મુક્ત થશે. તેમજ ઉત્તર બસ્તરમાં લાલ આતંકનો મોટાભાગે અંત આવશે.

આ આત્મસમર્પણ દરમિયાન કુલ ૧૫૩ શસ્ત્રો પણ સોંપવામાં આવ્યા હતા. આ શસ્ત્રોમાં ૧૯ એકે-૪૭ રાઈફલ્સ, ૧૭ એસએલઆર રાઈફલ્સ, ૨૩ આઈએનએસએએસ રાઈફલ્સ, ૧ આઈએનએસએએસ એલએમજી, ૩૬. ૩૦૩ રાઈફલ્સ, ૪ કાર્બાઈન્સ, ૧૧ બીજીએલ લોન્ચર્સ, ૪૧૧૨-બોર/સિંગલ-શોટ ગન અને ૧ પિસ્તોલનો સમાવેશ થાય છે.

પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ દાવો કર્યો છે કે, આત્મ સમર્પણ બાદ ઉત્તર બસ્તરમાં નક્સલી પ્રવૃતિ સમાપ્ત થશે.

# વૈશ્વિક સોનાએ ૪૩૦૦ ડૉલરની સપાટી કુદાવી અને ચાંદી ૫૪ ડૉલર પર પહોંચી

# સ્થાનિકમાં સોનું ₹ ૨૧૧૩ ઝળક્યું, ચાંદી ₹ ૧૧૪૭ વધી

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય અને આર્થિક અનિશ્ચિતતાના માહોલ ઉપરાંત અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૪૩૭૮ ડૉલર સુધી પહોંચ્યા બાદ ઘટીને ૪૩૩૨.૧૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સાપ્તાહિક ધોરણે અત્યાર સુધીમાં ગત સપ્ટેમ્બર, ૨૦૦૮ પછીનો સૌથી મોટો આઠ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો અને હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૪ ડૉલરની સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીમાં સાપ્તાહિક ધોરણે ૭.૪ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો છે. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૦૪થી ૨૧૧૩નો ઉછાળો આવ્યો હતો અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૧૪૭ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૪૭ વધીને રૂ.૧,૬૯,૨૩૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહી હતી અને જ્વેલરી ઉત્પાદકોની આગામી ધનતેરસ અને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને છૂટીછવાઈ માગ રહી હતી. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આયાત પડતરો પણ વધી આવતા હાજરમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૦૪ વધીને રૂ. ૧,૨૯,૦૬૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૧૧૩ વધીને રૂ. ૧,૨૯,૫૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, હવે બજાર વર્તુળોની નજર ધનતેરસ અને દિવાળીના તહેવારોમાં રિટેલ સ્તરની માગ કેવી રહે છે તેના પર સ્થિર થઈ છે.

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ અને ભૂરાજકીય તણાવ ઉપરાંત અમેરિકી ગવર્મેન્ટ શટડાઉનની સ્થિતિમાં અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષની શેષ બન્ને બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવા આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૪૩૭૮.૬૯ ડૉલર સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ૪૩૩૨.૧૭ ડૉલર આસપાસ તથા ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ એક ટકા ઉછળીને ઔંસદીઠ ૪૩૪૫.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# નેટ પર ચાલતા જુગારને બંધ કરાવવા વિશે વિચારણા મહત્ત્વનીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ઇ-સ્પોર્ટ્સ અને સોશ્યલ ગેમ્સનાં બહાનાં હેઠળ ચાલતા ઓનલાઇન જુગાર અને સટ્ટા (બૅટિંગ)ને બંધ કરાવવાની દાદ ચાહતી અરજીને શુક્રવારે 'મહત્ત્વની બાબત' ગણાવી હતી.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ કે. વી. વિશ્વનાથનની બૅન્ચે અરજદારોના વકીલને અરજીની નકલ સરકારી વકીલને આપવાની સૂચના આપી હતી.

બૅન્ચે અરજદારોના વકીલ વિરાગ ગુપ્તાને જણાવ્યું હતું કે આ એક મહત્ત્વની બાબત છે. તમે સરકારી વકીલને અરજીની એક નકલ આપજો. સરકારી વકીલને તેનો અભ્યાસ કરવા દો. સરકારી વકીલને આગામી સુનાવણી વખતે બોલાવીશું.

બૅન્ચે સરકારી વકીલને આ અરજીનો અભ્યાસ કરીને કેસની સુનાવણીની આગામી તારીખે અદાલતમાં હાજર થવાની સૂચના આપી હતી.

સેન્ટર ફોર અકાઉન્ટબિલિટી ઍન્ડ સિસ્ટમિક ચેન્જ અને શૌર્ય તિવારીએ ઇ-સ્પોર્ટ્સ અને સોશ્યલ ગેમ્સનાં બહાનાં હેઠળ ચાલતા ઓનલાઇન જુગાર અને સટ્ટા (બૅટિંગ)ને બંધ કરાવવાની દાદ ચાહતી અરજીમાં દલીલ કરી હતી કે ઓનલાઇન જુગારથી દેશભરમાં સામાજિક અને આર્થિક હિતને નુકસાન થાય છે. (એજન્સી)

# લેહમાં થયેલી હિંસાની તપાસ કરશે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે ૨૪ સપ્ટેમ્બરના રોજ લેહમાં થયેલી હિંસાની તપાસ માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ બી.એસ. ચૌહાણની નિમણૂક કરી છે. આ તપાસનો હેતુ એ નક્કી કરવાનો છે કે તે દિવસે કાયદો અને વ્યવસ્થાની ગંભીર સ્થિતિ શા માટે ઊભી થઈ હતી. પોલીસે કેવી કાર્યવાહી કરી અને ઘટના દરમિયાન ચાર લોકોના મોત કેવી રીતે થયા. સરકારી નિવેદન અનુસાર, ૨૪ સપ્ટેમ્બરના રોજ લેહ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની ગંભીર સ્થિતિ ઊભી થઈ જેના પરિણામે પોલીસ કાર્યવાહી થઈ અને ચાર લોકોનાં મોત થયા હતા. .

મંત્રાલયે જણાવ્યું હતું કે, ''નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવા માટે ગૃહ મંત્રાલયે આજે ન્યાયિક તપાસની જાહેરાત કરી છે. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ ડો. બી.એસ. ચૌહાણ તપાસ કરશે. આ તપાસ ગંભીર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, પોલીસ કાર્યવાહી અને ચાર વ્યક્તિઓના કમનસીબ મૃત્યુ પાછળના કારણોની તપાસ કરશે.''

સરકારે એમ પણ કહ્યું હતું કે તે ગમે ત્યારે વાતચીત માટે તૈયાર છે અને ઉચ્ચ સ્તરીય સમિતિ અથવા અન્ય પ્લેટફોર્મના માધ્યમથી એપેક્સ બોડી લેહ (એબીએલ) અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (કેડીએ) સાથે વધુ ચર્ચાઓનું સ્વાગત કરવાનું ચાલુ રાખશે. સરકારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સતત વાતચીતથી ટૂંક સમયમાં સકારાત્મક પરિણામો મળશે અને તે લેહના લોકોની આકાંક્ષાઓ પ્રત્યે પ્રતિબદ્ધ રહેશે.

એક રિપોર્ટ અનુસાર, ૨૪ સપ્ટેમ્બરના રોજ સુરક્ષા દળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી. પ્રદર્શનકારીઓએ લેહને રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિ હેઠળ વિશેષ દરજ્જાની માંગણી કરી હતી. હિંસામાં ચાર લોકો માર્યા ગયા હતા અને આશરે ૯૦ લોકો ઘાયલ થયા હતા. બે દિવસ પછી પોલીસે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (એનએસએ) હેઠળ પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકની ધરપકડ કરી અને હિંસા ભડકાવવાનો આરોપ લગાવીને જોધપુર જેલમાં મોકલી દીધા હતા.


**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

W/૬૨૩/૫/૧/NIT તારીખઃ ૧૩.૧૦.૨૦૨૫

**ઈ–ટેન્ડરીંગ નોટિસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છેઃ-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | રૂ.માં બારડી | પૂર્ણતાની મુદત |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૧૨૮ | ૧૮,૮૯,૪૨,૦૯૯.૨૮ | ૧૦,૯૪,૭૦૦/- | ૨૪ મહિના |
| | રતલામઃ PF નં. ૪ (કોમન લૂપ લાઈન), PF નં. ૫ (કોમન લૂપ લાઈન) અને PF નં. ૬ (કોમન લૂપ લાઈન) પર બેલાસ્ટ લેસ ટ્રેકની જોગવાઈ. કામનો સમાન પ્રકારઃ કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક. | | | |
| ૨ | RTM-૨૦૨૫-૨૬-૧૩૦ | ૧,૨૫,૬૯,૬૦૩.૮૬ | ૨,૧૨,૯૦૦/- | ૧૨ મહિના |
| | નાગદાઃ NAGDA સ્ટેશન ખાતે સુવિધા રેલવે સ્ટાફના કોમ્યુનિટી હોલની જોગવાઈ. કામનો સમાન પ્રકારઃ કોઈપણ બિલ્ડિંગ વર્કનું બાંધકામ. | | | |

અંદાજિત જથ્થોઃ ટેન્ડર શેડ્યૂલ મુજબ. ક્ર. નં. ૧. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૦૯.૧૦.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખઃ ૦૩.૧૧.૨૦૨૫. ક્ર. નં. ૨. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૧૦.૧૦.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખઃ ૦૬.૧૧.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટિસ, પાત્રતા માપદંડ, નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in ઉપર ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (W/A), રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

SPAN/5/1/293

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ X.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)
નં. E.E. મિકે./EI/૪૬૫૬/ મેઈન્ટ તા. ૧૬.૧૦.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન હેઠળ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ/B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_૧૨૩૦૬૪૯_૧ | મ્યુનિસિપલ વર્કશોપ, ભાયખલામાં E.E. મિકે. (REF). વિભાગ ખાતે વિવિધ આવશ્યક કામ. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ)ની મુલાકાત લો.

સહી/-
E.E. મિકે.(EI) મેઈન્ટ

PRO/1972/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો

**પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટિસ**

ટેન્ડર નોટિસ નં. M247GTESTBENCH252625, તારીખઃ ૧૪.૧૦.૨૦૨૫. કામનું નામઃ દાહોદ વર્કશોપ ખાતે વિવિધ ટેસ્ટ બેન્ચીસની ડિઝાઈન, સપ્લાય, ટેસ્ટિંગ અને કમિશનિંગ. સ્થળઃ CWM/ દાહોદ પશ્ચિમ રેલવેની ઓફિસ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૧,૩૭,૧૨,૮૩૨/-. બીડ સુરક્ષાઃ રૂ. ૨,૧૮,૬૦૦/-. ઈ-ટેન્ડરની સુપ્રતિ અને ખોલવાની તારીખ અને સમયઃ ઈ-ટેન્ડરની સુપ્રતિ ૦૬.૧૧.૨૦૨૫ના ૧૪.૩૦ ક. સુધી અને તેજ દિવસે ૧૫.૦૦ ક. ઈ-ટેન્ડર ખૂલશે. ટેન્ડર નોટિસ અને દસ્તાવેજો ઉપલબ્ધઃ www.ireps.gov.in / E-Tenders/Works / IR Electrical.

Dy. CPM (ઈલેક્ટ્ર.), દાહોદ (પશ્ચિમ રેલવે)

SPAN/17/1/296

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - રતલામ**

**સુધારો**

ટેન્ડર નં. RTM-૨૦૨૫-૨૬-૧૨૫ (ઓપન ટેન્ડર) બંધ થવાની તારીખ/સમયઃ ૨૭/૧૦/૨૦૨૫ ૧૫.૦૦. શરતોના પ્રકારઃ સ્પેશિયલ ટેકનિકલ માપદંડ. વર્ણનઃ ૨૦ કરોડથી વધુ કિંમતના જાહેરાત કરાયેલા ટેન્ડરો માટે, જેમાં પાત્રતા માપદંડમાં બિડ ક્ષમતાનો પણ સમાવેશ થાય છે, ટેન્ડરર ફક્ત ત્યારે જ લાયક ગણાશે જો તેની ઉપલબ્ધ બિડ ક્ષમતા વર્તમાન ટેન્ડરના કુલ બિડ મૂલ્ય જેટલી અથવા તેનાથી વધુ હોય. GCC એપ્રિલ ૨૦૨૨ની પરિશિષ્ટ VI અને એડવાન્સ કરેકશન સ્લિપ નં. ૧ (રેલવે બોર્ડ લેટર નં. ૨૦૨૨/CE-I/CT/GCC-૨૦૨૨/ પોલિસી તારીખ ૧૪.૦૭.૨૦૨૨) પુષ્ટિકરણ જરૂરીઃ નહીં. રિમાર્કસ મંજૂરઃ નહીં. ડોક્યૂ. અપલોડઃ મંજૂર છે. (ફરજિયાત)

Sr. ડીવીજનલ એન્જિનિયર (co) પશ્ચિમ રેલવે, રતલામ

SNP-290

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, H/પશ્ચિમ વોર્ડ)
નં. AE/SWM/HW/૧૫૬૭/GEN તા. ૧૬.૧૦.૨૦૨૫

**હિતની અભિવ્યક્તિ જાહેરાત**

આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) H/પશ્ચિમએ તમારા પાત્રતા ''સ્વચ્છતા મુંબઈ પ્રબોધન અભિયાન સ્કીમ''ના કામ માટે H/પશ્ચિમ વોર્ડના અધિકારક્ષેત્રમાં કો-ઓપરેટીવ સોસાયટી, સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટીઝ, વગેરે તરીકે નોંધાયેલ વિવિધ સંસ્થાઓ પાસેથી EOI મંગાવે છે. આ એકમોની પસંદગી લોટરી ડ્રો સિસ્ટમ મુજબ કરવામાં આવશે. સદર નોંધાયેલ સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે, જેના માટે લાયક અરજદારોની લોટરી ડ્રો સિસ્ટમ પછી પસંદગી કરવામાં આવશે.

સદર કામ માટેનું અરજી ફોર્મ ૧૮.૧૦.૨૦૨૫થી ૨૮.૧૦.૨૦૨૫ સુધી (જાહેર અને સાપ્તાહિક રજાઓ સિવાય) સ. ૧૦.૩૦થી બ. ૦૨.૦૦ કલાક વચ્ચે રોકડમાં રૂ. ૧૪૫૨/- + ૧૮% GST (રિફંડપાત્ર નથી)ના રકમની ચૂકવણી કરયા પછી AE (SWM) H/W વોર્ડ b/wની ઓફિસમાં ઉપલબ્ધ રહેશે. પાત્રતા અરજદારોની લોટરીનું તમારું ડ્રોઈંગ સદર સ્કીમના T&C મુજબ માનનીય ACH/W વોર્ડ દ્વારા સફળ ડ્રો કરનારાઓને કામ સોંપવામાં આવશે.

PQC અરજી ફોર્મ અને અંડરટેકિંગ ફોર્મેટ વિશે વિગતવાર માહિતી માટે, રસ ધરાવતી સંસ્થાઓ/અરજદારો (SWM) ઓફિસ, H/W વોર્ડને સંપર્ક કરી શકે છે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ અને સમય ૨૮.૧૦.૨૦૨૫ (સાં. ૦૪.૦૦ કલાક સુધી) છે.

મહેરબાની કરીને નોંધ કરો કે અંતિમ તારીખ પછી સુપ્રત કરેલ અરજી ફોર્મ આગળની પ્રક્રિયા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર ((S.W.M.)Z-III (i/c)

PRO/1965/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નંબર | ૨૦૨૫_MCGM_૧૨૩૧૮૫૪_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | એન્જિનિયરિંગ હબ વરલી ખાતે ત્રણ વર્ષની વોરંટી અને બેટરી બેકપ સાથે ૧૨૦ kW(3*૪૦kW) UPSની જૂની UPS અને SITCની બદલીનું કામ માટે ઈ-ટેન્ડર |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | આઈટમ રેટ ટેન્ડર |
| ટેન્ડર ફી | રૂ. ૮૫૬૭/- (૭૨૬૦/- + ૧૮% GST) |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂ. ૪૭,૦૦૦.૦૦ |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની તારીખ (પ્રારંભ તારીખ) | ૧૮.૧૦.૨૦૨૫ ૦૯.૦૦ કલાકે |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૦૧.૧૧.૨૦૨૫ ૧૬.૦૦ કલાકે |
| પેકેટ A, B & પેકેટ C ખૂલશે (ઓનલાઈન) | ૦૧.૧૧.૨૦૨૫ ૧૬.૦૦ કલાકે |
| ટેક્નિકલ પેકેટ A & B ખૂલશે | ૦૩.૧૧.૨૦૨૫ ૧૬.૦૦ ક. |
| કોમર્શિયલ પેકેટ ખૂલશે | ૦૭.૧૧.૨૦૨૫ ૧૩.૦૦ ક. |
| સંચાર માટેનું સરનામું | એક્ષિક્યૂટિવ એન્જિનિયર (HQ) ગ્રાઉન્ડ ફ્લોર, BMC મેઈન બિલ્ડિંગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ની ઓફિસ. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | એક્ષિક્યૂટિવ એન્જિનિયર (HQ) ગ્રાઉન્ડ ફ્લોર, BMC મેઈન બિલ્ડિંગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ની ઓફિસમાં ઓનલાઈન. |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફર પાત્ર નથી.**

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
એક્ષિક્યૂટિવ એન્જિનિયર (HQ)

PRO/1979/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# મુંબઈ @ ૩૭ ડિગ્રી સમગ્ર રાજ્યમાં મુંબઈ સૌથી ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરા હાલ વિચિત્ર વાતાવરણનો અનુભવ કરી રહ્યા છે. દિવસના ગરમી અને ઉકળાટ તો મોડી રાતના વાતાવરણમાં ઠંડક જણાઈ રહી છે. એ દરમ્યાન શુક્રવારે મુંબઈમાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયો હતો, જે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન રહ્યું હતું. શુક્રવારના નોંધાયેલું ૩૭ ડિગ્રી તાપમાન ઑક્ટોબર મહિનામાં છેલ્લા સાત વર્ષમાં નોંધાયેલું બીજું સૌથી ઊંચુ તાપમાન હતું. આ અગાઉ ૨૦૧૯ની સાલમાં ૨૨ ઑક્ટોબરના ૩૭.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

મુંબઈમાં ચોમાસાની વિદાય સાથે જ મુંબઈગરા ઑક્ટોબર હીટનો આકરો અનુભવ કરી રહ્યા છે. દિવસ દરમ્યાન ગરમી અને મોડી રાતના ઠંડક વચ્ચે ગુરુવારે સાંજે અચાનક વીજળીના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડયો હતો. આ દરમ્યાન શુક્રવારે દિવસના ભારે ગરમી અને ઉકળાટ સાથે સાંતાક્રુઝમાં ૩૭

(જુઓ પાનું ૪) ▸▸

# ‘ડિજિટલ અરેસ્ટ’ કરીને ૭૦ લાખ પડાવ્યા: ગુજરાતથી છની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એટીએસ કન્ટ્રોલ, દિલ્હી તેમ જ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીના અધિકારીના સ્વાંગમાં વેપારીને ‘ડિજિટલ અરેસ્ટ’ હેઠળ રાખીને ૭૦ લાખ રૂપિયાની ઠગાઇ આચરવાના કેસમાં આરએકે (રફી અહમદ કિડવાઇ) માર્ગ પોલીસે ગુજરાતથી છ જણની ધરપકડ કરી હતી. આરોપીઓએ ગયા મહિને પનવેલના વૃદ્ધને તેનું નામ પહેલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓ પાસે મળેલી ચિઠ્ઠીમાં હોવાનું જણાવીને અને તેને ડિજિટલ અરેસ્ટ કરીને ૪૦ લાખ રૂપિયા પડાવવાનો પ્રયાસ કર્યો હતો, એમ પોલીસ

(જુઓ પાનું ૪) ▸▸

## ૫૮ કરોડનો કેસ: વધુ ચારની ધરપકડ

મુંબઈ: ‘મની લોન્ડરિંગ’માં સંડોવણી હોવાનું જણાવીને ૭૨ વર્ષના વેપારી અને તેમની પત્નીને ડિજિટલ અરેસ્ટમાં રાખી ૫૮.૧૩ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં મહારાષ્ટ્ર સાયબર પોલીસે વધુ ચાર આરોપીની ધરપકડ કરી હતી. ડિજિટલ અરેસ્ટના અત્યાર સુધીમાં દાખલ કેસોમાં આ ગુનામાં નોંધાયેલો ૫૮ કરોડનો આંકડો સૌથી મોટો હોઇ આરોપીઓએ ૧૩ લેયરમાં વિતરીત ૬,૫૦૦થી વધુ ‘મ્યૂલ’ અકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો, જે શેલ કંપનીઓના નામે ખોલાયાં હતાં. આ નાણાંનું બાદમાં મની લોન્ડરિંગ કરાતું હતું.

સાયબર પોલીસે ધરપકડ કરેલા ચાર આરોપીની ઓળખ શેખ શાહીદ અબ્દુલ સલામ (૧૯), ઝફર અકબર સૈયદ (૩૩), ઇમરાન ઇસ્માઇલ શેખ (૨૨) અને મોહંમદ નાવેદ શેખ (૨૬) તરીકે થઇ હતી. અગાઉ આ

(જુઓ પાનું ૪) ▸▸

# મ્હાડાનો માસ્ટરપ્લાન હવે આર્થિક રાજધાની મુંબઈ બનશે વોટરફ્રન્ટ કેપિટલ

મુંબઈ: મુંબઈ દેશની આર્થિક રાજધાની તો છે જ અને સાથે માયાનગરી પણ છે. આજે પણ મુંબઈ સૌના આકર્ષણનું કેન્દ્ર છે. મુંબઈ આવતા પર્યટકો માટે શહેરોનો દરિયાકિનારો મનગમતું સ્થળ છે જ, પણ મુંબઈગરાઓનું ફેવરિટ ડેસ્ટિનેશન પણ આ જ છે. હવે આ દરિયાકિનારે જ વોટરફ્રન્ટ બનાવવાની કવાયત મહારાષ્ટ્ર એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) હાથ ધરી રહ્યું છે.

મ્હાડા બાન્દ્રા રિક્લેમેશન નજીકની આશરે ૧૪૦ એકર જમીનને મ્હાડા દ્વારા વોટરફ્રન્ટ તરીકે વિકસાવવાની યોજના બનાવી રહી છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને ‘બાન્દ્રા બે’ નામ આપવામાં આવ્યું છે.

એક અહેવાલ અનુસાર મુજબ બાન્દ્રા બે વિસ્તારમાં આશરે ૮ મિલિયન ચોરસ ફૂટ પ્રીમિયમ રહેણાક અને છૂટક જગ્યા વિકસાવવામાં આવશે. કોસ્ટલ રોડ, બાન્દ્રા-વરલી સી લિંક, બુલેટ ટ્રેન, બીકેસી અને

(જુઓ પાનું ૪) ▸▸

# હિન્દુ છોકરીઓએ જિમમાં ન જવું, યોગ કરો: ભાજપના વિધાનસભ્ય

## જિમમાં છોકરીઓને ફસાવવાનું ષડયંત્ર ચાલી રહ્યું હોવાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હિન્દુ યુવતીઓને કોલેજમાં ન જવાની અપીલ કરતાં ભાજપના વિધાનસભ્યે કહ્યું હતું કે આવા જિમમાં ટ્રેનર કોણ છે તેની ખબર હોતી નથી એના કરતાં ઘરમાં યોગાસનો કરો, કેમ કે આવા જિમમાં હિન્દુ યુવતીઓ ખાસ કરીને કોલેજિયનોને ફસાવવાનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે.

બીડ જિલ્લામાં એક સભાને સંબોધતા, ભાજપના વિધાનસભ્ય ગોપીનાથ પડળકરે કોઈનું નામ લીધા વિના દાવો કર્યો કે તેઓ (જે દેખીતી રીતે બીજા સમુદાયના સભ્યોનો ઉલ્લેખ છે) મહિલાઓને લલચાવી રહ્યા છે.

‘હિન્દુ છોકરીઓને મારી વિનંતી છે કે જ્યાં તમને ખબર નથી કે ટ્રેનર કોણ છે તેવા જિમમાં ન જાઓ. ઘરે યોગ કરો તો સારું. તમને ખબર નથી કે આ ષડયંત્ર કેટલું મોટું

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

